
કુમાર



અંક ૬૬

જેઠ ઉગતી પ્રજાનું માસિક '૮૫



કુમાર
જેઠ ૧૯૮૫
અંક ૬૬

તંત્રી રવિશંકર રાવળ: **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



દિવાસ્વપ્ન

ચિત્રકારઃ કનુ દેસાઇ

(સર ચિનુભાઇના સંગ્રહમાંથી)

જેઠ'૯૫ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર

જેઠ
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

પ્રાર્થના

(પૃથ્વી)

ભલે સ્ખલન-પૂર્વ-નાં સ્મરણથી સદા યે બળું,
પરંતુ નહિ તે ભુલી મદપ્રવિષ્ટ થાવા ચહું;
સદા ય નિજ દોષ કાજ અનુતાપવાળા પરે
વહે તુજ દયા વિભો! ફિકર શી પછી છે મને?

હરિહર ભટ્ટ





આજે અસંખ્ય વિદ્યાર્થીઓ શાળાઓ, અને કૉલેજોમાં કેળવણી લઇ રહ્યા છે; પણ તેમાંથી કેટલા જણ, એ કેળવણી પાછળ પોતાનાં માબાપ કે વાલીઓને જે ખર્ચ થાય છે તેની ગણતરી કરી શકતા હશે? એક વિદ્યાર્થી અભ્યાસ પુરો કરીને રળતો ગૃહસ્થ બને છે તે પહેલાં તેના ઉપર તેના વડીલોએ શો ભોગ આપ્યો હોય છે તે એ ન સમજી શકે તો તેની કેળવણી લાજે; એટલું જ નહિ પણ લીધેલી કેળવણીનું ફળ તેને માટે આપેલા મૂલ્યના પ્રમાણમાં આવે નહિ તો તે નાલાયક ઠરે છે. કેળવણીનું ફળ માત્ર કમાણીથી જ અંકાતું નથી; પણ કેળવણી પામેલો માણસ પોતાના કુટુંબને, ગામને કે દેશને કેટલો ઉપયોગી થઇ પડે છે તે પરથી સમજી શકાય છે. તો ય રંક સ્થિતિમાં ઘેંશરાબ ખાઇને પોતાના પુત્રને કેળવણી આપી રહેલાં માબાપ પુત્રને પોતાની વૃદ્ધાવસ્થાનો ટેકો માની આશા ધરે તો તેમાં તેમની ભુલ ગણાય નહિ.

સાધારણમાં સાધારણ સ્થિતિમા રહીને પણ આજે એક વિદ્યાર્થી બાળ વર્ગથી માંડીને મૅટ્રિક સુધી પહોંચે છે ત્યાં સુધી સહજે આશરે ત્રણ હજાર રૂપિયાનું ખર્ચ તેના માબાપને માથે ચડે છે; અને પછી કોઈપણ કૉલેજ મારફત ગ્રૅજ્યુએટ થાય તો વધારાના બેથી ત્રણ હજાર રૂપિયાનું બીજું ખર્ચ થયા વિના રહેતું નથી. પરીક્ષામાં નિષ્ફળતા, બીમારી, પ્રવાસો અને કપડાં વગેરેનાં ખર્ચોના પ્રમાણમાં એ રકમ વધવાની; પણ એમાંથી ઓછું થવાની ભાગ્યે જ આશા છે.

છતા કોઇ નક્કી આશા પર અવલંબીને હજારો માબાપો પોતાનાં બાળકો માટે આ ભારે ખર્ચ વહોરે છે અને પુરો ભરે છે. એટલી મોટી રકમ પોતાની આવકમાંથી ફાજલ પાડવાને તેમને શી કરકસર, ચિંતા ને વધારાનું વેતરૂં કરવું પડતું હશે તે તો તેમનું મન જ જાણતું હશે.

અને તો યે, શિક્ષણના નિયામકો તથા યૂનિવર્સિટીના ચાલકો નિષ્ઠુરપણે તેમની ફીઓ અને ચોપડીઓનાં ખર્ચનો બોજો વધારતા જ રહે છે, ત્યારે સહૃદયતા કંપ્યા વિના રહેતી નથી. એ ખર્ચ અને એ ભોગની પાછળ વિદ્યાર્થીને જીંદગીની કંઇ ચોક્કસ આશાઓ હોય, નિર્વાહના અચુક માર્ગો ઉઘડતાં હોય તો તો એ ખર્ચ લેનારાઓ માટે કંઇકે બચાવ છે, પરંતુ જ્યારે ગ્રૅજ્યુએટ થએલા જુવાનોને હતાશ વદને નોકરી માટે ફાંફાં મારતા જોઇએ છીએ ત્યારે તો કેળવણીની ઘેલછાને વશ થએલાં માબાપોની સ્થિતિ માટે દયાનો જ પોકાર છુટે છે.

હજારો રૂપિયાના ખર્ચોથી ચાલતી કૉલેજો થોડાં વરસ સુધી બંધ રહે તો જ આ ઘેલછા મટે એવું દેખાય છે. એક લાકડીએ હંકાતાં ઘેટાંની માફક હજારો ગ્રૅજ્યુએટોનાં બીબાં પાડતી આ વિકરાળ યૂનિવર્સિટીએ આજ સુધી કરોડોનાં ખર્ચ કર્યાં, કંકનાં હાડલોહી ચુસી લીધાં અને મિથ્યા લાલચો પાછળ કંકને પોતાના ધંધારોજગારથી વિમુખ કર્યાં; પરદેશના વિદ્વાનોને તર કર્યા, પરદેશનાં સામાન અને રાચરચીલાં આ દેશમાં પેસાડ્યાં, વિદ્યાર્થીઓને પરદેશી નકલના ખર્ચાળ જીવનના પાશમાં ફસાવી દેશમાં ખોટી ગૃહસ્થાઇનો વર્ગ ઉભો કર્યો. આ બધું નરી આંખે દેખાતું છતાં દેશના વિદ્વાનો ને કેળવણીકારો જરાપણ કંપતા નથી એ નવાઇ છે ઉલટા તેઓ યૂનિવર્સિટીની તરફદારી કરીને એ કતલ વધુ ચાલે એવા જ માર્ગો ઘડી રહ્યા છે.

યૂનિવર્સિટીના નકલી અભ્યાસક્રમે આ દેશમાં નથી મૌલિકતા પ્રગટાવી, નથી સર્જકો આપ્યા, નથી કાર્યકરો કે રસાયનીઓ પેદા કર્યા, નથી શોધકો કે

રાહ ન જુઓ

રાહ ન જુઓ કે 'બીજો કરશે ત્યારે હું કરીશ.' બીજો કરશે જ નહિ તો પછી તમે ક્યારે કરશો?

'બીજાને હજી વાર છે; એટલામાં તો હું કરી નાખીશ.' એમ પણ રાહ ન જુઓ. બીજાની વાર ખુટશે જ નહિ, તો પછી તમે ક્યારે કરી નાખશો?

'બીજો આવે પછી ચાલીએ.' પણ બીજાને આવવું જ નથી. પછી તમે ક્યારે ચાલશો?

'બીજો જમે પછી જમીએ.' પણ બીજાને ભૂખ જ નથી ત્યાં પછી તમે ક્યારે જમશો?

રાહ ન જુઓ. તમારે કરવું છે તે તમારે કરવું જ હોય તો કોની રાહ જુઓ છો?

રાહ જોવી એ બહાનું છે.

રાહ જોવી એમાં આળસ પણ છે.

રાહ જોવી એમાં બચી જવાનું મન પણ છે. (દ. મૂ. દૈનિક)

૬૨ મિનિટે



૧૧૮ મણ ચોખા

૬૫ મણ ઘઉં


૫૦ મણ મસુરની દાળ

૫૦ મણ અડદની દાળ

૬૦ મણ મગફળી

હિંદમાંથી પરદેશ ચડે છે!

પ્રબોધકો પ્રચાર્યો. દેશની વિદ્યાઓ, રોજગારો, હુન્નરો ને કળાવિજ્ઞાનને રક્ષણ નથી મળ્યું; ઉલટું તેનો સદા યે ઈનકાર થતો આવ્યો છે. યૂનિવર્સિટીએ ગામડાં અને શહેરને જુદાં પાડ્યાં છે, વિદ્વાનોને અને શિક્ષકોને પોતાની બાંહેધરીમાં રાખી તેમને જનતા પ્રત્યેની સીધી જવાબદારીમાંથી ફીટાડી દીધા છે.




અને પછી યૂનિવર્સિટીએ બનાવેલો એ ગૃહસ્થ પોતાનાં બાળક માટે બીજી કેળવણીની કલ્પના પણ કરી શકતો નથી. જર્મની, અમેરિકા કે જપાનમાં સિદ્ધ નીવડેલી કેળવણીની પ્રથાઓની દલીલો પણ તેના મગજમાં ઉતરતી નથી. આ બધામાં વિદ્યાર્થીનો તો, પોતાની દષ્ટિ ઉઘડે નહિ ત્યાં સુધી માબાપ અને શાળાના સકંજામાં પોતાનું હીર બાળ્યે જ છુટકો થાય છે. અને જે દિવસે એ પોતાની હાલત જોઇ શકે છે તે વખતે તો સ્વગત શિક્ષણ મેળવવાની તેનામાં આવ રહી હોતી નથી.

જે સુભાગી વિદ્યાર્થીને પોતાના જીવનક્રમના સંકલ્પ સુઝે તેણે બહુ વહેલાંથી તે બાબતમાં રસ લઇને તથા તેને લગતી માહીતીઓ મેળવીને તૈયારી જ કરવા માંડવી જોઇએ ને પોતાના ભાવી જીવનની પ્રાથમિક તૈયારી શાળા છોડતાં પહેલાં કરી નાખવી જોઇએ. આમાં માબાપ કે શિક્ષક તેને જરા યે મદદગાર નહિ થઇ શકે. પોતાના પ્રિય વિષય માટે કે ધંધા માટે તેણે જાતે જ શિક્ષકો શોધી લઇ ગમે તે શરતે પણ તેમની પાસેથી વિદ્યા કે જ્ઞાન મેળવવા મથવું જોઇશે.

આદર્શ શિક્ષણ તે જ હોઇ શકે, જેમાં વિદ્યાર્થી પોતે જ પોતાનો ક્રમ નક્કી કરે અને પોતે જ પોતાના ગુરુ શોધી લે. આપણે એક એવા યુગની સત્વર આશા રાખીએ તેમાં શિક્ષકો શાળા ચલાવતા ન હોય, પણ વિદ્યાર્થીમંડળો જ પોતાના ખરના શિક્ષકોને આમંત્રણ કરી શાળા નિભાવતા હોય. આજે પણ ઘણી શાળાઓ અને કૉલેજોનો બોજો વિદ્યાર્થીઓ જ ખમે છે, છતાં ત્યાં માલિકી વિદ્યાર્થીઓની નથી હોતી. વિદ્યાર્થીઓમાં સંગઠન શક્તિ અને વ્યવહારજ્ઞાન આવી જાય તો દેશની કોઇપણ કેળવણીની સંસ્થા તેમના ભોગે અપવ્યય કે ગેરવહીવટ કરી શકે નહિ અને તેમની ખાતર વપરાતાં નાણાં પર ખોટો હક્ક ચલાવી શકે નહિ.

એવી જ શાળાનો વિદ્યાર્થી જીવનમાં પણ વિજયની ચાવીઓ પ્રાપ્ત કરી શકશે.

પરસ્પર મિલન વખતે માણસો વચ્ચે કોઇ પણ જાતનો સભ્યતાનો ભાવ દર્શાવતો વ્યવહાર ન હોય તો પ્રાણમાં એક જાતની અકડતા આવી જવાનો સંભવ નથી? ભેટ, નમસ્કાર, સલામ, હાથમેળ અથવા માત્ર દૃષ્ટિસંકેત યા માથું પણ હલે છે ત્યારે પ્રાણને એક જાતની ગતિ મળે છે અને મનુષ્યની વચ્ચે એક જાતની સરળતાની અદૃશ્ય રેખા બંધાય છે એમ નથી લાગતું? માણસો સભ્યતા અને સન્માન બતાવવાના પ્રયોગોમાં શિથિલતા બતાવે છે ત્યારે વાતાવરણમાં શંકા અને ઉચ્છૃંખલતાની વાસ દેખાય છે અને ક્રિયા અથવા વાતચિતના રંગમાં કંઈક ક્ષતિ પહોંચે છે. માણસ ગમે તેવા કામમાં હોય તોપણ પોતા તરફ ગમે તે માણસે બતાવેલ માનસંકેતને અવગણનાર સમાજનો ગુનોહ કરે છે. ભાવભરી એક નજર, હાથ લંબાવવો, જગ્યા આપવી એવા સાદા પ્રતિકારમાં પણ જે માણસ કંઇ હેતુ વિના ચુકે તેને સુજનમાં ગણતાં સંકોચ થાય જ. ઘણા કુલીન માણસો એવી ભુલો થવાનું યાદ આવતાં પાછળથી મળતાં પહેલી તકે તેની ક્ષમા માગી લે છે તે વખતે સાંભળનારથી તે બાબત તેને ધન્યવાદ આપ્યા વિના રહેવાતું નથી.



હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠકો ઇ.સ. ૧૮૮૫થી ભરાવી શરૂ થઇ, ત્યાંથી તે છેક ગઇ (૧૯૨૮ની) સાલ સુધીમાં તે અનુક્રમે ક્યાં ક્યાં શહેરોમાં કઇકઇ સાલમાં મળી તે ઉપરના નકશામાં દર્શાવ્યું છે. પ્રત્યેક શહેરની નીચે કૌંસમાં મહાસભાનો નંબર તથા પડખે તેની સાલ દર્શાવી છે. જ્યાંજ્યાં સપ્ટેમ્બર માસમાં ખાસ બેઠકો ભરાઇ છે ત્યાંત્યાં આગલી બેઠકના નંબર પછી 'સપ્ટે.' એવું લખીને સાલ જણાવી છે. કલકત્તામાં (૩૫) ૧૯૨૦ લખ્યું છે તે પણ ખાસ બેઠક હતી. સુરતમાં ૨૩ સપ્ટે. ૧૯૦૬ લખ્યું છે એ મહાસભા તો ભંગાણ પડવાને લીધે ભરાઇ જ નહોતી. પ્રમુખોનાં નામ સાથેની સંપૂર્ણ યાદી આ અંકની માધુકરીમાં આપી છે.

જગતના સુખની એક શોધ માટે
મુફલિસી, માંદગી, ઉપહાસ અને અવગણનાના મારામાં પોતાનું જીવનસુખ હોમનાર

ઈલિયાસ હૉવે



મારમાર કરતી મુફલિસી, શરીરને ચુસી લેનારી માંદગી અને લોકોની ક્રૂર બેદરકારી તથા નિંદા સામે ઝુઝીને પોતાના જીવનકાર્યને પાર પાડનાર ઈલિયાસ હૉવે

સો વર્ષ પહેલાં બોસ્ટનની એક ગલીમાં એરી ડેવિસ નામના માણસે એક નાનકડી દુકાન ભાડે લીધી, એમાં થોડા સંચા ને ઓજારો ગોઠવ્યાં ને પોતાના નામની પાછળ માત્ર એક જ શબ્દ 'સાંચાકામકુશળ' લગાડી દુકાને પાટિયું લટકાવી દીધું.

ડેવિસનો એ વેળાનો ધંધો જાણીએ તો આપણે એને 'સબ બંદર કા વેપારી' જેવો કસબી માણસ કહીએ. એ રંગ દેવાનું બ્રશ કે હથોડો, કાનસ કે આરી સરખી જ ઝડપ અને ફાવથી ચલાવી શકતો, ને ઘરાક પૈસા આપવા તૈયાર હોય પછી કામ કઈ જાતનું છે એ જાણવાની થોડી જ દરકાર રાખતો !

પણ આ તો સો વરસ પહેલાંની વાત; એટલે બોસ્ટનના લોકોને ડેવિસ કોઇ મહા બુદ્ધિશાળી લાગ્યો. કેમકે એ વખતે લોકો (આપણા આજના ગુજરાતની પેઠે) સાહિત્ય અને વ્યાપાર એ બે જ વસ્તુઓમાં રસ લેતા. યંત્રયુગનું જે પ્રભાત પડવાની તૈયારીમાં હતું એની ઉપા હજી એમને ત્યાં ઉગતી આવતી હતી.

એક અક્કલવાળો ચબરાક માણસ બંધ પડેલા ઘડિયાળનાં સાંચા ઉખેળીને પાછા ગોઠવી દઈ એને ચાલતું કરી દે; ચાવી ખોવાઇ ગઇ હોય એવું તાળું ઉઘાડી દે ને કાનસના થોડાક ઘસરકા કરી બંધબેસતી નવી ચાવી તૈયાર કરી દે; છરીઓ ને ચપ્પાંને ધાર કાઢી દે; ફુટેલાં વાસણને રેણ કરી સાજાં કરી દે ને વપરાશના એકેએક સાંચામાં જે કાંઇ સમું કરવું હોય તે કરી આપે. એ જોઇ લોકોને ભારે નવાઇ લાગતી.

ધીમેધીમે ડેવિસની કીર્તિ ફેલાતી ગઇ. બધા સંચા વિષે બધું જાણનાર માણસ તરીકે એ જાણીતો થયો. પ્રજામાં ફેલાતા આવતા હુન્નરઉદ્યોગે લક્ષ્મી ને કીર્તિનો જે નવો માર્ગ ખુલ્લો કર્યો હતો તેને શોધતા જુવાનિયાઓનું ટોળું ડેવિસની નાનકડી દુકાનમાં જામવા માંડ્યું, અને પોતે કરેલી શોધોના નમુનાઓ ડેવિસને બતાવી એ બધા તેનો અભિપ્રાય ને સલાહ માગવા ઉભરાવા લાગ્યા.

ઈ. સ. ૧૮૩૭માં એક દિવસ ડેવિસની દુકાને અઢાર વર્ષનો એક નાનો, દુબળો, નાજુક બાંધાનો જુવાન આવ્યો. એ ચીંથરેહાલ ને ઢંગધડા વિનાનો દેખાતો હતો. ડેવિસ એને જોતાંવેંત જ કળી ગયો કે એ કોઇ ગામડિયો લાગે છે. પણ એ જુવાનમાં ડેવિસને એવી કાંઇક શક્તિ દેખાઇ કે તે એનાં જાડાં લુગડાં ને માંદલા જેવો દેખાવ ભુલી ગયો ને એને વિષે વધુ જાણવા પ્રશ્ન કર્યો, 'તમારે કાંઇ નવી શોધ બતાવવાની છે ?'

'ના જી;' છોકરાએ જવાબ આપ્યો, 'મારે કાંઇક કામ જોઇએ છે.'

ડેવિસ વિચારમાં પડ્યો. જોકે હમણાંહમણાં એની દુકાનમાં કામનો એટલો ભરાવો રહેતો કે એને ટાળું એક મદદનીશ રાખવાની જરૂર પડી હતી. છતાં પણ આવા છોકરડા જેવા, બીન કેળવાએલા જુવાનને એ શું કરે ? તોય, આ છોકરાના ગરવા દેખાવમાં ડેવિસને કંઇક ન સમજી શકાય એવી શક્તિ જણાઇ અને તે એને પાછો કાઢી મુકતાં અચકાયો. 'હું કદાચ તને

કાંઇક તો આપીશ.' તેણે ધીમેથી કહ્યું, ને અજાણ્યે જ ભવિષ્ય ભાખ્યું! કેમકે આ કઢંગા જણાતા પણ બહાદુર જુવાન ઇલિયાસ હૉવેએ થોડાં જ વર્ષો પછી એ ડેવિસની જ દુકાનમાં રહીને સીવવાના સંચાની શોધ કરી ને પોતાની એ આશ્ચર્યોજ્જ્વલ શોધથી દુનિયાના એકેએક દેશની સ્ત્રીઓને કામના ત્રાસમાંથી મુક્ત કરી. આ શોધથી સીવણની જહેમત એકદમ ઘટી ગઇ અને એ સરળતા થવાને લીધે સીલાઇમાં અવનવી વિવિધતા તથા સુંદરતા દાખલ થઇ. શોધખોળના આ સોનેરી યુગમાં થએલી બીજી બધી શોધો કરતાં સીવવાના સંચાની શોધ ઘણું કરીને માનવજીવનમાં સૌથી વધારે ઉપયોગની છે.

વાત જોકે વિચિત્ર લાગે છે, પણ ડેવિસે જો તે દિવસે હૉવેને પાછો કાઢી મુક્યો હોત તો એણે સીવવાના સંચાની શોધ કદિ ન કરી હોત. ડેવિસની દુકાનમાં જ એને એવા સંચાની શોધ કરવાનો મુદ્દો ઉદ્દભવ્યો—કહો કે કોઇનો મુદ્દો એને મળી આવ્યો;—એ દુકાનમાં જ જાતજાતનું સાંચાકામ કરતાં એ કુશળ કારીગર થયો ને એના પહેલા સીવવાના સંચાના જુદાજુદા વિચિત્ર ભાગો ગોઠવી શક્યો; એ દુકાનમાં જ હજાર ભાતનું કામ કરતાં ઘડાઇઘડાઇને જુવાન હૉવેમાં હૈયાની ઉકલત આવી, એની બુદ્ધિ ખીલી, ને જે કાંઇ ઓજાર હાથ પર હોય તેનાથી કોઇપણ કામ કરી નાખવાની એને હથોટી બેસી ગઇ.

એણે કરેલી સીવવાના સંચાની શોધમાં પ્રથમ મુખ્ય ભાગ તો દૈવયોગે બનેલા એક પ્રસંગે ભજવ્યો; પણ તે પ્રસંગ પછી એણે જે મથામણ, જહેમત અને યુદ્ધ ખેડ્યાં એમાં દૈવની મદદનો જરા પણ હાથ ન હતો. ઉલટું દૈવે એ અડચણોમાં વધારો કરી એને જાણે હંફાવવો ધાર્યો હોય તેમ દુશ્મનનો ભાગ ભજવ્યો એમ કહી શકાય. સીવવાનો સંચો બનાવવાની સૂચના એને ડેવિસની દુકાનમાંથી સાંપડી એ ખરૂં, પણ એની એક સાધારણ સૂચના પરથી પછી, મૂર્ખામાં મૂર્ખ માણસ પણ સરળતાથી ચલાવી શકે એટલો સંપૂર્ણ સીવવાનો સંચો તૈયાર કરતાં જે બહાદુરીભરી ને લાંબી લડત ઇલિયાસને કરવી પડી એવી લડત શોધખોળના ઇતિહાસમાં બહુ ઓછાને કરવી પડી હશે.

ને એ લડત માનસિક હતી, એટલા માટે એની કીમત શારીરિક લડત કરતાં જરાયે ઉતરતી નથી. જે વિરુદ્ધ બળો સામે એને ઝઝુમવાનું હતું એ બહુ જ પ્રબળ હતાં;—એવાં કે જે કેટલીક વાર માણસના આત્માને કચડી નાખે: ગરીબી, માંદગી, પોતાની શોધ તરફ લોકોના ઉપહાસ અને બેદરકારી, અન્યાય ને નિંદા. એ બધાની સામે ટકી રહેવાની ને ઝઝુમવાની એની હીમત અને ધીરજ, બહાદુરી ને અડગતાની કહાણી એક વીરકથા જેટલી પ્રોત્સાહક છે. અંતે જોકે એણે સફળતા મેળવી, પણ એ અરધી સફળતા હતી; કેમકે એ મેળવવા માટે જે લડત એને ચલાવવી પડી એમાં એને પોતાની બધી જ પ્રિય વસ્તુઓ હોમવી પડી; ને હજી તો એ સફળતાનું ફળ હાથમાં આવ્યું ત્યાં તો એના દુશ્મનોનો એક અણધાર્યો મિત્ર—મૃત્યુ—એકાએક આવીને એ ફળ ઝુંટવી ગયો.

ઇલિયાસને નોકરીએ રાખતાંવેંત જ ડેવિસની ખાતરી થઇ ગઇ કે એને પોતાને ત્યાં કામે રાખવામાં પોતે બીલકુલ ભુલ નથી કરી. એની દુકાનમાં જોકે બીજા ઘણા કુશળ કામદારો હતા, અને તેમાંના કેટલાક તો કાંઇ ને કાંઇ હુન્નરનું ખાસ જ્ઞાન ધરાવનારા કારીગરો હતા; છતાં હૉવેમાં એ બધાને ટપી જાય એવી કારીગરની કોઇ કુદરતી કુશળતા હતી. એકના એક ઓજાર વડે સરખા જ ઉત્સાહથી તે તુટેલા ઘડિયાળમાં નવી સ્પ્રિંગ નાખી આપતો કે ભાંગેલા બંદુકને નવો ઘોડો બેસાડી દેતો. એ પોતાની જાતમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળો હતો. ડેવિસ એને કાંઇ પણ કામ સોંપતો ત્યારે એનું કેમ કરવું ને શું કરવું એવા પ્રશ્નો પુછીને ઇલિયાસ શેઠનો વખત નહોતો ગુમાવતો, પણ પોતાની દૃષ્ટિએ ને પોતાની રીતે ચટપટ કામ ઉકેલી નાખતો—ને એ કામ હમેશાં ડેવિસને તેમ જ તેના ઘરાકોને સોળેસોળ આના ગમી જતું.

હૉવે ડેવિસની દુકાનમાં જોડાયો ત્યાર પછી થોડે જ મહીને એક માણસ મોટું પોટલું લઇને ડેવિસની સલાહ લેવા આવ્યો. પોટલામાં કોઇ ભારે કીમતની વસ્તુ હોય એમ તે એને ખુબ સાચવીને લાવ્યો હતો. ઉપરનું કપડું ઉખેળીને તેણે લાકડાનો બનાવેલો એક સંચો બહાર કાઢ્યો. એ બનાવવામાં એણે ખુબ મહેનત લીધી હોય એમ સંચો જોતાં દેખાતું હતું. એ સંચાને નળિયે આવેલું એક યંત્ર આગળપાછળ ચલાવીને

એણે સંચાનાં બધાં ચક્કર તથા સળિયાને ગતિમાન કર્યાં.

'આ શું છે?' જરાક હસીને ડેવિસે પુછ્યું.

'ગુંથવાનો સંચો;' નવા આવનારે જવાબ આપ્યો, 'સુતરાઉ ને ઊનની માલોમાં એની ઘણી જરૂર પડવાની.' આવા અનેક ઉત્સાહી આવનારાઓ રોજ ડેવિસની દુકાનની મુલાકાત લેતા. તેમાંથી જેમની શોધ ડેવિસની વ્યવહારૂ આંખે કાંઇ લાભદાયક ન જણાય તે બધાને એ તરત જ પાછા વિદાય કરી દેતો. એને આ શોધમાં પણ કાંઇ ખાસ માલ ન લાગ્યો.

'તમે આની પાછળ નકામો વખત ગુમાવો છો.' એણે સીધેસીધું સંભળાવી દીધું: 'આના કરતાં કાંઇક બીજું વધારે ઉપયોગી શોધવામાં રોકાઓ તો?—દાખલા તરીકે સીવવાનો સંચો!'

'એ તો અશક્ય લાગે છે.' પેલો માણસ બોલ્યો.

'જરાય અશક્ય નથી.' પેલા માણસ સામું જોઈ તે બોલી ઉઠ્યો, 'મને તો વખત નથી; નહિતર હું જ સીવવાના સંચાની શોધ કરૂં. એની કેટલી બધી જરૂરત છે? તમે પ્રયત્ન કેમ નથી કરતા? એ નક્કી તમને માલેતુજાર બનાવી દેશે. તમે આ લત છોડી દો ને સીવવાનો સંચો શોધવા પાછળ લાગો.'

ડેવિસની સૂચના પ્રમાણે કરવાનું વચન આપીને પેલો માણસ તો ચાલ્યો ગયો. એને ખેરવવામાં પોતે સફળ થયો એ વિચારે છાસિયું હાસ્ય કરતો ડેવિસ પાછો પોતાને કામે વળગ્યો. શેઠના સ્વભાવથી પરિચિત બીજા કારીગરો પણ શેઠની સાથે હસવા લાગ્યા. માત્ર દુકાનમાંના એક જ માણસને ડેવિસના શબ્દોમાં હસી કાઢવા જેવું લાગ્યું નહિ.


જુવાન ઇલિયાસના હૃદયમાં 'સીવવાનો સંચો' એ શબ્દો ઊંડા કોતરાઇ રહ્યા. અકથિત અને અણપ્રીછી એની મહત્ત્વાકાંક્ષાઓથી એનું હૈયું સદા ઉછળતું રહેતું. ડેવિસની દુકાનમાં પોતે કરેલા કામ પરથી એ પામી ગયો હતો કે પોતાનામાં બીજા માણસો કરતાં યંત્રોને સમજવાની ને વાપરવાની વધારે તેજસ્વી બુદ્ધિ હતી. ભલે ઓજારો વાપરવામાં એના કેટલાક સહ-કારીગરો એને ટપી જતા, પણ શોધકબુદ્ધિમાં તો એ જ સૌથી આગળ આવતો. આજના જુવાન શોધકોની પેઠે એની સામે પણ 'હું શેની શોધ કરૂં?' એ પ્રશ્ન રાત ને દિવસ ગાજી રહેતો હતો.

એવામાં દૈવયોગે ઉપલા પ્રસંગે એના પ્રશ્નનો ઉત્તર આપી દીધો. સીવવાનો સંચો! કેટલી આબાદ વસ્તુ! સફળ નીવડવાનાં બધાં જરૂરી તત્ત્વો એમાં હતાં. એ ઉપયોગી હતો; એ માણસજાતની મોટામાં મોટી જરૂરિયાત પુરી પાડે એમ હતો; એની વપરાશ દુનિયાભરમાં ફેલાય એમ હતું. જાણે કોઈ આકસ્મિક-રીતે પોતાને મોટી પદવી મળી ગઈ હોય એમ જુવાન હૉવેને લાગ્યું. એ રાતે તે જાણે હવામાં ઉડતોઉડતો ઘેર પહોંચ્યો. એનું નસીબ આજથી ઉઘડી ગયું હતું!

પણ પછી લગભગ છ વર્ષ સુધી લાગટ, પોતાની શોધ વિષે વિચાર કરવા સિવાય હૉવેએ કાંઈ જ કર્યું નહિ! આ અકર્મણ્યતામાં આળસ, હીમતનો અભાવ કે એવું બીજું કશું નહોતું; ઉલટું, પોતાની શોધ અશક્ય નથી એવી એને પાકી ખાતરી થતી ગઇ હતી અને તેથી જ એ વિચારને મગજમાંથી કાઢી નાખવાને બદલે એણે થોડોઘણો વખત નહિ, પણ છ વર્ષ સુધી એના પર સતત વિચાર કર્યા કર્યો. એની આ ચિકાશ બતાવી આપે છે કે એનામાં લીધેલા કામ પાછળ મચવાની કેવી અજબ ધીરજ અને સ્થિરતા હતાં. મુશ્કેલી એ હતી કે હૉવેના મગજમાં હજી સંચો પુરેપુરો ગોઠવાયો નહોતો.

એ છ વર્ષને અંતે, ઇ. સ. ૧૮૪૩માં, હૉવેના આ વિચારોને બે નવાં પ્રબળ તત્ત્વોએ જોશભેર વેગ આપ્યો: પ્રેમ ને આકરી જરૂરત. આપણો એ નાનકડો કારીગર હવે પરણ્યો હતો ને ત્રણ ભુલકાંનો પિતા બન્યો હતો. ડેવિસની દુકાનમાંથી મળતી એની ટુંકી કમાઇ આ વધતા જતા ખર્ચને પહોંચી વળતી નહિ. દુકાળમાં અધિક માસ આવે એમ એના નાજુક શરીર પર માંદગીનો પંજો આવી પડ્યો. એનું શરીર પથારી-વશ થયું. પરિણામે એની સ્ત્રીએ જેમતેમ કરી કુટુંબનું ગાડું ગબડાવવા પાડોશીઓનાં કપડાં સીવવા માંડ્યાં.

રાત ને દિવસ સીવીસીવીને પોતાની પ્રિય પત્નીની આંખો ઉંડી ઉતરી જાય ને બેસીબેસીને એના ખભા ને કેડ વળી જાય એ વાત હૉવે જેવા સ્વાશ્રયી ને લાગણીપ્રધાન માણસને માટે ત્રાસ રૂપ હતી. છ વર્ષથી એના મગજમાં સીવવાના સંચાની શોધ વિષેના વિચારો ઘોળાઇ રહ્યા હતા, પણ એને સંચાની ખરી જરૂરિયાત તો આ રીતે જયારે પગ તળે રેલો આવ્યો



ત્યારે જ સમજાય. સંચાની ઝીણીઝીણી બાબતોના વિચારનું પિષ્ટપેષણ છોડી દઈને એણે હવે સીધી રચના જ કરવા માંડી. એનો પહેલો અખતરો એક વર્ષ ચાલ્યો; પણ તેમાં કેવળ નિષ્ફળતા જ મળી.

પણ એ દૂબળિયા શરીરના માયકાંગલા આદમીનો આત્મા અજેય તત્ત્વોથી ભરેલો હતો. અથાક ખંત અને નિશ્ચલ ધૈર્યથી એણે સંચા ઉપર સંચા બનાવ્યે જ રાખ્યા; અને એ બધા જ ઉપરાઉપર નિષ્ફળ નિવડ્યે ગયા. અંતે, આટલી નિષ્ફળતાઓની પરંપરા પછી, એકાએક એને ભાન થયું કે પોતે અવળે જ માર્ગે શક્તિ વેડફ્યા કરી છે! પોતાનો સંચો સ્ત્રીઓના હાથની હીલચાલનું જ અનુકરણ કરીને સીવે એવો ન હોવો જોઈએ, પણ એ જ કામ પોતાની અનોખી જ રીતે કરે એવો હોવો જોઈએ. સામાન્ય સીવણની પેઠે એક જ દોરો ઉપર નીચે સીવાયા કરે એમ નહિ, પણ કપડાની ઉપર અને નીચે બંને ઠેકાણેથી બે દોરા સીવાઈને ટાંકા ભરાતા જાય એવી રચના થવી જોઈએ. અને તેને માટે સોયને બાજે છેડે નહિ પણ અણીની ઉપર જ નાકું હોવું જોઈએ. કહેવાય છે કે આ છેલ્લી સૂચના એની સ્ત્રીની શોધેલી હતી.

આ વિચાર એના મગજમાં એટલો સજ્જડ બેસી ગયો કે યંત્રની રચના પાછળ બધો વખત આપી શકાય એટલા માટે એણે ડેવિસની નોકરી મૂકી દીધી. મિત્રો ને પાડોશીઓએ એને મૂર્ખો ગણી એની મશ્કરી કરી, ને કેટલાકે તો આવી પોકળ કલ્પના પાછળ ખુવાર થવા સારૂ નોકરી છોડી દઈને પોતાના બાળબચ્ચાંનું ભરણપોષણ કરવાની ફરજમાંથી વિમુખ થવા માટે એને નિંદા પણ ખરી.

પણ એની સ્ત્રીએ એને જબરી હૂંફ આપી. કુટુંબના ભરણપોષણ માટે એણે કમર કસીને સીવણનું કામ કરવા માંડ્યું અને પોતાના પતિને શોધ આગળ ચલાવવા કહ્યું. હૉવેના પિતાએ પણ, દીકરો સંચાની શોધમાં અંતે ફતેહમંદ થવાનો જ છે એવી પૂર્ણ શ્રદ્ધાથી પોતાના ખેતરમાં એને એક ઘર રહેવા માટે આપ્યું. અંતે, ૧૮૪૪માં હૉવેએ સંચાનો નમુનો તૈયાર કર્યો.

પણ હવે જ્યારે સફળતા આમ નજર સામે દેખાવા લાગી ત્યારે બરાબર એ જ વખતે હૉવે પાસે પૈસા ખુટી રહ્યા, ને પોતાની શોધને પડતી મુકવાનો વખત આવી લાગ્યો. એણે પોતાનો સંચો સ્પેન્સ ગામના એક બળતણ વેચનાર જ્યૉર્જ ફિશર નામના માણસને બતાવ્યો. તેને એ સફળ થાય એમ લાગ્યું, ને જો એ પેટંટ થાય તો એની કમાણીમાંથી અરધો ભાગ પોતાને મળે એ શરતે, એણે ઇલિયાસને સંચા માટે ઓજારો તથા બીજાં જોઈતાં સાધનો ખરીદવા સારૂ ૫૦૦ ડૉલર આપવા કબુલ કર્યું. એ શરત માન્ય રાખીને હૉવેએ કામ ચાલુ કર્યું અને ૧૮૪૫ના એપ્રિલ મહીનામાં સરસ એકધારૂં સીવી શકે એવો સંપૂર્ણ સંચો તૈયાર કર્યો.

તેના પર પોતાને માટે તથા ફિશરને માટે કપડાંની એકેક જોડ સીવીને તેણે તૈયાર કરી ને પછી એ સંચો તપાસવા માટે બોસ્ટનના દરજીઓને પોતાને ત્યાં નોતર્યા. પરંતુ તેમણે આવવાની ના પડી, એટલે તે જાતે પોતાનો સંચો લઈને 'કિવન્સી હૉલ કલોધિંગ ફૅક્ટરી'માં લઈ ગયો ને બે અઠવાડિયાં સુધી ત્યાં આવનાર દરેક માણસને તે બતાવ્યો. પરંતુ માનવસ્વભાવ એવો વિચિત્ર છે કે તેને કોઈ પણ નવી વસ્તુમાં ઝટ વિશ્વાસ બેસતો નથી. લોકોએ ઇલિયાસના આ નવા સંચા તરફ કાંઈ જ ધ્યાન આપ્યું નહિ! આમ આ નવી શોધ તથા તેના શોધક પ્રત્યે બોસ્ટન બીલકુલ બેદરકાર રહ્યું. હૉવેએ તિરસ્કારથી દાંત કચકચાવ્યા ને જરા પણ નિરાશ થયા વિના વૉશિંગ્ટનની પેટંટ આફિસને માટે બીજો સંચો તૈયાર કરવામાં ગુંથાયો.

નવ વર્ષ સુધી સીવવાના સંચાની શોધનાં સ્વપ્નાં ઘડતાં ને તેની પાછળ કામ કરતાં હૉવેને લાગ્યું હતું કે હાથમાં પેટંટનાં કાગળિયાં આવતાંની સાથે પોતાની મથામણ પૂરી થશે. પણ, એથી ઉલટું, અગાઉ કદિ જ નહિ જાણેલી ને અનુભવેલી એવી નિરાશાજનક આપત્તિઓ તો હવે ઉભી થવા માંડી. એક પ્રદર્શની

મેળામાં તેણે પોતાનો સંચો મુકયો, પણ ન તો કોઇએ તેને ખરીદ્યો કે ન ભાડે રાખ્યો. ફિશર જેણે ધીમે-ધીમે કરીને આજ સુધી ૨૦૦૦ ડૉલર હૉવેને ધીર્યા હતા તે પણ હવે તો શ્રદ્ધા ખોઈ બેઠો ને બડબડાટ તથા તકાદો કરવા લાગ્યો. જ્યાંજ્યાં હૉવે પોતાનો સંચો બતાવે ત્યાંત્યાં એની મશ્કરી અથવા તો અવગણના થવા લાગી. આ અવગણના, ઉપહાસ, ગરીબી, માંદગી, અને પોતાની શોધમાં લોકોને રસ લેતા કરવાના આટઆટલા પ્રયત્નમાં મળેલી નિષ્ફળતા— એ બધાએ હૉવેના રહીસહી આશાને પણ છુંદી નાખી.

અંતે એણે પોતાના ભાઇને એક સંચો લઇને લંડન મોકલ્યો ને ત્યાં એનો સંચો ૨૫૦ પાઉંડની કીમતથી વિલિયમ ટૉમસ નામના કબજા સીવવાના એક કારખાનાવાળાએ ખરીદ્યો. આથી ઉત્તેજિત થઇને હવે હૉવે પોતે સહકુટુંબ ઇંગ્લંડ ગયો ને અઠવાડિયે નજીવા વેતન પર આઠ મહીના ગાળીને ટૉમસ માટે કબજા સીવવાનો એક બીજો ખાસ સંચો બનાવ્યો. ટૉમસે હૉવેને એ જ વેતન પર પોતાની સાથે ચાલુ રહીને પોતાના કારખાનામાં પરચુરણ સુધારકામ કરનાર તરીકે નોકર રહેવા સમજાવ્યો. પણ હૉવેએ ચોખ્ખી ના પાડી. તેણે પોતાના કુટુંબને અમેરિકા પાછું મોકલી દીધું ને પોતે ત્યાં જ રહી બીજો સંચો તૈયાર કરવા માંડયો.

આ સંચો પુરો થયો ત્યારે હૉવે પાસે એક પાઈ પણ નહોતી. એણે પાંચ પાઉંડની કીમતથી એ સંચો વેચી દીધો ને પાછો અમેરિકા આવવા નીકળ્યો. એ ન્યૂ યૉર્ક ઉતર્યો ત્યારે એના ગજવામાં માત્ર ૬૦ સેન્ટ (પુરા બે રૂપિયા યે નહિ) હતા! એ ઘેર આવ્યા પછી થોડા જ મહીનામાં એની સ્ત્રી ક્ષયરોગથી મરણ પામી!

હૉવેને હવે ચોક્કસ લાગ્યું કે દૈવે પોતાને માટે નરી નિષ્ફળતા જ નિર્માણ કરી છે. કંટાળાભરેલા તેના લાંબા દિવસો પેટ ભરવા માટે કરવા પડતા અંગતોડ કામથી અને ઘોર સુનકાર રાત્રિઓ ગત સમયની કડવી સ્મૃતિઓથી ભરેલી રહેતી.

એવામાં એક દિવસ એકાએક એને ચોંકાવનારા ખબર મળ્યા કે એણે શોધેલો સીવવાનો સંચો એ કાંઈ નાનીસુની નહિ પણ મહાન સફળતા છે, એમ હવે લોકોને ગળે ઉતરવા માંડયું હતું! પરંતુ એ સફળતાનો હિસ્સો હવે એના નસીબમાં નહોતો રહ્યો, કેમકે લંડનમાં એની ગેરહાજરી વખતે બીજાઓએ એની શોધને પોતાની કરી લીધી હતી ને હવે એનો પાક તેમણે લણવા માંડયો હતો!

ભલા ધૈર્યવાનને પણ નાહીમત કરી દે એવી સ્થિતિ



રાત પડતી હતી

રાત પડતી હતી, પડતી હતી;
 જાણે વીરની વિજોગી બેન રડતી'તી
એવી રાત પડતી હતી, પડતી હતી.

રાત ગળતી હતી, ગળતી હતી;
 જાણે બેટાને હૈયે માત લળતી'તી
એવી રાત પડતી હતી, પડતી હતી.

પ્હો પ્રગટતી હતી, પ્રગટતી હતી;
 જાણે ઈશ્વરની આંખડી ઉઘડતી'તી
એવી પ્હો પ્રગટતી હતી, પ્રગટતી હતી.

લૂ વરસતી હતી, વરસતી હતી;
 જાણે દુર્જનની પ્રીત છાની હસતી'તી
એવી લૂ વરસતી હતી, વરસતી હતી.

છાંય ઢળતી હતી, ઢળતી હતી;
 જાણે વાદળની વેદના પીગળતી'તી
એવી છાંય ઢળતી હતી, ઢળતી હતી.

સાંજ નમતી હતી, નમતી હતી;
 જાણે હૈયાની વાસના વિરમતી'તી
એવી સાંજ નમતી હતી, નમતી હતી.

સાંજ સરતી હતી, સરતી હતી;
 જાણે બાપુને નેહે બા નીતરતી'તી
એવી સાંજ સરતી હતી, સરતી હતી.

ઝવેરચંદ મેઘાણી

(તરતમાં બહાર પડનાર નવા કાવ્યસંગ્રહમાંથી)



સારા જગત પર આજ ફેલાઇ ગએલા અને ઘરેઘર સુલભ થઈ પડેલા સીવવાના સંચાઓનો વડદાદો ઇલિયાસ હૉવેએ શોધેલો પ્રથમ સંચો

ઉભી થઈ હતી. સીવવાના સંચાનો પોતાનો મુળ નમુનો તથા તે પરથી પેટંટ માટે તૈયાર કરેલો સંચો બંને, હૉવેએ દેવું નહિ ભરી શકાવાથી લંડનમાં મુક્યા હતા, ને એની પાસે કંઇ જ નહોતું. આવા સંજોગોમાં, નંખાઈ ગએલી તબિયતવાળા અને ખીસામાં ફુટી કોડી પણ વગરના હૉવેએ પોતાની શોધ પચાવી પાડનાર સામે લડત ચલાવવાનું નક્કી કર્યું.

'ડુબતામાંથી જેટલું બચાવાયું તેટલું ગનીમત' એમ વિચાર કરીને પેલા કિશરે પણ સંચાની શોધનો પોતાનો અરધો ભાગ જ્યૉર્જ બ્લિસ નામના માણસને વેચી માર્યો હતો. હૉવેની વીનવણીથી આ બ્લિસે હૉવેના પેટંટને તોડી પાડનારાઓ સામે લડત ચલાવવા હૉવેને ઉછીના પૈસા આપવા કબુલ કર્યું.

એક પછી એક કોર્ટમાં મુકદ્દમો ચાલતો ગયો. મોટે ભાગે માંદા જ રહેતા હૉવેને કામ ન કરી શકવાને કારણે ઘણીવાર ખાવાના પણ વાખા પડતા. પણ એ ચીકણો આદમી હીમત હાર્યો નહિ. આખરે ૧૮૫૪માં —હૉવેના મગજમાં સીવવાના સંચાની શોધનો પહેલ-વહેલો વિચાર આવ્યા પછી છેક ૧૭ વર્ષે—મૅસાચુસેટ્સ-ના ન્યાયાધીશ સ્પ્રેગે ફેંસલો આપ્યો કે હૉવે પેટંટનો હકદાર માલિક છે ને સીવવાના સંચાના બીજા બધા કારખાનાવાળાઓ તેને પૈસા ભરવા પડશે.

મારમાર કરતી મુફલિસી, શરીરને ચુસી લેનારી માંદગી અને લોકોની ક્રૂર બેદરકારી હોવા છતાં, પોતાના જીવનકાર્ય પાછળ મરી ફીટીને એ સૌ સામે ઝુઝનાર હૉવેને આ ફેંસલો ખરે ટાણે મળી ગયો. એને મળેલા પેટંટની મુદત માત્ર એક વર્ષની હતી, પણ સીવવાના સંચાનાં કારખાનાં એટલાં બધાં વધી પડ્યાં હતાં કે આજ સુધી ભિખારી હાલતમાં રહેલા એ શોધકની નજર સામે પૈસાનો એટલો મોટો ઢગ થતો હતો કે એ અકળાઇ જતો! એણે ફરી બીજાં વધારે વર્ષોને માટે મેળવેલું પેટંટ ૧૮૬૭માં ખલાસ થયું એટલા વખતમાં તો હૉવેની શ્રીમંતાઇ વીસ લાખ ડૉલર—એ વખતે ચમકાવી મુકે એટલી મોટી રકમ—સુધી પહોંચી ગઈ હતી!

અને એ જ વરસે હૉવે મરણ પામ્યો. પોતાની શોધનું ફળ ભોગવવા એ બહુ જુજ મુદત જીવ્યો, પરંતુ એટલો સમય પણ પોતાના જીવનકાર્યની થએલી કદર ને એનો મળેલો બદલો જોવા માટે પુરતાં હતાં.

થોડાક સુધારા

૧. ગયા અંકમાંના 'હાયબ સ્કાઉટ સંમેલન'ના લેખમાં ૧૭૯મે પાને 'છેવટે પુત્રે પગ પકડી પિતાને મહાત કર્યા.' એવું વાક્ય છે તે વસ્તુસ્થિતિના સરતચુકથી લખાયું છે. ખરી રીતે અંતે પિતા મહાત નહોતા થયા, પણ પુત્ર જ મહાત થયા હતા. માત્ર રમત દરમ્યાન જ્યારે પુત્રે પિતાના પગ તરફ ઝપટ કરેલી ત્યારે પિતાએ કહેલું, 'અરે, શું મારા પગ પકડી લેવા કરછ?' અને જવાબમાં પુત્રે પેલો ઉત્તર આપેલો.

૧. 'ભાલોની ભૂમિમાં' નામના ગયા અંકમાંના લેખમાં શ્રી ઠક્કર બાપાની ઉમર પચાસ વરસની દર્શાવી છે; પણ ખરી રીતે એમનું વય આજ સાઠ ઉપર છે.

૧. આ અંકમાં 'રાનીપરજના દોરત'ના લેખમાં 'અધ્યાપક' એવી ભુલભરેલી જોડણી થઇ છે ત્યાં બધે 'અધ્યાપક' જોઇએ.

(ઘેર મહેમાન આવ્યા છે.)

રમણ—બાપા એક પૈસો આપો.

બાપાએ હસીને પૈસો આપ્યો.

રમણ—આજે તો હવે આ મહેમાન ગયા પછી તમે પાછો નહિ લઇ લો ને? દીકરાએ બાપની આબરૂ કાઢી.

*

પાડોશી—'આલ્યા ચંદુ કેમ રડે છે?'

ચંદુ—મારી માશી મેડેથી પડી ગયાં.

પાડોશી—તેમાં શું થઈ ગયું? સારૂં થઇ જશે.

ચંદુ—એ તો હું ય જાણું છું; પણ મારી નાની બહેને એમને પડતાં જોયાં ને મેં ન જોયાં ઓં—ઓં—ઓં.

અદૃશ્ય વ્યક્તિ

'જેમાંથી આરપાર જોઇ શકાય તે અદશ્ય પદાર્થ કહી શકાય. અથવા બીજા શબ્દોમાં કહીએ તો, વસ્તુ જેટલી વધારે પારદર્શક એટલી એ વધારે અદશ્ય. હવા એ પૃથ્વી ઉપરની વધારેમાં વધારે પારદર્શક વસ્તુ છે, અને તેથી જ તે આપણે જોઇ શકતા નથી. વિજ્ઞાનશાસ્ત્રીઓ તો કેટલીક દશ્ય વસ્તુઓને અદશ્ય, અને અદશ્યને દશ્ય બનાવી શકે છે. ઘી જ્યારે પાતળું થાય છે ત્યારે તે અમુક હદ સુધી પારદર્શક થઇ શકે છે, અને તે હદ સુધી જ અદશ્ય હોય છે. કાચ એ અદશ્ય વસ્તુ છે, પણ જ્યારે કાચ ફોડીને એનો ભુકો કરવામાં આવે છે ત્યારે તે પારદર્શક મટી જઇ દશ્ય બને છે. કાચના ગ્લાસમાં એ ભુકો દશ્ય હોય છે; પણ તેમાં પાણી નાખતાં જ તે ફરી અદશ્ય થાય છે. ટૂંકામાં દશ્ય અને અદશ્ય પદાર્થોમાંનો ભેદ કેવળ તેમની પરમાણુઓની સ્થિતિ ઉપર તેમજ તેમાં રહેલા ઉપયુક્ત રસો ઉપર અવલંબિત હોય છે.'

નલિનીકાંત આ વરસે કલકત્તા યૂનિવર્સિટીમાં સાયન્સનો વિષય લઇ એમ. એ.ની પરીક્ષામાં બહુ માનપૂર્વક ઉત્તીર્ણ થયા હતા. તે પછી તેમને યૂનિવર્સિટીની રીસર્ચ સ્કૅાલરશિપ મળવાથી તે શાખામાં જ તે જોડાયા હતા. બારીસાલના એક જમીનદારના એ એકના એક દીકરા હતા, એટલું કહીએ એટલે એમને પૈસાની ચિંતા ન હતી એમ કહેવાપણું નથી રહેતું. નાનપણથી જ એમની બુદ્ધિ એટલી તીવ્ર હતી કે એમને વિષેની વાતો સાંભળી ગામના લોકો અજાયબી પામતા. ગણિતમાં તો એમનું મગજ એટલું શક્તિશાળી હતું કે કલકત્તામાં જ્યારે તે છઠ્ઠા ધોરણમાં દાખલ થયા ત્યારે સાતમા ધોરણના છોકરાને સહેજે પાછળ પાડતા. કૅાલેજમાં પણ બહુ શ્રમ ન કરતા, છતાં હમેશાં પહેલા જ આવતા. એમ. એ.માં એમણે પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર (Physics)નો વિષય લઇ પરીક્ષા આપી હતી. ખરૂં પુછો તો એમના પ્રોફેસરોને પણ એમની બુદ્ધિ માટે અદેખાઇ થતી. પણ નલિનીકાંત પોતે બહુ જ નમ્ર હોવાથી બધું નભી જતું.

એક દહાડો પ્રયોગશાળાની લાયબ્રેરીમાં ત્યાં એક જર્મન ફીલસુફની ચોપડીમાંનું ઉપર આપેલું વિધાન તેમણે વાંચ્યું. વાંચતાંવાંચતાં તેમના મનમાં એક વિચાર-તરંગ ઉદ્દભવ્યો: 'શું દરેક પદાર્થના પરમાણુઓ અદશ્ય હશે? શું ખરેખર જ દશ્ય અને અદશ્ય પદાર્થોમાંનો ભેદ એ કેવળ અંદરના ઉપયુક્ત અને પ્રવાહી પદાર્થના અસ્તિત્વ ઉપર જ અવલંબિત રહેતો હશે ? જો આ સાચું હોય તો માણસ પણ કેમ અદશ્ય ન થઇ શકે? એવો કયો પદાર્થ હશે કે જેનો પ્રવેશ માણસના શરીરમાં થાય તો તે અદશ્ય થઇ શકે?' . . . વળી આગળ વિચારતરંગ શરૂ થયા . . . 'જો આ શકય થાય તો કેવી લહેર પડે! ખાવું પીવું ને રખડવું અને પાછા અદશ્ય ને અદશ્ય જ! ઘોડાગાડી, રેલવે, આગબોટ —બસ પૃથ્વી ઉપરનો બધો પ્રવાસ કોઇને પણ દેખા દીધા વગર કરી શકાય. અને તે તદ્દન ફોગટમાં! વાહવાહ! મઝા તો ખુબ આવે હોં! પણ આ પ્રવાહી પદાર્થ શો હશે અને તે માણસના શરીરમાં કેમ નાખવો?'

નલિનીકાંતની બુદ્ધિને સ્વૈરવિહાર કરવાનું એક ક્ષેત્ર મળ્યું. એમાં એ એટલા ગરકાવ થઇ ગયા કે તેમના હાથમાંથી ચોપડી પણ સરી પડી. એમને પોતાના શરીર અને આસપાસની વસ્તુઓનું જ્ઞાનભાન રહ્યું નહિ. ઘંટના ટંકારા થઇ ગયા, ધીરે ધીરે અંધારૂં થવા માંડ્યું, પણ નલિનીકાંત ખુરશી ઉપર બેસી સામી ભીંતે શૂન્ય દષ્ટિએ જોવામાં જ મશગુલ હતા. ચપરાસી રૂમમાં આવ્યો પણ બાબુસાહેબને વિચારમાં મગ્ન જોઇ, બત્તી પેટાવી બીજે કામે ચાલ્યો ગયો. કેટલા વાગ્યા એનું નલિનીકાંતને ભાન ન હતું. એ તો દશ્ય અને અદશ્યનો કોયડો ઉકેલવામાં જ લીન થયા હતા. ટન્ ટન્ ટન્ . . . રાતના બારના ટકોરા પડ્યા. નલિન બાબુ એકદમ ચમકી ઉઠ્યા, આપમેળે નહિ. એમને કોક હલાવતું હતું: 'એ ચક્રમ! ઘેર નથી આવવું? અહીં બેઠોબેઠો શું કરે છે? હું તો વાટ જોઇજોઇને અને શોધમાં ભટકીભટકીને થાક્યો.'

નલિનીકાંત એકદમ બોલ્યા, 'કેમ સતીશ, બહુ મોડું થયું? હજી હમણાં તો . . .' બોલતાંબોલતાં એમને બાહ્ય વસ્તુઓનું ભાન થવા માંડ્યું. તે વચ્ચે જ થોભ્યા. કોટની બાંય ઉંચી કરી તેમણે ઘડિયાળમાં જોયું અને એકદમ ચમકીને બોલ્યા 'ઓ . . . હો! બાર વાગ્યા! પણ દોસ્ત એક બહુ વિચિત્ર વાત સુઝી છે!'

'શી ?'

'ના ના, પણુ જવા દે. એ તું નહિ સમજી શકે. વકીલને અને વિજ્ઞાનને કાંઈ લાગેવળગે નહિ.'

સતીશચંદ્ર વકીલાતનો અભ્યાસ કરતા હતા. નલિન બાબુના તે પરમ મિત્ર હતા. બંને કલકત્તામાં એક જ ઘરમાં રહેતા. બંનેનો એકબીજા પ્રત્યે અગાધ પ્રેમ હતો. એક વગર બીજાને ગોઠે નહિ. નલિનબાબુ સાધારણ રીતે સાંજે સાત વાગ્યે ઘેર આવતા. સતીશબાબુ પોતાનો અભ્યાસ પુરો કરી તેમની વાટ જોતા.

પણુ આજે તો છેક અગિયાર વાગ્યા તો યે નલિન દેખાયો નહિ ત્યારે સતીશના મનમાં ભીતિયુક્ત શંકા આવી. તે બાઇસિકલ ઉપર બેસી પાર્કમાં ગયો, જમવાની વીશીમાં તપાસ કરી, મિત્રોને ત્યાં શોધ કરી પણુ ક્યાંય નલિન ન હતો. અંતે ઘેર પાછો આવ્યો, પણુ ઘર પહેલાંની જેમ જ નિર્જન હતું. થોડો વિચાર કરી તેણે સાયકલ પ્રયોગશાળા તરફ જોસથી મારી મુકી. અંદર અજવાળું દેખાતાં જ એને જરા ટાઢક વળી. પ્રયોગશાળામાં ડોકિયું કર્યું તો બારણું ઉઘાડું જ હતું; અને જુએ તો નલિનબાબુ ભીંત સામે મીટ માંડી આસન જમાવીને બેઠેલા.

બંને ઘેર ગયા, પણુ તે દિવસથી નલિન બદલાઇ જ ગયો! વાતચિત, રમતગમત, બધું છોડીને વિચાર અને પ્રયોગશાળામાં જ રત રહેવા લાગ્યો.

આ પછી આશરે દસ વરસે કલકત્તાના એક મોટા હૉટેલમાં એક બહુ જ નવાઇભરેલો બનાવ બન્યો. કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ પોતાના એક મિત્રના લગ્નના આનંદાર્થે પ્રીતિ-ભોજન ઉપર હાથ મારી રહ્યા હતા. એક ગોળ ટેબલની આસપાસ દસ ખુરસીઓ ગોઠવવામાં આવી હતી. પણ અચાનક એક જણ કામ પ્રસંગે ન આવી શકવાને કારણે એક ખુરશી ખાલી પડી હતી. જાતજાતનાં મેવામીઠાઇથી ટેબલ ખાચોખાચ ભરેલું હતું. એક વિદ્યાર્થીનું ફૂલના હારથી સુશોભિત થએલું ગળું એ વરરાજા હોવાની સાક્ષી પુરી રહ્યું હતું. એક જણુ ઉભો થઇને કંઇક ભાષણ કરતો હતો. એટલામાં ઓરડીનું બારણું કડાક દઇને ઉઘડ્યું અને પાછું બંધ થયું. બધાની દૃષ્ટિ ત્યાં વળી પણ ત્યા કોઇ જ દેખાયું નહિ. એક જણુ ઉઠીને બારણા પાસે જઇ ડોકિયું કરી આવ્યો; પણુ બહાર ખુરશી ઉપર ઝોલાં ખાતા ચપરાસી સિવાય બીજું કોઇ હતું નહિ. બારણું કદાચ પવનથી ઉઘડ્યું હશે એમ માની તેમણે ભોજનનો આરંભ કર્યો. લગ્નનિમિત્તનું ભોજન, એમાં પછી પુછવું શું? સૌ જાણે રાક્ષસો હોય તેમ કેક, પૅસ્ટ્રી, સંદેશ, ચમચમ, કેળાં, સંત્રા, મગજ વગેરે ઉપર તુટી પડ્યા.

પેલી ખાલી પડેલી ખુરશી પાસેના એક જણે જ્યારે પોતાની સર્વ વસ્તુઓનું નિકંદન કર્યું ત્યારે ગેરહાજર મિત્રની હાજરી પોતે જ પુરી, એની થાળીમાંની ચીજોનો નિકાલ કરવાનો વિચાર એને આવ્યો. બધાનું ધ્યાન વાતોમાં ગુંચવાએલું જોઇને, દૃષ્ટિ સીધી રાખી પણ હાથ વાંકો કરી પેલી ખાલી ખુરશી પાસેનો થાળ હળવેકથી તેણે પોતા તરફ ખેંચ્યો. પણ થાળ ઉપર નજર જતાં જ એ ચમક્યો અને પોતાનો હાથ એકદમ પાછો ખેંચી લીધો! થાળ લગભગ ખાલી હતો અને એમાં ફક્ત એક જ રસગુલ્લું બાકી હતું! આશ્ચર્યથી બાઘો બની એ તો જોઇ જ રહ્યો. એટલામાં એ છેલ્લું રસગુલ્લું પણ ઉપડ્યું અને પેલી ખાલી ખુરશી પાસે ચાલ્યું ગયું! આ જોઇને પેલા વિદ્યાર્થીને પોતાની સુધબુધ ઠેકાણે હોવા વિષે પણ શંકા પડી! એણે આંખારો મારી આંખો પટપટાવી જોઇ. રસગુલ્લું તો ખુરશીની બેઠકથી બેફુટ ઉપર હવામાં અદ્ધર ચડ્યું! આ અચરજ જોઈ તે આશ્ચર્યથી ગાભરો બનીને બીકમાં રાડ પાડી ઉઠ્યો! 'અલ્યા એ!—આ—આ—આ—જુઓ તો!' બધાનું ધ્યાન એણે દર્શાવેલી જગ્યાએ ખેંચાયું! એમણે પણ રસગુલ્લું હવામાં અધવચ લટકતું જોયું. જોયું ન જોયું ત્યાં તો એક પળમાં તો તે ગુમ થયું! એ જોઇ સૌ આશ્ચર્યથી એકદમ ઉભા થઇ ગયા. એટલામાં વચ્ચે પડેલા થાળમાંની કેળાંની લુમમાંથી એક કેળું તુટ્યું અને ટેબલ ઉપરથી હવામાં ચાલતું ચાલતું ખાલી ખુરશી તરફ વળ્યું. ત્યા એ પોતાની મેળે જ છોલાવા લાગ્યું. જ્યારે અંદરનો ગર્ભ નીકળ્યો ત્યારે તેના એની મેળે ટુકડા પડતા ગયા અને તે અદૃશ્ય થતા લાગ્યા! આ જોઈ એકની હીમત તો ખુટી અને 'બાપ રે ભુત!' કરતોકને ચીસ પાડી નાસવા લાગ્યો! આ અસ્વાભાવિક ઘટનાથી સૌ એવા ચકિત થએલા કે કોઇની બોલવાની હીમત જ રહી નહોતી. બધા સ્તબ્ધ બની એક બીજાનાં મોઢાં જોવા લાગ્યા. બધાનાં મો જાણે શીવાઇ ગયાં!

એટલામાં તો ઓરડીનાં બારણા પાસેથી મોટા અને કર્કશ અવાજે અંગ્રેજીમાં આ શબ્દો સંભળાયા. 'મિત્રો! ગભરાતા નહિ. તમારી જોડે હું પણ યજમાન વરરાજાનો આભાર માનું છું તથા એમનું, એમનાં પત્નીનું અને એની ભાવી સંતતીનું દીર્ઘાયુષ્ય ઇચ્છું છું.'

આ સાંભળીને એક જણે હીમત કરીને પુછ્યું, 'પણ તમે છો કોણ?' અને સાથેસાથે ટેબલપરથી એક કાચનો ગ્લાસ ઉપાડી તેણે જોરથી દરવાજા તરફ ફેંક્યો. બધાને લાગ્યું કે ગ્લાસ દરવાજા ઉપર જઇને પછડાશે અને એના ટુકડેટુકડા થઇ જશે. પણ ગ્લાસ દરવાજા પાસે પહોંચતાં જ, જાણે કોઇએ તે ઝીલી લીધો હોય એમ, જમીનથી ઉંચે ચાર ફુટ ઉપર અટકી ગયો. પછી એક ખુબ મોટું વિકટ હાસ્ય સંભળાયું અને ગ્લાસ હવામાં ચક્કર ચક્કર ઉછળવા માંડ્યો! આ જોઇને તો બધાના હોશકોશ જ ઉડી ગયા. ધીરે ધીરે ગ્લાસ ટેબલની પાસે આવવા લાગ્યો અને ત્યાં સ્થિર થયો. સૌ આંખો ફાડીફાડીને ગભરાટ અને અચરજથી આ ચમત્કાર જોઈ રહ્યા હતા. થોડી વાર પછી દરવાજા પાસે વળી શબ્દો સંભળાયા: 'ગુડબાઇ'. દરવાજો ઉઘડ્યો અને પાછો બંધ થઈ ગયો!

દરવાજો બંધ થયે પાંચ મિનિટ થઇ તો યે કોઇને બોલવાની હામ ન આવી. અંતે જે છોકરાએ ગ્લાસ ફેંક્યો હતો તે બીજાઓ તરફ જોઈ મજાકમાં બોલ્યો, 'આપણા વરરાજા મિત્રનું ભાગ્ય મોટું જણાય છે. કોઇ દેવતા આશીર્વાદ આપવા માટે આવેલા હોવા જોઇએ!' એટલામાં બીજાને જીભ ફુટી: 'ખરેખર એ કોઈ દેવતા જ હોવા જોઇએ. કળિયુગનો મહિમા અપાર છે. કારણકે ભારતવર્ષની અવનતિ સાથે જ દેવલોકમાં પણ આંગ્લ ભાષા બોલનારા મ્લેચ્છોનું રાજ્ય થયું લાગે છે!' પછી વરરાજા તરફ ફરીને તે બોલ્યો 'કેમ દોસ્ત, તું આટલો ઉદાસ કેમ છે? દેવભાષામાં ભલે ન હોય, પણ મ્લેચ્છભાષામાં પણ એ આશીર્વાદ તો ખરા જ ને!' ફરી બધા હસવા લાગ્યા. પણ આ હાસ્ય એ દસ મિનિટ પહેલાનું હાસ્ય નહોતું. એ બીકથી થરથરતા દાંતનું કૃત્રિમ હાસ્ય હતું.

બીજે દિવસે આખા કલકત્તા શહેરમાં ખબર પ્રસરી ગયા કે બી. એ.ના ક્લાસમાં ભણતા એક વિદ્યાર્થી, બાબુ શ્યામસુંદર મોહનના લગ્ન નિમિત્તના સ્નેહભોજમાં ભાગ લેવા સ્વર્ગલોકની એક વ્યક્તિ ઉતરી આવી હતી અને તેણે બાબુસાહેબને આશીર્વાદ આપ્યો હતો! તે દહાડે શ્યામસુંદર ક્લાસમાંથી બહાર નીકળી કૉલેજના ફાટકની બહાર નીકળ્યો ન નીકળ્યો ત્યાં તો ચારપાંચ છાપાંના ખબરપત્રીઓ એને ઘેરી વળ્યા. બીચારાની ઇચ્છા નહોતી તોયે એને બધી વાત સવિસ્તર કહેવી પડી. વાત સાંભળી ખબરપત્રીઓ મશ્કરીમાં ડોકું ધુણાવતા ચાલ્યા ગયા. એમનું ડોકું ધુણાવવાનું કારણ તો બીજે દહાડે સ્પષ્ટ થયું, 'વસુમતી'માં મોટા અક્ષરે છાપ્યું હતું કે 'ભાંગના નશામાં દેવતાનું દર્શન! અને તેની નીચે શ્યામસુંદરની ઠેકડી કરી હતી!

પણ બીજે જ દહાડે છાપામાં એક બીજી હકીકત પ્રસિદ્ધ થઇ. કલકત્તા પાસેના ધુકુરિયા નામના એક ગામમાં કોઇ કંદોઇની દુકાન લુટાઇ હતી. કંદોઇ દુકાનમાં બેઠો હતો, એટલામા રસગુલ્લાંના થાળમાં હલચલ થવા લાગી અને એક પછી એક રસગુલ્લું ગેબ થવા લાગ્યું! કંદોઇના તો હોશકોશ ઉડી ગયા અને રાડ પાડીને બેભાન જેવો થઇને પડ્યો. ભાન આવતાં તેણે જોયું કે થાળ અર્ધો ખાલી હતો! અને નવાઇની વાત તો એ હતી કે ત્યાં કોઈ હતું નહિ. દુકાન પાસે એક સિપાઇ ઉભો હતો. કંદોઇએ તેને બુમ પાડી રસગુલ્લાં ચોરાયાની વાત કરી. સિપાઇ કહે અહીં તો કોઇ આવ્યું જ નથી ને! એ ચોરનાર કેવો હતો? કોણ હતો? કંદોઇએ નજરે કોઇને દીઠેલો નહિ એટલે શું બોલે? આ વાત પણ 'વસુમતી'માં 'ભુખી દેવતા' એ મથાળા નીચે પ્રસિદ્ધ થઇ.

બે દિવસ પછી બીવન ઍંડ કંપનીના મૅનેજર સાહેબે રાતના બાર વાગ્યે પોતાની દુકાનમાં પિયાનો વગડતો સાંભળ્યો! મૅનેજર સાહેબ ઉપલે માળે રહેતા. આટલી રાતે કોણ પિયાનો વગાડે છે તે જોવા તે નીચે આવ્યા; કારણકે નવાઇની વાત તો એ હતી કે દુકાનને બહારથી તાળું હતું. મૅનેજર સાહેબ પોતે દુકાનમાં ગયા અને જોયું તો એક મોટા પિયાના ઉપર વિજળીના દીવાનો પ્રકાશ ઝળહળી રહ્યો હતો અને અંદરથી મધુર સ્વર નીકળી રહ્યા હતા, પણ વગાડનારનો પત્તો ન હતો! મૅનેજર સાહેબ થોડી મિનિટ સુધી તો ભોંજંગેપની પેઠે સ્થિર બની ઉભા રહ્યા. થોડી વારે ભેજું હવામાં આવ્યું. એમને વિચાર આવ્યો

કે આ કોઇ ચોરની કંઇક યુક્તિ હોવી જોઇએ. એમણે ખીસામાંથી પિસ્તોલ કાઢી પિયાના તરફ ચાલવા માંડ્યું. પણ તરત પિયાનો બંધ પડ્યો અને દીવો હોલવાઇ ગયો! હવે મૅનેજર સાહેબ ગભરાયા. એમણે બાંજી બત્તી સળગાવી અને આખી દુકાનની જડતી લીધી; પણ કોઇ જ જડ્યું નહિ. તરત જ તેમણે પોલીસને ટેલિફોન કર્યો અને એક સાર્જંટ તથા બે કૉન્સ્ટેબલ્સ દુકાનમાં હાજર થયા. બધી વાત સાંભળી પોતાની પદ્ધતિ પ્રમાણે પોલીસોએ તપાસ શરૂ કરી. દુકાનને આરસપહાણની ફરસબંધી હતી. તેમણે ઘણા પરિશ્રમને અંતે જમીન ઉપર ધુળથી ભરેલાં પગલાં શોધી કાઢ્યાં. તે એક બારીથી પિયાના સુધી અને ત્યાંથી બારણા સુધી હતાં. એ જોતાં જ એનો ફોટો લેવામાં આવ્યો અને તપાસ પુરી થઇ. સવારે મિત્રો ને ઘરાકો આગળ મૅનેજરે આ વાત કરી, પણ કોઇ માને જ નહિ ને! સૌ હસીને કહે, 'આપે બે ગ્લાસ વધારે ચડાવ્યા હશે!'

કેટલાક દિવસ છાપાંઓમાં આ આશ્ચર્યને મશ્કરીનો વિષય થઈ પડ્યો. પણ જ્યારે આવા બનાવ વારંવાર બનવા માંડ્યા ત્યારે સી. આઇ. ડી. ખાતાએ બહુ ચોંપથી તેની તપાસ શરૂ કરી. સરકાર તરફથી એક જાહેર ઢંઢેરો બહાર પાડી એ બાબતની કાંઇ પણ માહીતી મળે અથવા એવો બનાવ બને તો તરત જ પોલીસ સ્ટેશન ઉપર ખબર આપવાનું જણાવવામાં આવ્યું. સી.આઇ.ડી. ખાતાએ ઘણીઘણી યુક્તિઓ કરી, પણ તેમની નિષ્ફળતા અને લોકોની બીક વધતાં જ ચાલ્યાં; સાથે ચમત્કારોની સંખ્યા પણ વધતી ચાલી.

આમ કેટલાક માસ વીતી ગયા. પોલીસો આગળ રહસ્યપૂર્ણ માહીતીઓની એક મોટી ફાઇલ બની ગઇ. આખા પ્રાંતમાં આવા ચમત્કારોનો ધુમધડાકો શરૂ થયો. પરદેશમાં પણ લોકો ભેગા મળ્યે આ વિષે જ વાતો કરતા. કલકત્તામાં તો લોકો એટલા ડરી ગએલા કે રસ્તામાં કોઈ અચાનક ખભે હાથ મુકે કે માણસ બીકથી રાડ જ પાડી ઉઠતો; અથવા ગરદીમાં એકનો બીજાને જરા ધક્કો વાગે તો તે ધ્રુજવા જ માંડતો.

એક દિવસે રાત્રે બાર વાગ્યે ચૌરંઘી પોલીસ સ્ટેશનમાં ટેલિફોનની ઘંટડી વાગવા માંડી. કૉન્સ્ટેબલ કાન લગાડી બોલ્યો: 'હલ્લો!'

'ક્યાંથી બોલો છો?'

'ચૌરંઘી પોલીસ સ્ટેશનથી.'

'મદદ મોકલો. મિસ્ટીરિયસ ચોર પકડાગો છે.'

'હેં!'

'હા!'

'ક્યારે?'

'અત્યારે જ.'

'ક્યાં?'

'અહીં જ.'

'પોલીસોએ ક્યાં આવવું?'

'ક્લાઇવ સ્કવેર નંબર ૧૦.'

'તમારૂં નામ?'

'કૃષ્ણ ચૌધરી.'

ટેલિફોન બંધ થયો અને ૧૫ મિનિટમાં તો ક્લાઇવ સ્કવેર નંબર ૧૦ આગળ પોલીસોથી ભરેલી બે મોટરો ઉભી રહી! એમાંથી બે સાર્જંટ અને એક ડઝન કૉન્સ્ટેબલ્સ બહાર નીકળ્યા. ઘર પાસે ટોળાંબંધ લોકો ભેગા થએલા. એમાંથી એક જુવાન આગળ આવ્યો. સાર્જંટે પુછ્યું, 'મિસ્ટર કૃષ્ણ તમે જ કે?'

'જી હા.'

'શી ભાંજગડ છે?'

'મારી ઓરડીમાં કોઇક છે.'

'તમે જોયું?'

'ના. તે દેખાય તેમ નથી.'

'તો તે અંદર છે એ તમે કેમ જાણ્યું?'

'હું જ્યારે જમવા બહાર ગયો ત્યારે ઓરડીમાંનો લૅંપ હોલવીને ગયો હતો, પણ પાછો આવ્યો ત્યારે લૅંપ સળગતો હતો. એ જોઇ મને શંકા આવી. હું પગલાનો અવાજ ન થાય તેમ ધીમેથી બારી પાસે ગયો અને જોયું તો મારી ફાઉન્ટનપેન ટેબલ ઉપર પડેલા કાગળ પર પોતાની મેળે જ ઉભી થઇ લખતી હતી! હું તરત જ સમજ્યો કે જેની શોધ માટે બધા પ્રયત્ન કરે છે તે જ આ હોવો જોઇએ. પછી મેં વિચાર કર્યો કે જો કોઇ ભૂત, પ્રેત કે દેવતા હશે તો બારણું બંધ કરીશ તોયે બહાર નીકળશે; અને જો તેમ નહિ હોય તો અંદર સપડાશે. મારી ઓરડીને એક જ બારણું છે અને બારીઓને લોઢાના સળિયા છે. એટલે હું ધીરે રહીને બારણા પાસે ગયો અને ઝટ દઈને બારણું વાસી બહારથી સાંકળ ચડાવી દીધી.

અવાજ થતાં જ પેન ટેબલ ઉપર પડી અને દીવો હોલવાઇ ગયો. પછી તમને ખબર આપતાં પહેલાં તે વ્યક્તિ અંદર છે કે કેમ તે જોવાનો મેં નિશ્ચય કર્યો અને બારીમાંથી ડોકિયું કરવા લાગ્યો. અરધીએક કલાક બધું શાંત રહ્યું, પણ પછી પાછો લૅંપ સળગ્યો અને ઓરડીમાં પ્રકાશ પડ્યો. મેં પાછો ડોકિયું કરવાનો પ્રયત્ન કર્યો, પણ જવાબમાં મોંપર એક સજ્જડ ઠોંસો મળ્યો! એટલે હું પાછો હઠ્યો. હવે લૅંપ હોલવાયો છે અને પથારીમાં કોઇક સુતું હોય એમ લાગે છે.'

પોલીસ સાર્જંટ ચતુર હતો. એણે તરત જ ઓરડીની આસપાસ પોલીસોનો પહેરો ગોઠવી દીધો અને ઓરડીમાં સર્ચલાઇટનો પ્રકાશ પાડ્યો. ખાટલા ઉપર કોઇ ઓઢવાનું લઇને સુતું હોય એમ સ્પષ્ટ દેખાતું હતું. થોડી વારમાં ગોદડું હલવા લાગ્યું, અને હવાથી બાજુએ પડે તેમ પડ્યું. પણ નીચેથી કાંઇ જ નીકળ્યું નહિ. પોલીસ પોતપોતાની જગ્યાએ બરાબર ઉભા હતા. તે પછી તે આખી રાતમાં કાંઈજ વિશેષ બનાવ બન્યો નહિ.

પરોઢિયે તો 'એક અદૃશ્ય વ્યક્તિ પોલીસોના પંજામાં સપડાઇ છે' એવા ખબર આખા કલકત્તામાં અને પછી બેત્રણ કલાકે છાપાં મારફતે આખા દેશમાં પ્રસરી ગયા. સૂર્યોદય વખતે તો કલાઇવ સ્કેવર નં ૧૦ આગળ લાખો માણસોની મેદની જામી ગઈ. પોલીસોને પેલી અદૃશ્ય વ્યક્તિ પકડવા કરતાં લોકોની ગરદી ઓછી કરવામાં વધારે ત્રાસ પડ્યો. બપોરના બાર વાગ્યા, પણ પોલીસોની પહેરાબદલી કરવા સિવાય બીજો કાંઈ પણ ફેરફાર આ પરિસ્થિતિમાં થયો નહોતો.

છેવટે એક વાગ્યે ઓરડીમાંથી 'સાહેબ, ભુખ લાગી છે; કાંઈક ખાવાનું આપો.' એવો અવાજ સંભળાયો! અવાજ સાંભળી સાર્જંટ તરત જ આગળ આવ્યો. તેણે પુછ્યું, 'તમે કોણ છો અને કયાં છો?'

'હું માણસ છું અને તમારી સામે બારીમાં ઉભો છું.'

'પણ તમે દેખાતા તો નથી!'

'હા એ સાચું છે, પણ એ બહુ લાંબી વાત છે; પણ અત્યારે તો પેટમાં ગલુડિયાં બોલે છે; કાલે રાત્રે મેં ખાધું નથી ને અત્યારે પણ એક વાગવા આવ્યો!'

'ખાવાનું તો હમણાં જ મંગાવું, પણ તમારે અમારી જોડે ચોકી ઉપર આવવું પડશે.'

આ શબ્દ સાંભળી ઓરડીમાંથી હાસ્ય સંભળાયું અને જવાબ મળ્યો, 'જેવી તમારી મરજી; પણ ખાવા આપો તો બહાર આવું.'

'પણ તમને પકડવા કેમ? તમે દેખાતા તો નથી?'

'હું જ તમારી જોડે આવીશ.' જવાબ મળ્યો અને ફરી હાસ્યધ્વનિ સંભળાયો.

થોડી વધારે વાતચિત પછી ખુબ હીમતપૂર્વક ખાવાની ચીજો અંદર મોકલવામાં આવી, અને એ બધી ચીજો ચટ થતાં જ 'પાણી લાવો'નો અવાજ આવ્યો. પાણી પણ પહોંચાડવામાં આવ્યું. પછી બારણું ઉઘાડી એક જણ અંદર આવે એમ સુચવવામાં આવ્યું!

એ કામ બહુ આકરૂં હતું. અત્યાર સુધી બનેલા બનાવો એટલા વિચિત્ર હતા કે અંદર જવાની કોઈની હીમત ન ચાલે એ સ્વાભાવિક હતું. બધા એક બીજાનાં મોઢાં ભાળવા લાગ્યા. ત્યાં પાછો અવાજ આવ્યો, 'ડરશો નહિ. હું ભૂત કે પ્રેત નથી. હું તમારી જોડે ચોકી ઉપર જરૂર આવીશ.' આ શબ્દ સાંભળીને સાર્જંટ સાહેબને જરા હીમત આવી. તેમણે પોતાનો એક હાથ પિસ્તોલવાળા ગજવામાં અને એક આગળ ધરીને ઓરડીમાં પ્રવેશ કર્યો. બે પગલાં ગયા ત્યાં તો તે ધ્રુજવા લાગ્યા. ભર શિયાળો હતો તો યે તેમને પરસેવાના રેલા ઉતરવા લાગ્યા. સામે તો કોઇ જ દેખાતું નહોતું, પણ એમના હાથને સ્પર્શ કરી એક હાથ શેઇકહૅંડ કરી રહ્યો હતો! એ જ સાર્જંટ સાહેબના ગભરાટનું કારણ હતું. મહામુસ્કેલીથી તેમણે બીજો હાથ બહાર કાઢી મોટર લાવવાની ઇશારત કરી.

અદૃશ્ય વ્યક્તિને પકડવામાં આવી છે એ ખબર ચોકી ઉપર કયારના પહોંચી ગયા હતા. તે માટે ત્યાં પોલીસો, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને સાર્જંટો મોકલવામાં આવ્યા હતા. કૉન્સ્ટેબલ્સ પણ ડઝનેક આવ્યા હશે. બે ઉપર દસ મિનિટે મોટર આવી પહોંચી. સાર્જંટ સાહેબે મોટરમાંથી ઉતરી સાહેબને સૅલ્યુટ કરી. તેમને જોતાં જ સાહેબે પુછ્યું, 'ચોર કયાં છે?' સાર્જંટે પોતાના ડાબા હાથ તરફ નિશાની કરી કહ્યું, 'આ મેં પકડી રાખ્યો છે તે!'

'એને અંદર લાવો' બોલી સાહેબ અંદરની રૂમમાં ગયા.

સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ એક ખુરશી ઉપર બેઠા હતા. પાસે જ ટેબલ ઉપર લખવાની સામગ્રી સહિત એક ક્લાર્ક લખવાની તૈયારી કરીને બેઠો હતો. સાર્જંટ

અંદર આવ્યો. તેને બેસવાની ઇશારત કરી સાહેબે તેના ડાબા હાથ તરફ જોઇને પ્રશ્ન પુછવા માંડયા.

'તમે કોણ છો?'

'હું માણસ છું.'

'તમારૂં નામ શું?'

'નલિનીકાંત.'

'બાપનું નામ?'

'તે કહેવાની જરૂર નથી. ગુનોહ મેં કર્યો છે; મારા બાપે નથી કર્યો.'

'કાયદો છે તે પ્રમાણે કહેવું જ પડશે.'

'તો મારા બાપને જઇને પુછો.'

'ક્યાં રહે છે એ?'

'સ્વર્ગલોકમાં'

'શું બોલ્યા તમે?'

'સ્વર્ગમાં!'

એ સાંભળી સાહેબને ખુબ હસવું આવ્યું. તે પછી થોડી વારે તેમણે વળી પ્રશ્ન પુછવા શરૂ કર્યા.

'તમે ક્યાં રહો છો?'

'હાલ તુરત તો ચોકી ઉપર.'

'ના. ના; એની પહેલાં ક્યાં રહેતા હતા?' જરા ચીડાઇને સાહેબે પ્રશ્ન કર્યો.

'ક્લાઇવ સ્કવેર નંબર દસ.'

એ સાંભળતાં જ સાહેબનો પારો ખુબ ચડયો. તે ચીડાઇને બોલ્યા 'શું તમે સીધા જવાબ નથી આપવા માગતા?'

'સાહેબ, જવાબ તો આપું છું ને!' એમ નમ્ર શબ્દો સંભળાયા.

'જન્મ ક્યાં થયો.'

'મારે મોસાળ.'

'મોસાળ એ કયા જિલ્લાનું ગામ છે?'

એ સાંભળીને તો પેલો સાર્જંટ પણ હસવું ખાળી ન શક્યો; પણ બીચારો ખોંખારવાને બહાને હાસ્ય દબાવવા લાગ્યો. સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને નમ્ર ભાષામાં આ પ્રમાણે જવાબ મળ્યો: 'સાહેબ, પ્રાંતની ભૂગોળ ભણ્યે ચોવીસ વર્ષ થઈ ગયાં, એટલે હવે કાંઇ પણ યાદ નથી. પણ વાંધો નહિ; આપણે તેની જરૂર નથી. અને તે ગામ જાઓ તો તમારૂં કોઇ ત્યાં સ્વાગત પણ નહિ કરે. કારણ બે વર્ષ ઉપર જ ગંગામૈયાએ તે ગામ પોતાના ઉદરમાં સમાવી દીધું છે. હું પોતે આપની પાસે હાજર છું. હવે આપના જેવા હોશિયાર, બુદ્ધિમાન અને ન્યાયતત્પર અધિકારીનું દર્શન થવા જેવું મેં શું પુણ્યકર્મ કર્યું છે તે જરા જણાવશો તો કૃપા થશે.'

સાહેબ કહે, 'વે'રી વેલ. હવે એ બોલો કે તમે દેખાતા કેમ નથી?'

'એ દુષ્કર્મનું ફળ છે.'

'હેં! એ શું? હું સમજ્યો નહિ.'

'સાચ્ચે જ એમાં મારો કશો દોષ નથી!'

'અહ . . . જરા સ્પષ્ટ કરી કહો. શું તમે જન્મથી જ આમ છો?

'એ તે કેમ બને? પણ હવે વિગતથી સાંભળો. જન્મથી કાંઈ હું આવો ન હોઉં. હું કલકત્તા યુનિવર્સિટીની એમ. એ.ની પરીક્ષામાં પાસ થયો છું. તે પછી હું સંશોધન વિભાગમાં કામ કરતો હતો. એક દિવસ એક જર્મન ફીલસુફના એક ગ્રંથમાં દશ્ય ને અદશ્ય પદાર્થો વચ્ચેમાંના ભેદનાં કારણો વાંચતાં, મારા મનમાં એવી એક કલ્પના આવી કે માણસ પણ કેમ અદશ્ય ન થઇ શકે? એ પ્રમાણે બીજે દહાડે મેં મારા પ્રોફેસર બ્રાઉન આગળ આ વાત કાઢી. તેમણે તો કહ્યું. 'તું પાગલ છે.' તે પછી જ્યારે મેં તેમને મારી કલ્પના રીતસર કહેવા માંડી ત્યારે તેમણે કહ્યું, 'મને તારો લવારો સાંભળવાનો વખત નથી.' અને મારૂં કહેવું ન સાંભળતાં જ એ ચાલ્યા ગયા.

પછી થોડે દહાડે મારા પિતા ગુજરી ગયા. મારી પત્ની પણ તે જ અઠવાડિયામાં ગુજરી ગઇ. આ બે મૃત્યુથી મને અનિવાર્ય દુઃખ થયું. હું ઘર બહાર નીકળતો પણ બંધ થયો. કેટલાક મહીના પસાર થયા. હજી હું બહાર નીકળતો ન હતો. જરા બોલું તો પણ મને દુઃખ થતું. સાધારણરીતે હું એકલો જ રહેતો. થોડા દહાડા પછી મને પેલા જર્મન ફીલસુફના વિધાનનું સ્મરણ થયું. તે સંબંધી વિચાર કરવા માટે હવે ભરપુર વખત હતો. આ રીતે ઘણાં વરસો મેં વિચાર કરવામાં ગાળી નાખ્યાં. તે પછી મને પદાર્થો અદશ્ય કરવાની એક યુક્તિ સુઝી, પણ તે યુક્તિના પ્રયોગ કરવા માટે પૈસા જોઇએ. મેં મારા પિતાના બેંકમાંના બધા પૈસા ખરચી જોઇતાં બધાં ઉપકરણો લાવી પ્રયોગો શરૂ કર્યા.



અનેક વાર પ્રયોગ કર્યા, પણ કશી સિદ્ધિ મળી નહિ. આ રીતે ધીરેધીરે બધું દ્રવ્ય ખલાસ થયું. છેવટે ઘરમાંના દાગીના અને જમીનો વેચવા સુધી વાત આવી. તેમાં પણ હું પાછો ન હઠયો.

એક દહાડો અચાનક હું પ્રયોગશાળામાં ગયો તો અંદરથી મિયાંઉ, મિયાંઉ, એવો અવાજ સંભળાયો. મને લાગ્યું મારી બિલાડી અંદર પુરાઇ ગઇ હશે. એ જ બિલાડી ઉપર હું પ્રયોગો કરતો. તે આજ સુધી કોઇ દિવસ અદૃશ્ય થઇ નહોતી; પણ મેં જ્યારે તેને બૂમ પાડી ત્યારે તરત જ પાંચ શેરનું એક વજન મારા ખોળામાં પછડાયું. એ બિલાડી મારી સાથે રમતી અને ખોળામાં પણ આવીને બેસતી. પણ આજે મારા ખોળામાં બિલાડીનું વજન અને તેનો મિયાંઉ મિયાંઉ અવાજ એ જ માત્ર હતું; બિલાડી ત્યાં દેખાતી ન હતી! કેટલીક સેકંડ તો હું સ્થિર જ ઉભો રહ્યો. પછી ધીરેધીરે સ્વસ્થ થયો. મારો પ્રયોગ યશસ્વી થયો હતો એ જોઇ મારા આનંદનો પાર ન રહ્યો. હું પ્રયોગશાળામાં નાચવાકુદવા લાગ્યો થોડી વાર ખુરશી ઉપર બેસું, વળી હરખમાં ને હરખમાં ઓરડીમાં ઝપાટાબંધ આંટા મારૂં. હું જાણે ગાંડો જ બની ગયો હતો. મને આગળપાછળનું કાંઈ ભાન જ ન રહ્યું. અને એ જ મારી સંકટ પરંપરાનું કારણ થઇ પડયું.

એ વખતે જો મેં મારી જાતને કાબુમાં રાખવાનો પ્રયત્ન કર્યો હોત તો આજે આ દુઃખ અને કલેશ ન ભોગવવાં પડત, અને કદાચ આજે હું જગતમાં સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનશાસ્ત્રી બની ગયો હોત. થોડા કલાક પછી જ્યારે મારો હર્ષાતિરેક ઓછો થયો ત્યારે મારો પ્રયોગ યશસ્વી થવાનાં કયાં કારણો રાત્રે બન્યાં હશે તેનો હું વિચાર કરવા લાગ્યો. એટલામાં મારૂં ધ્યાન ઉપકરણો તરફ ગયું. જોઉં છું તો શું?!! આગલી રાત્રે ઇલેક્ટ્રિક સ્વિચ બંધ નહોતી કરી અને વૅક્યુમ ટયુબની સામે જે શેડ હતી તે નીચે પડી તેના ટુકડે ટુકડા થયા હતા. કદાચ બિલાડી ટેબલ ઉપર ચડી હોય અને ધક્કાથી શેડ ફુટી ગઇ હોય એમ મેં ધાર્યું. હું તરત જ ઉભો થયો. અને સ્વિચ બંધ કરવા હાથ આગળ કર્યો. પણ ત્યાં તો મારૂં માથું ભમવા લાગ્યું, મારી આંખે અંધારાં આવવા લાગ્યાં. જોઉં છું તો મારા કોટની બાંય ઉંચી થઇ હતી, પણ મારા હાથનું નામનિશાન પણ ન મળે! જેણે બિલાડીને અદૃશ્ય કરી હતી તેણે જ મને પણ અદૃશ્ય બનાવ્યો હતો. કોઇ અકલ્પ્ય લાગણીથી મેં સ્વિચ બંધ કરી.

કલાકો સુધી હું આ નવી સ્થિતિ ઉપર વિચાર કરતો બેસી રહ્યો. જાતે અદૃશ્ય થવાની મારી ઇચ્છા ન હતી, અને જે થઇ તે ભારે ગંભીર ભુલ હતી. રાત્રે ભુલથી સ્વિચ ઉઘાડી રહી ગઈ હતી. બિલાડી ભુલથી અંદર પુરાઇ ગઇ હતી, અને એનાથી ભુલથી વેક્યુમ ટયુબની શેડ ટુટી ગઇ હતી ને એ રીતે બિલાડી અદૃશ્ય થઇ હતી. પણ મેં જ્યારે બિલાડીને અદૃશ્ય થએલી જાણી ત્યારે એથી પણ વધારે ગંભીર ભુલ મેં કરી. કારણની તપાસ કરતાં પહેલાં જ હું હર્ષાતિરેકમાં ડુબી ગયો અને તે પણ એ જ રૂમમાં કે જ્યાં મારા પ્રયત્નનું ફળ મળવાનું હતું ત્યાં! પણ હવે શું થાય?

સાંજના પાંચ વાગી ગયા. સવારથી કાંઇ ખાધું ન હતું. પેટમાં ગલુડિયાં બોલવા લાગ્યાં. મેં મારા નોકર મુરારીને ભોજન લાવવા બુમ મારી. મુરારી ભોજન

લઇ આવ્યો. તે ટેબલ ઉપર મુકી મને કાંઇ પુછવા માટે મારા તરફ વળ્યો. એટલામાં એની નજર મારા મોઢા ઉપર અને હાથ ઉપર પડી. એ જોતાં જ એ થરથર ધ્રુજવા જ લાગ્યો અને ચીસ પાડી બે-ભાન થઇ એ ધબ દઇને પડવા ગયો; પણ મેં એને એકદમ ઝીલી લીધો અને તેને પથારીમાં સુવાડી તેના મોઢા ઉપર પાણી છાંટયું. થોડી વાર પછી તેણે આંખો ઉઘાડી. પણ ઉઘાડતાં વેંત જ તે પાછી બંધ કરી. હવે શું કરવું? હું તો મુંઝાયો. પછી જ્યારે અરીસા પાસે જઇ મેં મારો ચહેરો જોયો ત્યારે મને મુરારીના ભયનું કારણ જણાઇ આવ્યું. મારૂં મોઢું, માથું, ગળું વગેરે બધું ગુમ! દરજીની દુકાનમાં જે પ્રમાણે હૅંગર ઉપર કોટ ટાંગેલા હોય છે તે જ પ્રમાણે અરીસામાં શર્ટ અને કોટ દેખાતાં હતાં. પણ શર્ટની અંદર હૅંગર ન હતો અને કોટ ઉપર ગળું બળું કાંઇ ન મળે! એ દૃશ્ય એટલું તો ભયાનક હતું કે મેં પોતે જ મોં બીજી તરફ ફેરવી લીધું. પછી પ્રયોગશાળામાં આવી જોયું તો મુરારી નાસી ગએલો! જમવાનું ત્યાં જ પડયું હતું. જેમતેમ કરી ચાર કોળિયા જમી પાછો હું મારી સ્થિતિ ઉપર વિચાર કરવા લાગ્યો.

તે પછી હું દસ વરસ સુધી ત્યાં જ રહ્યો, પણ લોકોને લાગતું કે હું કોઇને પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો છું, એટલું જ નહિ પણ મારા પિતાના અને મારી પત્નીના આત્મા ત્યાં બરાડા પાડે છે એમ તેઓ માનતા. ખરી વાત એમ હતી કે હું પોતે જ વચ્ચે વચ્ચે ગાંડાની જેમ વર્તતો અને બરાડા પાડતો. એક દહાડો એ ગાંડપણમાં મેં મારા હજારો રૂપિયાનાં બધાં ઉપકરણો ફોડી ચુરેચુરા કરી નાખ્યા. એ વખતે ફક્ત મારી બિલાડી મારી સાથે હતી. ધીમેધીમે મારા મનમાં થોડી હીમત અને શાન્તિ આવી અને હું બહાર નીકળવાનું સાહસ કરવા લાગ્યો. શરીર ઉપરનાં કપડાં અદૃશ્ય ન હોવાને કારણે તે વગર જ બહાર નીકળવું ઇષ્ટ હતું. શરીર અને શરીરાન્તર્ગત તો બધું અદૃશ્ય હતું. ગયા છ સાત મહીનાથી હું કલકત્તામાં છું. તે પછીના રીપોર્ટ તો તમે જાણો છો જ, એટલે તે કહેવાની જરૂર નથી.'

સુપરિન્ટેન્ડેન્ટ: વાહ વાહ, મિસ્ટર વંડરફુલ! આ તો માન્યામા ન આવે એવું છે! આ વાત સાંભળીને તો બુદ્ધિ બહેર મારી જાય છે.

નલિન: હા સરકાર.

સાહેબ: ઠીક ત્યારે તમે ચોરીઓ કરી છે તે માટે તમને કેદ કરવામાં આવશે ને તમારા ઉપર કેસ ચાલશે.

નલિન: મેં કાંઇ જ ચોરી કરી નથી; 'બળિયાના બે ભાગ' એ તો દુન્યવી ન્યાય જ છે. તમે જ કહો તમે હિંદુસ્તાનમાં ચોરી કરો છો કે નહિ?

સાહેબ: ના, અમારૂં તો હિંદુસ્તાનમાં રાજ્ય છે.

નલિન: તદ્દન સાચું. પણ તમને અહીં રાજ્ય કરવાનું કહ્યું કોણે?

સાહેબ: વાહ વાહ! રાજ્ય તે વળી કોઇને કહ્યે થતું હશે? જેનામાં તાકાત હોય તે રાજ્ય કરે. જે બલહીન હોય છે તે પરાધીન હોય છે.

નલિન: બરાબર; તદ્દન બરાબર, પણ હું એમ કહું છું કે અંગ્રેજોમાં તે વળી એવું કયું બળ છે?

સાહેબ: જુઓ યૂરોપિઅનોએ આગગાડીઓ બનાવી, તારયંત્ર બનાવ્યું, આગબોટો બનાવી, બંદુકો બનાવી સ્ફોટક દ્રવ્યો બનાવ્યાં, અને સૌથી આશ્ચર્યકારક તો એ છે કે અમે વિમાનો અને વાયરલેસ સંદેશયંત્રો શોધી કાઢયાં.

નલિન: પણ મહાશય, મેં તો એવી વસ્તુ શોધી છે કે જે તમારી બધી શોધોને ટપી જાય છે. અને હું પણ મારી શોધનું ફળ ભોગવું છું. ચોરી જરા યે નથી કરતો. તમે તમારી શોધના બળ ઉપર હિંદુસ્તાનને લુટી રહ્યા છો; હું મારી શોધનો ઉપયોગ ફક્ત પેટ ભરાવા માટે મીઠાઈ ખાવામાં જ કરૂં છું.

સાહેબ: પણ અમે તમને પકડી લાવ્યા છીએ એટલે તમારૂં બળ નિરૂપયોગી થયું છે; અમને તો કોઇ પકડી શકતું નથી.

નલિન: જુઠું! હડાહડતું જુઠું. હું તો મારી ઇચ્છાથી અહીં આવ્યો છું.

અને એ શબ્દો સાથે તો સાહેબના ગાલ પર એક સણસણતો લપડાક ચોંટી અને સાર્જંટ સાહેબને એટલા જોરથી ધક્કો મળ્યો કે તે નીચે ગબડી પડ્યા અને ખુરશી એમની છાતી ઉપર જઇ પડી.

સુપરિન્ટેન્ડેન્ટે તરત જ પિસ્તોલ કાઢી ધડ ધડ બેના બાર કર્યા. ગોળીઓ સામી ભીંતમાં પછડાઇ.

(અનુસંધાન આગળ પાન ૨૨૩ને છેડે)



છબી કેમ પડે છે?

ફોટોગ્રાફીની લેખમાળાનું 'એક્સ્પોઝર' વિષેનું પ્રકરણ

ફોટોગ્રાફીમાં ચિત્રનો માર્ગ લેન્સમાં થઇને ચિત્રભૂમિ ઉપર જાય છે, અને લેન્સ પ્રકાશનાં કિરણોને કેન્દ્રિત કરવાનું તથા વધુ ગતિમાન કરવાનું કામ કરે છે એ આપણે અહીં સુધી સમજ્યા.

પ્રકાશના બળથી કેટલાંક રસાયણો એકદમ ફેરફાર પામે છે, તેમાં નાઇટ્રેટ ઑફ સિલ્વર (રૂપાનો ક્ષાર) એ મુખ્ય રસાયણ છે. ફોટોગ્રાફીના ઇતિહાસમાં આપણે વાંચ્યું કે તેની શોધ થઇ ત્યારથી પ્રકાશનાં ચિત્રો છપાવા લાગ્યાં છે. આજે તો તેનાં મિશ્રણોવાળી વિવિધ પ્લેટો, ફિલ્મો અને પત્તાંઓની બનાવટ અદ્દભુત પૂર્ણતાએ પહોંચી છે. ફોટોગ્રાફી કરનારને બજારમાંથી તૈયાર ફિલ્મો, પ્લેટો કે પૅકેટો, સીધાં તેનાં રસાયણખાતાંમાંથી આવેલાં, તદ્દન પૅકબંધ મળી શકે છે, અને પ્રમાણમાં તે એટલાં સસ્તાં હોય છે કે તે ઘેર બનાવવાની ઇચ્છા કરવી એ વખત અને પૈસા બગાડવાનું જ કામ ગણાય.

આ ફિલ્મો કે પ્લેટોને, તેના પર છબી પડતાં સુધી પ્રકાશથી સંપૂર્ણપણે સુરક્ષિત રાખવી જોઇએ, કારણકે તે પરની રસાયણી દવાઓ સૂર્યપ્રકાશ વખતે સેકંડના ૧૦૦૦મા ભાગ સુધીમાં પણ છબી પકડી લે એટલી પ્રબળ હોય છે. એટલે જરાપણ ભુલથી જો પ્લેટ કે ફિલ્મ ઉઘાડી થઇ જાય તો તે ફોટોગ્રાફી માટે તદ્દન નકામી થઇ જાય છે.

પણ એક વાત છે. તેના ઉપર લાલ પ્રકાશની જરા પણ અસર થતી નથી. એટલે એ પ્લેટો અને ફિલ્મોને ખોલવી હોય તો બીલકુલ અંધારા (જ્યાં બહારના પ્રકાશનું કિરણ પણ ન આવતું હોય તેવા) ઓરડામાં લાલ બત્તી રાખીને ખોલી શકાય છે; અને ત્યાં જ તેને કૅમેરાના ઘરામાં બેસતી કરી લેવાય છે. દરેક જાતના કૅમેરા જોડે તેના માપનાં ઘરાં આવે જ છે; અને તે માપની પ્લેટો તેમાં અગાઉથી ભરી રાખવી પડે છે. કૅમેરામાં તેને ગોઠવ્યા પછી પણ માત્ર છબી લેતી વખતે જ તે ઘરાંને ખોલવાનું હોય છે.

પણ ફિલ્મોની શોધ થયા પછી આ રીતે અંધારામાં જઇને ભરવાની કડાકુટ નીકળી ગઇ છે. જોકે ધંધાદારી ફોટોગ્રાફરો તો પોતાના ખાસ કામ માટે ફોટોગ્રાફી કરવામાં ફિલ્મોને બદલે પ્લેટો વાપરવાનું જ પસંદ કરે છે; પણ જે ધંધાર્થી ન હોય તેવા, શોખને ખાતર ફોટોગ્રાફી કરનારાઓ માટે તો ફિલ્મ વાપરવી એ જ બહુ સરળ અને સલાહભર્યું છે. એમાં કશી કડાકુટ હોતી નથી. ફિલ્મમાં છ કે આઠ ચિત્રો પડે એટલી લાંબી રસાયણી પટી હોય છે, અને તે ખુલ્લી થાય તે પહેલાં આગળ ઘણો લાંબો કાગળનો ખાલી પટો વીંટીને પ્રકાશથી તેનું બરોબર રક્ષણ કર્યું હોય છે; એટલે અંધારી ઓરડી કે લાલ પ્રકાશની જરૂર પડ્યા વિના ગમે ત્યારે ફિલ્મને કૅમેરામાં બેસાડી શકાય છે. ફિલ્મને કૅમેરામાં ચડાવતી વખતે આ પટાનો ભાગ વીંટવાના કામમાં આવે છે.



ફિલ્મ કૅમેરા જુદી જુદી જાત અને માપના આવે છે અને તે દરેક કૅમેરામાં ખાસ તેના જ માપની ફિલ્મો વીંટવાની ગોઠવણ હોય છે. કૅમેરાનું લેન્સ પાછળનું પીઠનું ઢાંકણું ઉઘાડવાથી એક છેડે ફિલ્મ ચડાવવાનો ખાલી રોલ મુકેલો માલુમ પડે છે. તેમાં ફિલ્મનો છેડો બેસી. બાકીની ફિલ્મ, એ રોલની સામી બાજુ એક બીજો રોલ રાખવાની ગોઠવણ હોય છે તેમાં ભરાવી દેવાની હોય છે. ત્યાં ફિલ્મને બહારથી ફેરવી શકાય એવી ચાવીની રચના પણ હોય છે. એ ચાવી જોડે ફિલ્મને બરોબર ભરાવી દીધા પછી કૅમેરા બંધ કરીને ચાવી ફેરવવાથી ફિલ્મનો ખાલી પટો સામેના ખાલી રોલ પર વીંટાવા માંડે છે. દરેક કૅમેરાની પીઠ

ઉપર એઓની જેવડી લાલ પડદાવાળી બારી હોય છે તેમાંથી એ ફિલ્મને વીંટાતી જોઇ શકાય છે. ખાલી કાગળ વીંટાઇ રહેવા આવે છે કે તરત આવી ☛ હાથની નિશાની દેખાય છે. એ આવે એટલે સમજવું કે હવે ફિલ્મ આવશે. એ હાથ પછી તરત તમને બારીમાં નં. ૧ આવેલો જણાશે. તેનો અર્થ એ કે ફિલ્મની પટીમાંથી ૧ નંબરનું ચિત્ર લઇ શકાય એટલો ભાગ બરોબર વીંટાઈ આવ્યો છે. તરત તમારે જે ચિત્ર લેવું હોય તે લઈ લો, અને કામ પુરૂં થાય એટલે પાછી ચાવી ફેરવો એટલે નં. ૨ આવશે. એમ એક પછી એક નં. ૬ કે નં. ૮ (જેવો કૅમેરા) સુધી આવ્યા કરશે; અને એ પુરૂં થયે ફરી પાછો કાગળનો લાંબો પટો આવશે. એ પુરેપુરો વીંટાઈ જાય એટલે પછી તમે કૅમેરાની પીઠ ઉઘાડી ફિલ્મનો વીંટો બહાર કાઢી લઇ શકો; કેમકે બંને બાજુએ કાગળનો લાંબો પટો સજ્જડ રીતે વીંટાએલો હોવાથી તેમાં પ્રકાશ પહોંચવાનો માર્ગ રહેતો નથી.

પીઠ ઉઘાડવાથી તમને જણાશે કે ફિલ્મ પોતાના રોલ ઉપરથી સામેના ખાલી રોલ ઉપર ચડી ગઇ છે. એ રોલ તમે કાઢી લેશો અને અગાઉનો ફિલ્મવાળો હવે ખાલી થએલો રોલ તેની જગ્યાએ મુકી દેશો કે જેથી ચાવીની જગ્યાએ પાછી નવી ફિલ્મ ભરાવવા થાય. ફિલ્મના રોલની આ જાતની ગોઠવણ લગભગ બધી જાતના કૅમેરાને એકસરખી લાગુ પડે છે.

હવે, એ ફિલ્મ ઉપર ચિત્ર કેમ પડે તે જોઇએ. બહારનો પ્રકાશ ચિત્રને એ ફિલ્મ (કે તેની જગ્યાએ પ્લેટ હોય તો પ્લેટ) ઉપર લેન્સ મારફતે જ ખેંચી લાવે છે માટે ફિલ્મ કૅમેરાઓમાંની લેન્સની ગોઠવણો હવે સમજવાની જરૂર છે.

દરેક કૅમેરામાં લેન્સ આગળ બે પ્રકારની ગોઠવણ હોય છે: એક 'શટર'ની; ને બીજી, ચિત્રભૂમિનું અંતર બરોબર ગોઠવવાની. શટર એટલે બહારના પ્રકાશને અંદર જતો રોકી રાખનારૂં બારણું એ આપણે અગાઉના પ્રકરણમાં સમજી ગયા. શટર ન હોય—અથવા પ્રકાશનો માર્ગ ખુલ્લો રહી ગયો હોય—તો અંદરની ફિલ્મ કે પ્લેટ ઉપર અતિ પ્રકાશ ધસી જઇને તેને સાવ કાળી ને રદ કરી મુકે છે. તે વખતે તેને બદલી નાખ્યે જ છૂટકો. એટલે શટર એ કૅમેરાનું લેન્સ જેટલું જ ઉપયોગી અંગ છે અને ફિલ્મ કે પ્લેટ ચડાવતી વેળા, તે ખુલી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે.

જોકે દરેક શટરને ચાંપ રાખેલી હોય છે; અને પ્લેટની દવાઓને જોઇએ તેટલો જ પ્રકાશ અંદર ધાર્યા પ્રમાણે આપી શકાય એવી ગોઠવણ એ શટર સાથે કરેલી હોય છે. તેના આંક પાડેલા હોય છે: જેમકે ૧/૨૫ સેકંડ, ૧/૧૦૦ સેકંડ, ૧/૧૦૦૦ સેકંડ વગેરે. એ આંક ઉપર શટરનો કાંટો મુકીને ચાંપ દાબવાથી એ જુદીજુદી ઝડપ શટરને આપી શકાય છે. આ ઝડપો, પ્રકાશના પ્રમાણ અને ચિત્રના પ્રકાર ઉપરથી છબી પાડનારે નક્કી કરી લેવાની હોય છે. પ્રકાશનો પ્રવાહ જરૂર કરતાં લેશમાત્ર વધી જાય તો ચિત્રાંકન સારૂં ન પડે; તેમજ પ્રવાહ ઓછો મળે તોપણ ચિત્ર આછું પડે. આથી, માપસર પ્રકાશ લેવાનું કામ (એક્સ્પોઝર) એ ફોટોગ્રાફીની જરૂરની કુંચી ગણાય છે. તે આવડે એટલે ફોટોગ્રાફી આવડી એમ કહી શકાય.

એક્સ્પોઝર—તેજોવિધાન

દરેક કૅમેરામાં આ એક્સ્પોઝર (પ્રમાણસર પ્રકાશ) આપવા માટે, ઉપર જણાવ્યા પ્રમાણે શટરની ચાંપ આપેલી હોય છે. એ ચાંપ, એક સેકંડના ૨૫મા ભાગ જેટલી ઝડપથી લેન્સના મોં ઉપર એક કાણાવાળું ચક્કર ફેરવે છે, અને એટલા વખતમાં પ્રકાશ અંદર દાખલ થઇ ચિત્રના કિરણો પ્લેટ ઉપર છપાઈ જાય છે. આ પ્રકાશ દાખલ થવાની ઝડપ કૅમેરાઓમાં જુદી જુદી જાતની હોય છે. બહુ ઊંચા કૅમેરામાં તો એક સેકંડના ૧૦૦૦મા ભાગ સુધીની ઝડપવાળી ચાંપ હોય છે!



પણ બધાં જ ચિત્રો કાંઇ આટલા પ્રકાશથી પડે નહિ. કોઇ ઠેકાણે પ્રકાશ ઝાંખો હોય; કોઇ વાર ઘરના

અંદરના ભાગમાં છબી પાડવાની હોય. આવે પ્રસંગે વધારે પ્રકાશની જરૂર પડે છે. એની પણ ગોઠવણ શટરની ચાંપ સાથે કરી હોય છે અને તે વડે પ્રકાશનો વખત મરજી પ્રમાણે વધારી શકાય છે. લેન્સની આગળ સામાન્ય રીતે T (એટલે ટાઇમ), B (એટલે બલ્બ) અને I (એટલે ઇન્સ્ટન્ટેનિયસ—ત્વરિત ઝડપ) એમ ત્રણ અક્ષરો એક નાની ચકરડી ઉપર આપ્યા હોય છે. પુરા સૂર્યપ્રકાશમાં ત્વરિત ચિત્રો લેવાં હોય ત્યારે I ઉપર ચકરડી ફેરવીને પછી જેટલી ગતિ (૧/૨૫ કે ૧/૧૦૦ સેકંડ—અથવા જોઇએ તેટલી) જોઇતી હોય તે દર્શાવનાર આંક પર શટરને લાવીને ચાંપ દબાવવાથી શટર તે ગતિએ ઉઘડીને આપમેળે બીડાઈ જાય છે. પણ પ્રકાશ વધુ જોઇતો હોય, ને આપણા ધાર્યા જેટલો વખત શટર ઉઘાડું રાખવું હોય ત્યારે T અથવા B ઉપર ચકરડી ફેરવવી. B ઉપર ફેરવવાથી, ચાંપ પર આપણે જેટલો સમય આંગળી દાબી રાખીએ તેટલો સમય શટર ખુલ્લું રહે છે, અને આંગળી ઉપાડી લઇએ એટલે શટર બંધ થઇ જાય છે. T ઉપર ચકરડી ફેરવીને ચાંપ દાબો એટલે શટર એવી રીતે ખુલ્લું થઇ જાય છે કે ચાંપ ફરીથી દાબો ત્યારે જ પાછું બંધ થાય. એક કે બે મિનિટ જેટલો લાંબો વખત આપીને એક્સપોઝર લેવાનું હોય ત્યારે ચાંપ પર આંગળી એટલો લાંબો વખત સ્થિર ન રહે અને કૅમેરા હલી જવાનો ભય. એવે વખતે આ T (એટલે ટાઈમ) નો ઉપયોગ કરવાનો હોય છે. શટરની આ ગોઠવણને લીધે દરેક જાતના પ્રકાશમાં ચિત્રો લેવાનું સુગમ પડે છે. પેટી ઘાટના કૅમેરામાં આ ગોઠવણો જુદી રીતે હોય છે, તે હકીકત તેવો કૅમેરા વાપરવાની વાત વખતે આપણે સમજીશું.

કૅમેરામાં લેન્સ મારફતે આવતાં પ્રકાશ-કિરણો ચિત્ર પુરતાં યોગ્ય પ્રમાણમાં આવે તો જ ફિલ્મ ઉપરનાં રસાયણો બરાબર અસર પામે. નહિ તો, કાં તો તે અસ્પષ્ટ રહી જાય અને કંઈ જ ન પડે; અથવા તો વધુ પડતાં કિરણો આવવાથી આકૃતિ રેલાઇ જાય. આ બધી ચોકસાઇ માટે એક્સપોઝર વખતે નીચેની ચાર બાબતોનો ખાસ વિચાર કરવો જોઇએઃ

(૧) પ્રકાશ: બારે માસ અને ઋતુએ ઋતુમાં પ્રકાશનું બળ જુદુંજુદું હોય છે. વળી દિવસના દરેક પહોરે પણ પ્રકાશનું બળ વધેઘટે છે. લાલ અને પીળા રંગોની અસર ફોટોગ્રાફિક પ્લેટ ઉપર બીલકુલ અંધારી હોય છે. જોકે આપણી આંખને તે રંગો અતિ પ્રકાશિત લાગે છે, પણ છબીમાં તો એ કાળાશ પકડવાના! એટલે આસપાસનો પ્રકાશ અને આ બધી બાબતો એક્સપોઝર નક્કી કરવામાં મુખ્ય ધોરણ બને છે.

(૨) લેન્સમાંથી પ્રવેશ પામતાં તેજકિરણોનો પ્રવાહ 'બરોબર' માપસર રહેવો જોઇએ. આ પ્રવાહને અંકુશમાં રાખવાને ડાયાફ્રામ (અથવા નાનીમોટી થતી ગોળ બારી) લેન્સની આગળ અથવા પાછળના ભાગમાં હોય છે. જેમ આ બારી નાની થતી જાય તેમ, પુરતાં કિરણો લેવાને પ્રકાશ વધારે વખત માગે, એ તો સમજાય એવું છે. સમજો કે આપણે ૧/૨૫ સેકંડ પર આંક રાખીએ અને ડાયાફ્રામ તદ્દન ખુલ્લી રાખીને એક બજારનો દેખાવ લઇએ. પણ પછી એ જ માપથી નદીકિનારાનો દેખાવ પાડવા જઇએ તો ત્યાં પ્રકાશનો પ્રવાહ વધુ પડવાનો. એટલે ત્યાં ચાંપનો વખત ૧/૨૫ રાખીને ડાયાફ્રામને જરા સાંકડી કરવી જોઇએ. નહિતર ચિત્ર હદ કરતાં વધુ પ્રકાશ લેશે (ઓવર એક્સપોઝ થઇ જશે) અને છાયાઓ ફિક્કી પડશે.

(૩) ફિલ્મ કે પ્લેટ પરની દવાઓની ગ્રહણશક્તિ વધુઘટુ હોય છે. સર્વ રંગો લેનારી ફિલ્મો કે પ્લેટો વધુ ઝડપે પ્રકાશ શોષે છે, એટલે તેના માટે એક્સપોઝનો વખત ટુંકો જોઇએ. પણ આડાં ફિલ્ટર (રંગો ગળનારા કાચ) મુકેલા હોય તો સાધારણ પ્લેટ કરતાં વખત વધવો જોઇએ. જોકે હાલ વપરાતાં બધાં હાથ-કૅમેરાઓમાં શટરનાં માપ એકસરખાં હોવાથી બધી ચાલુ વપરાશની ફિલ્મોને એકસરખું માપ કામ લાગે છે.

(૪) ચિત્રનો વિષય કેટલો પ્રકાશિત છે તે જોઈ લેવું જોઇએ. તેમાં ખાસ કરીને ચિત્રની છાયાઓમાં દેખાતાં અંગો પર લક્ષ આપવું જોઇએ. તેમાં અંતરને લીધે બહુ ફેર પડે છે. નજીકના પાત્ર પર ઘેરી ઉઠાવદાર છાયાઓ દેખાય છે. તે જ પાત્ર ફરીને દૂરથી પાડીએ તો છાયાઓ આછી બને છે અને અંદરના બીજા પટો વધારે મળી જતા બની જાય છે. પાત્રનો રંગ, કપડાં, બધું જ પ્રકાશના ધોરણથી જોવું જોઇએ. ઘેરા લીલા, કથ્થાઈ વગેરે રંગો વધુ પ્રકાશ માગે; વાદળી અને જાંબલીને તેથી ઓછો ચાલી શકે.


ડાયાફ્રામ

આ ચાર બાબતોને લીધે એક્સ્પોઝરનાં અનેક માપ ઉભાં થાય છે. તે બધાંને પહોંચી વળવા માટે ચાંપ જોડે આપેલાં પેલાં માપ પુરતાં થતાં નથી; એટલે જ ડાયાફ્રામ (અથવા સંકોચબારી) કામની થઈ પડે છે. આ સંકોચબારી (ડાયાફ્રામ) ઉપર જુદા જુદા કૅમેરામાં જુદા જુદા આંક આપ્યા હોય છે. કેટલાકમાં ૧, ૨, ૩, ૪ આંક આપ્યા હોય છે; કેટલાકમાં લેન્સના F નંબરથી વધારી ૧૬ કે ૩૨ સુધી આંક આપ્યા હોય છે. શટરની ગતિમાં ફેરફાર ન થઈ શકે




ત્યારે આ આંક પ્રમાણે બારીનો સંકોચ કરવાથી પ્રકાશનું પ્રમાણ જોઇતું મેળવી શકાય છે; પણ માર્ગ નાનો થવાથી પ્રકાશનો વખત-એક્સ્પોઝર-વધે છે.

ડાયાફ્રામ ઉઘડતી જાય તેમ



બારીના સંકોચથી એક બીજો લાભ એ થાય છે કે કિરણો વધુ કેંદ્રિત બનવાથી ચિત્રાંકન ખુબ સ્પષ્ટ અને બારીક બને છે. ચાંપઢાંકણ (શટર)ની ગતિ અરધી સેકંડથી વધુ આપવાનો પ્રસંગ આવે ત્યારે કૅમેરા હાથમાં રાખીને કદિ એક્સ્પોઝર આપી શકાય નહિ. કોઈ સ્થિર જગ્યા કે ટેકા પર તેને સ્થિર કરીને ચાંપ દાબો તો જ હાલ્યા વિનાનું ચિત્ર મળે; નહિતો હાથના થડકારાથી ચિત્રની રેખાઓ બધી ડોળાઈ જવાની.

ડાયાફ્રામ બંધ થતી જાય તેમ



એક્સ્પોઝર આપતાં પહેલાં હજુ બીજી પણ એક બાબત વિચારી લેવાની રહે છે: તે ચિત્રનું ફોકસ. 'ફિક્સ્ડ ફોકસ કૅમેરા'માં તેની ચિંતા રહેતી નથી; પણ જે કૅમેરામાં જુદાંજુદાં અંતર પ્રમાણે લેન્સ આઘોપાછો કરીને ચિત્રાંકન કરવાનું હોય છે તેમાં એ ફોકસ નક્કી કરતાં ભુલી જવાય તો છબી 'આઉટ ફોકસ' એટલે અસ્પષ્ટ રેખાવાળી બનશે.

એક્સ્પોઝર માટે આટલી મુદ્દાની વિગતો જાણી લીધા પછી નીચલી થોડીક સર્વસામાન્ય સૂચનાઓ ધ્યાનમાં રાખવા જેવી છે:

(૧) તડકાવાળાં ચિત્રો પાડતી વખતે જ સાધારણ કૅમેરા હાથમાં રાખીને છબી લઈ શકાય.

(૨) એ વખતે ચાંપનો વેગ I (ઈન્સ્ટન્ટેનિયસ–ત્વરિત) ઉપર રાખવો; નહિતો ચિત્ર બગડશે.

(૩) સૂર્યોદય પછી બે કલાકે અને સૂર્યાસ્ત પહેલાં બે કલાક સુધી જ હાથ પર કૅમેરા રાખીને ફોટોગ્રાફી થઈ શકે.

(૪) ઉપલા સમય સિવાયના ઠંડા પ્રકાશમાં કે છાયામાં રહેલાં ચિત્રો લેવાં હોય ત્યારે કૅમેરા હાથમાં ન જ રાખવો; પણ ચોક્કસ આધાર પર સ્થિર ગોઠવી T (ટાઇમ) કે B (બલ્બ) લઇને જોઇતા વખત પુરતો દાબ આપવો.

પ્રકાશ બહુ જ ઓછો હોય અને ચિત્રનું વસ્તુ સ્થિર હોય ત્યારે T ઉપર શટર રાખી જોઇતો વખત આપવાથી સારી છબી લઈ શકાય છે. પેટી કૅમેરામાં T આપવા માટે ઉપર એક બાજુ પટી હોય છે. તે ઉપર ખેંચી લઇને ચાંપ દાબવાથી લેન્સ ખુલ્લો જ

રહે છે, અને પાછી ઉપરની પટી દાબતાં બંધ થાય છે. એટલે એમાં ગણતરી પ્રમાણે જોઇતો વખત આપી શકાય છે. પણ આવે વખતે કૅમેરાને બહુ જ સુસ્થિર કરવો જોઇએ.

T ચાંપ સાથે વખત જરા યે ઓછો પડવો ન જોઇએ. ફોટોગ્રાફીમાં વખતનું ધોરણ મિનિટથી મપાતું નથી, પણ સેકંડના અંશોમાં જ ગણાય છે એ ભુલાવું ન જોઇએ. પાસે ઘડિયાળ ન હોય તો 'એક હજાર' એટલા શબ્દો મનમાં બોલવાથી એક સેકંડનું માપ જળવાય છે. 'એકહજાર, બેહજાર, ત્રણહજાર' એટલું બોલીએ એટલે ત્રણ સેકંડ થાય.

ધરતી અંદરનાં ચિત્રો લેવા માટે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી. કોઇ ખુલ્લી બારી આગળના ચિત્રને બે સેકંડ જોઇએ, અને બારીથી જેમ દૂર જતા જઇએ તેમ દસ ફીટ સુધીના અંતરમાં પંદર કે વીસ સેકંડની ગણતરી પણ કરવી પડે છે.

ચિત્રોના પ્રકાર પ્રમાણે વખતનો વિચાર

પ્રકાર ૧	બરફનો દેખાવ; સમુદ્ર કે સમુદ્રકિનારો; અતિ વિસ્તારવાળો દેખાવ; તડકાથી પ્રકાશિત દેખાવ.	I (ત્વરિતચાંપ)	ડાયાફ્રામ નં. ૨ અથવા F. 11
,, ૨	આકાશવાળો દેખાવ: એકાદ મોટી આકૃતિ નજીકમાં હોય એવો.	,,	ડાયાફ્રામ તદ્દન ખુલ્લી
,, ૩	ચિત્રમાં આકાશ ન દેખાતું હોય; નજીકનું દૃશ્ય હોય; લોકોનું ટોળું હોય; શેરી, બજાર કે તડકામાં ઉભેલું માનવી લેવાનું હોય ત્યારે	,,	,,
,, ૪	ઉપરથી આકાશનો પ્રકાશ જ પડતો હોય; માથે ઝાડ કે છાપરાની છાયા ન હોય; અગર આકાશથી પ્રકાશિત કોઇ નજીકનો દેખાવ હોય ત્યારે	T કે B ઉપર ચાંપ રાખી એક સેકંડ કૅમેરા કોઇ આધાર પર ટેકવવો.	ડાયાફ્રામ નં. ૩; અથવા F. 16

આ રીતે એક્સ્પોઝર વિષે મુખ્ય મુદ્દા ધ્યાનમાં લઇ દરેક જણ પોતાના કૅમેરાનો ઉપયોગ કરે તો બગાડ થયા વિના એકંદરે ઠીક કામ મળી શકે. આથી વધુ આગળ જવાને ભવિષ્યમાં વિવેચન કરીશું. **ર.મ.રા.**

[ફોટોગ્રાફીની આ લેખમાળામાં વાચકોને જ્યાંજ્યાં સમજણ ન પડે એવું લાગે તે તે મુદ્દાના ખુલાસા પત્રવ્યવહારથી પુછવાથી લેખકને આગળનાં પ્રકરણોમાં તેનો ક્રમ વિચારવાનું સહેલું પડશે.]

ત્રણ દિવસમાં ૯૩ માઇલનો પગે પ્રવાસ

આ જુન માસમાં ઇંગ્લંડમાં ભરાનારી સ્કાઉટની 'જગત-જંબોરી' માટે ઉપડેલા પંજાબ ઑાય સ્કાઉટ્સ મંડળના એક સ્કાઉટે હમણાં એક ભારે સાહસ ખેડેલું. કાંગરા ખીણમાંના પોતાના ગામ હમીરપુરથી, ખાંધે ત્રીસ શેર વજનના સરંજામ સાથે ૯૩ માઇલનું લાંબુ અંતર કાપીને પેદલ ત્રણ દિવસે તે સીમલા પહોંચ્યો. આ યુવાન સ્કાઉટ રઘુવીરસિંહ પંજાબનો બેનમુન ચુનંદો સ્કાઉટ છે.

કાંગરા ખીણથી સીમલા સુધીનું રેલવે નૂર ખરચવાની પોતાની શક્તિ નહિ હોવાથી તેણે સીમલા સુધીનું અંતર પહાડની પગથીનો ટુંકો રસ્તો લઇને ચાલી નાખવાનો નિશ્ચય કર્યો. જેને પહાડી મુલકોનો અનુભવ મળેલો હોય તે જ આ વીર સ્કાઉટની હીમત અને મુશ્કેલીઓ સમજી શકે.

ભીમજીભાઇએ નવી ઘોડાગાડી ખરીદેલી. એક દહાડો બહાર ફરવા જતાં સડક પર પાટિયું વાંચ્યું: 'અહીંથી પંદર માઇલની ઝડપે હાંકવું.'

તરત ભીમજીભાઇ પોતાના નોકરને કહે, 'તું લે લગામ હાથમાં, ને હું માંડું ચાબુક વીંઝવા. તો આટલી ઝડપ કદાચ આવી રહેશે. પાટિયામાં લખ્યું છે એટલે કાંઇ છુટકો છે?'

અદૃશ્ય વ્યક્તિ : (અનુસંધાન પાન ૨૧૯થી)

આ ગરબડ સાંભળી પોલીસનું ટોળું અંદર દોડી આવ્યું અને નલિનને પકડવા માટે સૌ આંધળાની માફક હવામાં શોધ કરવા લાગ્યા.

આ પછી નલિનીકાંતનો પત્તો ફરી લાગ્યો નહિ.

(શ્રી ગુરુદત્તની વાર્તા પરથી) **શંકર દત્તાત્રેય કાલેલકર**

ગિરેબાજ ચિતુ



અનુસંધાન પૃ. ૧૫૩ થી

પ્રાર્થનાના સ્વરોથી નીચેની બખોલમાંનાં ગરુડ બાળકો ફફડી ઉઠયાં. જીંદગીમાં કદિ માણસનો અવાજ સાંભળેલો નહિ. પણ તેઓ બહાર આવીને અમને કાંઈપણ જફા પહોંચાડે તે પહેલાં તો સ્તોત્રો પુરાં થયાં અને અમે દેવદારુની ઘટા ઓથે લપાયા. બચ્ચાં તો યે ગરુડનાં હતાં, પુરી ઉમરે પહોંચી ગયાં હતાં, એટલે જરા ભો રાખવા જેવું તો ખરૂં જ.


આગલો દિવસ આખો ભુખ્યાં કાઢયો હતો, સવારમાં પણ નાસ્તો મળે એમ હતું નહિ, એટલે અધીરાઇથી બંને નાનકડાં ગરુડ પોતાની બખોલની ઓશરીમાં આવીને બેઠાં ને માબાપની શોધમાં અફાટ આકાશના પ્રભાતરંગી પટ ઉપર નિષ્ફળ નજર નાખી. પછી નીચે ખીણમાંનાં વૃક્ષઝુંડો પર પોપટ અને નીલકંઠનાં ઝોલાં ઉડતાં હતાં ત્યાં દૃષ્ટિ ફેરવી. ઉત્તર તરફ નજર કરી તો હિમશિખરો પર ગાન ગાળીને ઉડી આવતાં જંગલી બતકો જણાયાં. તેઓ દક્ષિણ તરફ ઉડયે જતાં હતાં, તેમની પાછળપાછળ લાલસાભરી દૃષ્ટિ ફેંકી બંને ગરુડ જોઇ રહ્યાં. અંતે એ બતકો પણ ઝીણાં ને ઝીણાં થતાં જઇ દક્ષિણના ક્ષિતિજ પર જાણે પીગળી ગયાં. આમ વાટ જોવામાં ને જાતજાતના શિકારનાં નિરીક્ષણ કરવામાં કલાકો વીતતા ગયા: પણ ક્યાંય માબાપનો પત્તો નહોતો.

હવે તો પેટમાં બરોબર વ્યાપી ગઈ હતી. બંને ગરુડ માળામાં અકળવકળ થવા લાગ્યાં. થોડી વારે અંદરના ભાગમાં બંને પરસ્પર લડતાં હોય એવો અમને અવાજ આવ્યો. ધીમેધીમે એ અવાજ વધતો ગયો અને અંતે એક ગરુડ બખોલમાંથી બહાર નીકળ્યું. તેણે ચોમેર નજર નાખી અને પછી, પાંખોને જરા પણ તકલિફ આપ્યા વિના, સાવચેતીથી કરાડ પર ચડવા માંડ્યું. દેવદારુને ઓથે રહ્યારહ્યા અમે આ બધું જોતાહતા. બપોર થયા; સૂર્ય પણ જરા આકરો લાગવા માંડ્યો. ગરુડની સફર તો ધીમેધીમે ચાલુ જ હતી. તે ઉંચે ને ઉંચે ચડયે જતો હતો. અમે કલ્પના કરી કે આ બહાર નીકળ્યો તે મોટો હતો તેથી નર હશે; માળામાં હતી તે તેની બહેન હતી. તે હજુ પવન સામે મોં કરીને આકાશના વિશાળ અવકાશમાં માબાપના ઓળા દેખાવાની આશા ધરીને બેસી રહી હતી.


આખરે તેની પણ ધીરજ ખુટી. બપોરના બેએક વાગવા આવ્યા હશે. ભુખ, થાક અને નિરાશાથી કંટાળીને તે પણ ધીમે રહી બહાર નીકળી અને પોતાના ભાઈની શોધ કરવા માંડી. ભાઈ તો કરાડની ટોચામાં ઉંચી ટોચ પર ચડીને નીરાંતે બેઠાબેઠા હવા ખાતા હતા! મોઢું તો એમની ટેવ મુજબ પવનની સન્મુખ જ! નાવિક, માછીમાર અને ખલાસીનાં છોકરાં બાળપણથી જ જેમ દરિયા સામે રાત ને દિવસ મીટ માંડીમાંડી તેનાં ઉછળતાં મોજાંમાં ભવિષ્યના સ્વપ્નતરંગો નિહાળે છે તેમ, આ હિમાલયનાં ગરુડો જન્મે ત્યારથી તે છેક ઉડતાં શીખે ત્યાં સુધી પવનનાં અદૃશ્ય મોજાંમાં અદૃશ્ય ભવિષ્યની તૈયારીઓ કલ્પતાં હોય છે.

બહેનને ઉપર ચડી આવતી જોઇને ભાઈની આંખો ચમકી ઉઠી. અત્યાર સુધી બહુ અટુલું લાગતું હતું, અને ખોરાક મેળવવા માટે વળી ઉડવું પડશે એ વિચારે મનમાં આનાકાની તથા ગ્લાનિ થતી હતી; ત્યાં બહેન આવી પહોંચી એટલે ઘડીભર વળી ભુખનું દુઃખ વિસરાઇ ગયું. ગરુડનાં બચ્ચાંને માબાપ ઉડતાં શીખવતાં જ નથી એ હું ઉપર કહી ગયો. ભુખના માર્યા પરાણે પાંખો ઉઘાડવી પડે ત્યારે જ એ ઉડતાં શીખે છે.

બહેન જેમતેમ કરીને ઉપર ચડી ભાઇની પાસે આવી. પણ ત્યાં બે જણ બેસી શકે એટલી જગ્યા નહોતી! સાંકડેમોકડે બંને એકબીજાનાં પડખાંમાં લપાઇને બેસવાની સગવડ કરવા ગયાં ત્યાં બહેનના



ઉત્કંઠેશ્વર આગળ વાત્રક તીર
(ખેડા જીલ્લો : ગુજરાત)



પર્વતનાં પડખાંમાં કોરી કાઢેલી હિમાલયની લામાસરાઈ

(ગિરિબાલ ચિત્ર)

PHOTO: JOHNSTON & HOFFMAN

શરીરનો ધક્કો ભાઇને વાગ્યો ને તે ઉથલી પડ્યો.

થયું! એ જ પળે આપોઆપ તેની પાંખો ખુલી ગઇ ને તે હવામાં તરવા લાગ્યો. નહોર કાઢી તેણે કરાડનું શિખર પકડવા ઝાવું નાખ્યું, પણ વ્યર્થ. તરત જ ફરીથી પોતાની જાત સંભાળવા તેને પાંખો ફફડાવવી પડી; ને એ ફફડાટની સાથે જ તે ઉંચે ઉડ્યો.

તેણે પોતાની પુંછડી જરા ટટ્ટાર કરી અને તે સુકાનનું કામ કરવા લાગી. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જેમ વળવું હોય તેમ તે આડીઅવળી ફેરવવા લાગ્યો. થોડી જ વારમાં તે અમારા ઉપર થઇને ઉડ્યો. તેની પાંખોને પહેલી જ વાર સ્પર્શેલો પવન જાણે આનંદથી સુસવાટ કરતો હતો. એ સુસવાટ સંભળાતાં જ નીચે અગાઉની જેમ શાંતિ પથરાઇ રહી. પક્ષીઓના કલરવ શમી ગયા, તમરાં ને જંતુઓના અવાજ બંધ થઈ ગયા, ઝાડ પણ જાણે સ્થિર થઇ હવાના આ નવા સમ્રાટની પાંખોનો સુસવાટ સાંભળી રહ્યાં. તે ઉંચે ને ઉંચે ચડતો જતો હતો.

અને તેમ કર્યા વિના છુટકો નહોતો. તો જ તેને શિકાર મળે. નહિતર તેની પાંખોનો સુસવાટ સંભળાય ત્યાં સુધી કોઇ પંખી કે પ્રાણી ઓથમાંથી બહાર શાનું નીકળે? પણ ગરુડની આંખો એટલી તીવ્ર હોય છે કે કેટલીક વાર તો ૨૫થી ૩૦ હજાર ફુટની ઉંચાઇએથી તે નીચે જમીન પર ફરતા સસલાને જોઇ શકે છે. જોતાંવેંત પાંખો સંકેલી વિજળીની માફક તે તુટી પડે છે. એક–બે–ત્રણ ક્ષણમાં તો નીચે! તેનો ભયંકર ઝપાટો સાંભળી પ્રાણી બીચારૂં હેબતાઇને, હોય ત્યાં જ ચોંટી જાય છે. ત્યાં તો શિકારીના તીણા પંજા તેના શરીરમાં પરોવાઇ ગયા હોય છે!

ભાઇને આમ ઉંચે ને ઉંચે ચડતો જોઇને બહેનને ગભરામણ થવા લાગી. એને આ ઉંચી કરાડના ટગલા છેડા પર એકલાં બેસી રહેવું ગમ્યું નહિ. થોડી વારે તેણે પણ હીમત કરીને ભાઇની પેઠે પાંખો પસારી જોઈ. પસરતાંવેંત જ તેમાં નીચેથી પવનનો ઝપાટો ભરાયો, ને કોઈ પ્રચંડ શઢ વહાણને ખેંચી જાય તેમ તે હવામાં ખેંચાઇ તરવા લાગી. તેને પણ ભાઇની પેઠે પુંછડીનો ઉપયોગ આપમેળે આવડી ગયો અને એ સુકાનની મદદથી ભાઇની દિશામાં ચાલી. થોડી પળમાં બંને નજર આગળથી અદ્રશ્ય થઇ ગયાં.

અમારો અર્થ સરી ગયો હતો. ગરુડ કેમ ઉડતાં શીખે છે એ જોવું હતું તે જોવાઇ ગયું. પણ ચિત્તુની શોધ હજી બાકી હતી. કદાચ આટલા વખતમાં તે હંતામ પહોંચી ગયો હશે તો? પણ તો યે અમે રસ્તે આવતી એકેએક લામાસરાઈ અને અમલદારોની ગઢીઓ જોઇ વળવાનો તો નિશ્ચય કર્યો. ઉડતાં શીખતી વેળા ચિત્તુ એ દરેક સ્થાનનો ભોમિયો થઈ ગયો હતો, એટલે સંભવ હતો કે એ સ્થળોમાં ક્યાંક ભરાઇ બેઠો હોય.

દોઢેક કલાકમાં તો અમે નીચે ખીણમાં ઉતરી પડ્યા. માંડ ચાર વાગ્યા હશે, પણ ચોમેર ગીચ જંગલ અને ઉંચાઉંચી ભેખડોના પડછાયા બધે છાઇ વળ્યા હતા એટલે ત્યાં તો અંધારૂં થઈ ગયું હતું! ઠંડી પણ સારીપેઠે લાગવા માંડી. અમે ઉતાવળે પગ ઉપાડ્યા. બીજા હજારેક ફુટ અમે નીચે ઉતર્યા એટલે પ્રમાણમાં હવા કંઈક હુંફાળી લાગવા માંડી. પણ હવે તો રાત પડી ગઇ હતી, એટલે એકાદ લામાસરાઇમાં આશરો લીધા વિના છુટકો નહોતો. દરેક સરાઇમાં અમને લામાઓ સાથે ઓળખાણ હતું એટલે વાંધો નહોતો. પાએક કલાકમાં એક સરાઇ આવી પહોંચી. લામાઓ સૌ ધ્યાનમાં બેઠા હતા. થોડી વારે ઉઠીને તેમણે અમને થોડું વાળુ આપ્યું ને પછી સુવાની ગોઠવણ કરી આપી. એક ટેકરીના પડખામાં ત્રણ નાનીનાની ઓરડીઓ જેવી ગુફાઓ કોરી કાઢેલી હતી. તેની આગળના ભાગમાં ધરોથી આચ્છાદિત નાનકડું આંગણું હતું, ને આંગણાને કઠેરો ભરી લીધો હતો. પરાળની ગાદીઓ ઉપર થાક્યાપાક્યા અમે પડ્યા, ને ઉંઘ ઘસઘસાટ આવી ગઇ.

ચારેક વાગ્યે સવારમાં કોઇનાં પગલાંના અવાજ સંભળાવાથી મારી આંખ ઉઘડી ગઈ. બહાર આવીને જોઉં છું તો હાથમાં દીવા લઇ સૌ લામા ટેકરી નીચે ઉતરતા હતા. હું ધીમેધીમે તેમની પાછળ ઉતર્યો. અગાશીની પેઠે ઝુમી રહેલા, જોડેની જ ટેકરીના શિખરની નીચે, જાણે ટેકરીના કેડમાં બાંધ્યું હોય એવું લામાસરાઇનું મુખ્ય મંદિર હતું. ત્યાં સૌ જતા હતા. એ ટેકરી પર ચડી, તેના ચોગાનમાં દીવાઓ બાજુએ મુકી સૌ સાધુઓ આસનબદ્ધ થઈ ધ્યાનમાં બેઠા. મુખ્ય ધર્મગુરુએ મને પણ ઇશારતથી બેસવા કહ્યું એટલે હું પણ પ્રાર્થનામાં શામેલ થયો.

જોતજોતાંમાં પહો ફાટ્યો. મળસ્કાના અજવાળામાં



લામાઓ

મેં જોયું તો અમે બેઠા હતા એ ટેકરી ભીંત જેવી સીધી હતી, અને ચોકની કોરાણે જઇ પાળ પરથી નીચે દૃષ્ટિ ફેંકી તો તમ્મર આવે એટલું ઉંડાણ જણાયું. ઉંચે નજર કરી તો સામેનાં શિખરો ઉપર ઉષાએ ચંદનની અર્ચા કરી હતી; એના કેસરરંગી પ્રકાશે દીપી ઉઠેલા વાતાવરણમાં પાછળથી રૂપેરી ઘંટડીનો મધુર રણકો ગાજી રહ્યો. લામાઓ સૂર્યનું આવાહન કરી રહ્યા હતા. એટલામાં તો, અંધકાર ઉપર પ્રકાશના—મૃત્યુ ઉપર જીવનના—વિજયની ગાથા ગાતા ભગવાન દિવાકર પ્રગટી નીકળ્યો.

નાસ્તા વખતે નીચે હું, રાજુ અને ધોંડને મળ્યો ત્યારે અમને પીરસવા આવનાર સાધુએ કહ્યું, 'કાલ તમારૂં કબુતર અહીં આવ્યું હતું!' અને તેણે આબાદ ચિત્તુનું વર્ણન કર્યું. હું તો ડઘાઇ જ ગયો. 'પણ તમે કેમ જાણ્યું કે અમે કબુતરને શોધવા નીકળ્યા છીએ.'

આંખની મીંટ સરખી માંડ્યા વિના, બહુ જ સહજ ભાવે નિરભિમાનપણે તેણે જવાબ આપ્યો, 'તમારા ચહેરા પરથી હું તમારા વિચાર કળી શક્યો.'

'વિચાર કળી શક્યા? એ કેમ બને?' રાજુએ પુછ્યું.

'નિયમિત ધ્યાનની ટેવથી; અને જગતના કલ્યાણ અર્થે ચિંતન કરતા રહેવાથી દસબાર વર્ષે એટલું આવી જાય છે.' અને પછી તેણે મારા તરફ ફરીને કહ્યું, 'તમારૂં કબુતર ભયત્રસ્ત હતું. અમે તેને ખવડાવ્યું-પીવડાવ્યું ને શાંત કરીને તેને ભયથી મુક્ત કર્યું છે; તેની બીક ભાંગી નાખી છે.'

'બીક ભાંગી નાખી? શાથી?' મેં પુછ્યું.

'નિર્ભયતાથી ને પ્રેમથી. આ જગતમાં મોટામાં મોટું દૂષણ ભય છે. દુનિયામાં સૌ હેરાન થાય છે ને દુઃખ વેઠે છે તે માત્ર ભયથી જ; પંખી, પ્રાણી, પશુ કે ખુદ માણસ પણ જો ડરે નહિ તો કોઇ એને કશી હાનિ નથી પહોંચાડી શકતું. તમે તો, ધોંડ, જાણતા હશો કે, શિકારી પોતાના શિકારને ડાર્યા વિના તેને ઉની આંચ પણ પહોંચાડી શકતો નથી. શું માણસ કે શું હિંસક પશુ, પોતાના શિકારને પહેલાં ડારે છે: પોતાના રૂઆબથી, અવાજથી, ત્રાડથી, ધસમસ્યા ભયંકર હુમલાથી, કોઇ પણ રીતે ડારે છે. એ ભય શિકારનાં હાજાં ગગડાવી નાખે છે, તેની નસેનસ ઢીલી કરી મુકે છે, તેને પરવશ બનાવી મુકે છે. એ ભયમાંથી જે બચી જાય, એ બીકની પર થઇ જાય, ગમે તેવા જોરાવર કે ભીષણ શિકારીનો ડર ન ખાતાં રૂંવાડું યે ન ફરકાવે તે સલામત બની રહે છે. ભલભલા શિકારી કુતરા અને જંગલી લોંકડીના પંજામાંથી પણ મેં કેટલાં યે નિર્ભય સસલાંને આબાદ છટકી જતાં જોયાં છે: ફક્ત તેઓ નિર્ભય હતાં માટે જ. જે ડરે છે તે મરે છે.'

'ત્યારે તમે ચિત્તુનો ભય કેમ કરીને ભાંગ્યો?'

'ફરી કહું છું કે નિર્ભયતાથી ને પ્રેમથી. તમે જાતે નિર્ભય રહો,—માત્ર જાગૃત વિચારોમાં જ નહિ પણ ઉંઘમાં કે સ્વપ્નમાં પણ ભયને તમારા મનમાં પ્રવેશ ન પામવા દો, તો તમે તમારા હૃદયબળથી બીજાંને નિર્ભય બનાવી શકશો. છેલ્લાં વીસ વરસથી આચાર, વિચાર કે ઉંઘ સુદ્ધામાં મેં ભયનું નામ સરખું જાણ્યું નથી. તમારા કબુતરને મેં હથેળી પર બેસાડી ખવડાવ્યું છે ને પ્રેમથી પંપાળીને ભયમુક્ત કર્યું છે. તે મોજથી ઉડી નીકળ્યું છે: જ્યાં હશે ત્યાં સલામત હશે. એનો વાળ પણ વાંકો થવાનો નથી.'

અહંતાની એક રેખા પણ ફરકયા વિના નરી સરળતાથી બોલાએલા આ આશ્વાસક અને દૃઢ શબ્દોમાં મને પાકી શ્રદ્ધા બેસી ગઇ. નાસ્તો કરી લઇ લામાઓને પ્રણામ કરી અમે રજા લીધી.

(ચાલુ) ઇ. ત.

રાનીપરજના દોસ્ત જર્મન અધ્યાપક બૅરન વૉન એકસ્ટેડ

આજથી આશરે અઢી વર્ષ પહેલાં મુંબાઈના 'ટાઈમ્સ ઑફ ઇંડિયા'માં ડૉ. બૅરનના હિંદમાં થએલા આગમન વિષે વાંચવામાં આવ્યું. તે દિવસે તેમનું નામઠામ નોંધી લીધેલું. થોડા માસ પછી ડૉ. મદ્રાસ ઇલાકામાં ઉતાકામંડની ટેકરીઓમાં ફરતા હતા ત્યારે ભીલ સેવામંડળ તરફથી એક નમ્ર આમંત્રણ મોકલ્યું. તે પછી જ્યારેજ્યારે ડૉ. સંબંધી છાપાંમાં વાંચવામાં આવતું ત્યારેત્યારે એકાદ પત્ર મોકલી ડૉ. ને દાહોદ આવવાનું યાદ આપતો. ડૉ. ને દાહોદ તરફ બોલાવવાની આટલી લગનીનું એકજ કારણ હતું. જેવી રીતે પરદેશથી આપણા દેશમાં વર્ષો થયાં આવી વસેલા ખ્રિસ્તી મિશનરીઓ વનવગડામાં પડી રહી પછાત કોમોની સુધારણાનું કામ કરે છે અને તેમના કામ ઉપરથી આપણને કામ કરવાની દબ મળે છે, તેવી જ રીતે રાનીપરજ કોમોનો મનુષ્યવંશશાસ્ત્રી તથા માનવજાતિશાસ્ત્રીની દૃષ્ટિએ તે લોકો કેવી રીતે અભ્યાસ કરે છે તે જાણવા જોવાની ઉત્કંઠા હતી. છેવટે આ માગણી કબુલ રાખી ડૉકટરે દાહોદ આવવાનું લખ્યું, પણ તે અમારી સંસ્થાનું કામ જોવા માટે નહિ, પણ ભીલ પ્રદેશના—ખાસ કરીને જંગલમાં રહેતા—ભીલોને જોવા માટે.



મારી કલ્પના તો એવી હતી કે ડૉકટર કોઇ વયોવૃદ્ધ અભ્યાસી અધ્યાપકને છાજે એવી ગંભીર મુખમુદ્રાવાળા ને ડોળદમામથી રહેનારા એક સુંવાળા ગૃહસ્થ હશે. પરોઢીએ મુંબાઈથી આવતી એકસપ્રેસમાં તેઓ આવ્યા. માત્ર એક નોકર સાથે હતો. બીજા વર્ગના ડબ્બામાંથી ઉતર્યા અને એટલા વહેલા પ્રહરમાં મને ઓળખી કાઢ્યો! મેં તેમને ઓળખી કાઢ્યા. સ્ટેશન ઉપર જ અમે બેત્રણ કલાક ગપાટા મારી પ્રથમ ઓળખ સારીરીતે બાંધી લીધી. તેઓએ પોતાના નામની સમજણ આપીને શરૂઆત કરી. બૅરન એટલે જમીનદાર; એકસ્ટેડ એટલે અંગ્રેજીમાં 'ઓક-સ્ટેટ' ઓક નામનાં ઝાડોવાળી જાગીર. પોતે એવા પ્રકારની જાગીરના જાગીરદાર છે. પણ મનુષ્યવંશવિદ્યા (ઍન્થ્રોપોલૉજી) અને માનવજાતિવિદ્યા (એથનોલૉજી)ના વિષયોના અભ્યાસનો શોખ હોવાથી હાલમાં પોતાના દેશમાં બ્રૅસલોની વિદ્યાપીઠમાં પોતે અધ્યાપક તરીકે કામ કરે છે. તે વિષયમાં જ્ઞાનસમૃદ્ધિ ભેગી કરવા માટે જર્મનીના સૅક્સન પ્રાંતની 'સૅક્સન સ્ટેટ ઇન્સ્ટીટયુટ' તરફથી તેમને હિંદમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ પોતાના કુટુંબ સાથે અઢીથી ત્રણ વર્ષ હિંદના પર્વત ટેકરીઓ અને જંગલખીણોમાં ભટક્યા છે અને રાનીપરજના સહવાસમાં આવવાનો પ્રયત્ન કર્યો છે. દાહોદ આવતાં પહેલાં તેમનાં પત્ની તથા પુત્રીની તબિયત મુસાફરીના શ્રમને લીધે નાદુરસ્ત રહેતી હોવાથી તેમને વતન પાછાં મોકલી આપ્યાં હતાં. તેમનાં પત્ની પણ આવી રાનીપરજ કોમમાં રહેવા માટે ઘણાં ઉત્સુક હતાં એમ મને ડૉકટરે કહ્યું. લડાઇને લીધે તેમનો દેશ હાર્યો છે અને દેવાદાર બન્યો છે તેથી હાલમાં જર્મની ગરીબાઈથી પીડાય છે; પણ થોડાં વર્ષમાં પોતાની અસલી સમૃદ્ધિ પાછી મેળવી લેવાની આત્મશ્રદ્ધા તેનામાં છે.

વળી આખી દુનિયામાં ઉપર જણાવેલાં બંને શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ જર્મનીમાં જ થાય છે એવું તેમનું કહેવું હતું.

જેવું તેમનું જીવન ખરબચડું તેવો જ તેમનો સ્વભાવ સરળ અને વિનોદી હતો. आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत् એ સૂત્ર મુજબ મને તેઓએ જણાવી દીધું કે તેમને ઇંડાં અને મુરઘી ખોરાક માટે જોઇશે. અને મારે તે પુરાં પાડવાં પડ્યાં! લગભગ આખો દિવસ વાંચવાલખવામાં મુસાફરી કરવામાં અને ફોટોગ્રાફ લેવામાં જ ગાળતા. હિંદુસ્તાનની વાતો ઉમળકાભેર તેઓ કરતા, અને અંગ્રેજી ભાષાની ઉચ્ચાર-જોડણીની કાચાકુટની વિનોદી

રીતે ઠેકડી કરતા. આવી અશાસ્ત્રીય ભાષા પાછળ આપણે કેટલો શરીરગાળી શ્રમ કરીએ છીએ તે જોઈ એમણે તાજુબી બતાવી.

ગમે ત્યારે ખાવાનું મળે તે ચલાવી લેતા; પણ ખાવાનું બંને વાર પૌષ્ટિક જોઇએ. હિંદુઓની ભોજન-પદ્ધતિ તેમને કાર્ય કરવામાં તેમજ આરોગ્યની દૃષ્ટિએ વધારે અનુકુળ લાગતી હતી. બપોરના બાર વાગ્યે અને રાત્રિના આઠ વાગ્યે, એમ બે વખત જમવાનું તેમને ગમતું. શહેર–ગામડાં કરતાં તેમને જંગલમાં ભટકવું બહુ જ પસંદ પડતું. ચાલતા જમાનાથી દૂર સુદૂર પડેલી રાનીપરજમાં ફરવાની તેમને ઘણી હોંશ હતી. જીવનના આદર્શ જ આવા હોય તો ડુંગરા વનવગડામાં ત્રણ વરસ એ આનંદથી કેમ ન વીતાડી શકે?

કૅમેરા તો સાથે જ હોય અને તેની સામગ્રીમાં કેટલી યે પ્લેટો ભરેલી હોય. ભીલ સેવામંડળની ઑફિસે આવ્યા અને અંગ્રેજી ભણતાં ભીલ બાળકોને જોયાં, પણ તે વિષયમાં તેમને જરા યે કુતૂહલ થયું નહિ. પણ જ્યારે ઑફિસ સામેના ફળિયામાં એક વરરાજા પરણતા હતા તેની બધી વિધિ જોવા મળી ત્યારે તેમને બહુ જ રસ પડ્યો. તેના તેમણે કેટલાક ફોટાઓ પણ લીધા. વરરાજા પીઠી ચોળાવી ઉઘાડે શરીરે નહાતા હતા ત્યારે મેં કહ્યું કે આ તમને કેવું લાગે છે? એમણે કહ્યું 'ઉચિત જ છે; કંઇ યૂરોપ જેવો ઠંડીનો પ્રદેશ નથી કે બંધબારણે નાહવાની જરૂર રહે.'

મેં તથા સુખદેવભાઇએ દાહોદથી દક્ષિણમાં અલી-રાજપુરને રસ્તે ૩૫ માઇલ દૂર ઘોડાજેખ્ટ નામના નાના દેશી સંસ્થાનમાં ડૉકટરને લઇ જવાનો કાર્યક્રમ ઘડી રાખ્યો હતો. મોટરની વ્યવસ્થા ધારવા કરતાં સહેજ મોડી થઇ તેથી ડૉકટર તો મુસાફરી બંગલેથી મુકરર કરેલા સમયે પોતાનાં સાધનો સાથે પગરસ્તે નીકળી પડ્યા, અને અમને બંનેને ઝાલોદ રસ્તે ટાંગામાં મોટરની તપાસમાં ચાલી નીકળવા કહ્યું. અમે તો ભોંઠા પડી ગયા. ઝાલોદ રસ્તે ટોલની ઝુંપડી પાસે ઉતરી પાસેનાં ભીલ ઝુંપડાં જોવાને તેમને લઇ ગયા. એટલામાં તો મોટર આવી અને અમે રાત્રે ખુબ મોડેથી ઘોડાજેખ્ટ પહોંચ્યા. મોટરમાં ગયેલા, અને ધોળી ટોપીવાળા નહિ પણ ધોળી ચામડીવાળા સાહેબ અમારી સાથે હોવાથી અમારૂં સ્વાગત ઠીક થયું! કુંભારોને અરધી રાતે મફતનાં માટલાં પુરાં પાડવાના અને પાણી ભરી લાવવાના વેઠના હુકમો અમને સાંભળવા મળ્યા. ડૉ. સાહેબને માટે પૌષ્ટિક ખોરાકનો બંદોબસ્ત કરી અમે દાહોદથી લાવેલા નાસ્તાને ન્યાય આપી સુતા. સવારે મોટરમાં સવાર થઇ બે માઇલ દૂરના એક ફળિયાના ભીલોનાં ઝુંપડાં જોવા ગયા. ત્યાં આશરે ત્રણ કલાકમાં ઝુંપડીના, ખેતરના, ઓજારોના, ઘરનાં રાચરચીલાંના તેમ જ સ્ત્રીપુરુષો તથા બાળકોના પચાસેક ફોટાઓ તેમણે લીધા. વળી સ્ત્રી-પુરુષોની ચામડીનો રંગ નોંધી લીધો, તેમની ભાષાના શબ્દો નોંધ્યા. આટલી પ્રાથમિક તપાસ પછી અમે પાછા વળ્યા. ઘોડાજેખ્ટના ભીલો ભીલ સેવામંડળની સંસ્થાઓની આજુબાજુના ભીલો કરતાં રહેણીકરણીમાં જોકે વધારે જંગલી દેખાતા હતા, છતાં યે ડૉકટરને તો તે, હિંદના બીજા ભાગમાં તેમણે જોએલી રાની-પરજ કોમોની સરખામણીમાં ઘણા જ સુધરેલા અને ઉજળીપરજ સાથે મસળાએલા લાગ્યા. આટલા પ્રાથમિક મુદ્દા પરથી પોતાની ઘડાએલી દૃષ્ટિએ તેમણે ભીલોમાં ૮૦ ટકા લોહીનું મિશ્રણ થએલું છે અને સંસ્કૃતિનો પ્રવાહ તેમનામાં વહે છે. તેવો મત આપ્યો. ભીલો વિષે આમ કહેવાય તો પટેલિયા ભીલ તો બહુ જ સુધરેલા ખેડુતો ગણાવા જોઇએ. ડૉકટરના મત અનુસાર ખરી રાનીપરજ કોમ સુધરેલી હવે નથી એની કરતી કે રહેતી. ઘોડાજેખ્ટના રાજા હાલમાં સગીર વયના છે તેથી ત્યાં એક હિંદુ સુપરિન્ટેન્ડન્ટ બધો વહીવટ ચલાવે છે. તેમને અમે ત્રણ વાર મળવા ગયા છતાં યે મેળાપ થઇ શક્યો નહિ. પછીથી અકસ્માત દાહોદ સ્ટેશને ડૉકટરને વળાવતી વખતે સારીરીતે મુલાકાત થઇ. તે જ દિવસે સાંજની લોકલમાં ડૉકટર રતલામ તરફ જવાના હતા. તે કારણે સાંજના સેવા-મંડળની ઑફિસે દાહોદના કેટલાક મિત્રોને ડૉકટર સાહેબનો મેળાપ કરાવવાના હેતુથી બોલાવ્યા હતા. પૂ. ઠક્કર બાપાને જોઇને ડૉકટર અજાયબ થયા, કારણકે ડૉકટર તો એમ માનતા હતા કે મિ. એ. વી. ઠક્કર તો કોઇક યુવાન હશે! આમ એકબીજાનો ભ્રમ ભાગ્યો અને પછી ડૉકટરે પોતાની હિંદની મુસાફરીના અનુભવોમાંથી કેટલીક વાતો રસભરી રીતે વર્ણવી.

હિંદુસ્તાનના પૂર્વ તથા દક્ષિણ ભાગમાં વસતી

રાનીપરજ કોમનો ડૉકટરે સારો પરિચય મેળવ્યો છે. છોટાનાગપુરથી માંડી મદ્રાસ ઇલાકો અને ઠેઠ સીલોન સુધીના ભાગમાં તેમણે મુસાફરી કરી છે. સીલોનમાં વસતી 'વેદ્દા' નામની રાનીપરજ કોમ વિષે તેમણે સારી માહીતી મેળવી છે. મદ્રાસની 'સવરા' અથવા સૌરા નામની કોમની તપાસ પણ તેમણે કરી છે. ઉનાકામંડની આજુબાજુ રહેતી ટોડા નામની કોમનો પણ તેમણે સારો અભ્યાસ કર્યો છે. આવી કોમોનો શાસ્ત્રીય અભ્યાસ કરનારા હિંદમા જે ગણ્યાગાંઠ્યા માણસો છે તે સૌના પરિચયમાં ડૉકટર આવ્યા છે. ડૉ. ઍરને મને આવા મનુષ્યવંશવિદ્યા અને માનવજાતિવિદ્યાના અભ્યાસકોનાં નામો આપવા કહ્યું ત્યારે હું તો માત્ર ડૉકટર રૉયનું જ નામ આપી શક્યો. તે ઉપરથી તેમણે બહુ જ આશ્ચર્ય સાથે કહ્યું કે હિંદુસ્તાનમાં એક જ વિષયમાં પડેલાં માણસો એકબીજાને જાણતાં પણ નથી હોતાં! કલકત્તા યુનિવર્સિટીમાં આ વિષયના અધ્યાપક શ્રી એલ. કે. અનંતકૃષ્ણા આયર આ વિષયમાં બહુ પારંગત વિદ્વાન છે તેની તેમણે વાત કરી.

અનેક રાનીપરજ કોમોની વિપુલ માહીતિ તેમણે મેળવી છે. અત્યાર સુધીમાં ૧,૪૦,૦૦૦ જેટલાં મોં, નાક વગેરેના જુદીજુદી કોમનાં માણસોનાં માપ અને ૧૨૦૦૦ ફોટોગ્રાફ તેમણે લીધા છે. આવી રાનીપરજ કોમો હિંદની બીજી ઉજળી કોમો કરતાં દેશની અસલ વતની છે, એટલે તેમને ખરા જુનવાણી હિંદુઓનું નામ આપી શકાય. જોકે એવી કેટલીક કોમોમાં લોહીનું મિશ્રણ તો થયું જ છે.

હવે આવી કોમોની કેળવણી અને સંસ્કૃતિના પ્રશ્નને કેવી રીતે ઉકેલવો તે વિષે તેમના બે ચાર સિદ્ધાંતો નોંધવા જેવા છે.

(૧) જે આર્ય સંસ્કૃતિની અથવા તો પશ્ચિમના સંસ્કારોની અસર કેટલીક રીતે ઉજળી કોમોને પ્રગતિજનક નીવડે છે તે જ સંસ્કૃતિ અને સંસ્કાર કેટલીક રાનીપરજ કોમોને માટે વિનાશકારક હોય છે. જેમકે રાનીપરજને બહુ કપડાંની જરૂર હોતી નથી. માત્ર એક લંગોટીથી સ્ત્રીપુરુષ બંને માટે કામ ચાલ્યું જાય છે. હવે આવી કોમના કેટલાક સુધારકો તેમને કપડાં આપે છે. કપડાં ધોવાની યા બદલવાની ટેવ ન હોવાથી તે કોમોમાં તે કપડાં માત્ર અસ્વચ્છતાનું કારણ થાય છે, એટલું જ નહિ પણ અનેક ચેપી રોગોનું વાહન થાય છે આ દાખલા ઉપરથી પૂ. ગાંધીજીએ અને દીનબંધુ ઍંડ્રુઝે ભીલોને વધુ કપડાં પહેરતા ન કરવા વિષે સેવામંડળને તાકીદ આપેલી તેનું સ્મરણ થયું.

(૨) આવા પરાયા સંસ્કાર અને ઉછીની સંસ્કૃતિથી આવી કોમો ઉપર એટલો મોટો આઘાત થાય છે કે થોડા વર્ષના આવા સંસ્કૃતિ ને સંસ્કારના ભાર હેઠળ તેમનો નાશ પણ થાય છે. તેના દાખલા તરીકે આંદામાન ટાપુમાં રહેતી નીગ્રેટો ને બેયા એ બે કોમોની સરખામણી કરી તેમણે બતાવી આપ્યું કે એમાંની એક કોમ ઉજળી રહેવાની સંસ્કૃતિથી અલિપ્ત રહી છે તેની સંખ્યા જરા યે ઘટી નથી; જ્યારે ઇચ્છા યા અનિચ્છાએ આ સંસ્કૃતિને વશ થઇ બીજી કોમ પચીસ વર્ષમાં નાશ થવા જેવી દશામાં આવી છે! કારણ એટલું જ કે રાનીપરજ કોમ ઉપર પરાયા સંસ્કાર યા સંસ્કૃતિ મારીઠોકીને બેસાડવાથી લાભ કરતાં હાનિ જ થાય છે. સંસ્કૃતિના ચમકારા આગળ આવી કોમ દબાઈ જાય છે અને સ્વયંવિકાસને માર્ગે ન જતાં પોતાના અસલના ગુણદોષો સાથે જ ચીમળાઈ જાય છે. આવાં પરિણામોમાંથી બચવા માટે અસલ વતની કોમના વિશિષ્ટ ગુણદોષોનો બારીકાઇથી અભ્યાસ કરવો જોઇએ અને જો તે કોમ બહારના કેટલાક સંસ્કાર ઝીલી શકે અને જીરવી શકે તો જ જરૂર પ્રમાણે તેની પ્રગતિ કરવી જોઇએ આપણા પ્રદેશના ભીલોએ બહારના કેટલાક સંસ્કાર ઝીલ્યા છે અને જીરવ્યા છે અને તેથી તેમાં ૮૦ ટકા મિશ્રણ દેખાય છે એવું ડૉકટર ઍરનનું માનવું હતું. વળી સંસ્કૃતિ અને સંસ્કારમાં પણ કેટલો ભેદ છે? કહેવાતી સંસ્કૃતિ એ કેટલીક વાર એક મહાવ્યાધિ જેવી થઈ પડે છે.

ડૉકટર ઍરને મને જર્મની આવવાનું આમંત્રણ આપ્યું અને મારી સાથે નિખાલસપણે દોસ્તી બાંધી દાહોદ સ્ટેશને અમારી હૂંફાળી વિદાય લીધી. તેઓ રતલામ થઇને બેતુલ, ઇટારસી સ્ટેશને ઉતરી તે તરફ 'કોર્કુઆ' નામની રાનીપરજ કોમ છે કે કેમ તેની તપાસ કરી જર્મની જવા ઉપડી જવાના હતા. હવે તો તેઓ પોતાને ઘેર પહોંચ્યા હશે.

લક્ષ્મીદાસ શ્રીકાન્ત

અમીના

અમારા ઘર પછવાડે મોટો વાડો છે. અમીનાની ત્યાં અમે કબર કરી છે. એ કબર ઉપર કેટલાક ધોળી કરેણના છોડ પોતાનાં ફુલ વેરે છે.

અમીનાને તમે ક્યાંથી ઓળખો ? બીચારી અમીના ! જીવતાં તો કોઇએ ન જાણી પણ મરણ પછી ય એ વેરાન જગ્યામાં એકલી સુતી છે. ઉંઘ અમીના, નીરાંતે ઉંઘ. આરામની તને જરૂર છે.

હું છ સાત વરસનો હતો ત્યારે દુઃખીયારિ અમીના શેરીએ શેરીએ પેટ ભરવા ભીખ માગતી. સવારસાંજ હું મારે બારણેથી તેને નીકળતી જોઉં. કેડ વાંકી ને હાથમાં લાકડી. દયામણી નજરે એ સૌની સામે જોઈ રહેતી; પણ મને હસીને બોલાવતી: ' કેમ બચ્ચા, ખુશ ? ખુદા ખએર ગુજારે.'

લોકો એને હડધુત કરી કાઢી મુકતા. કોઇક જ વધ્યુંસધ્યું ખાવાનું આપે. કેટલાંક બાપડીને ભાંડે; ઘણાંક ગાંડી ગણી સતાવે. અવિચારી છોકરાઓ તેના તરફ કાંકરા ફેંકી દૂરિયો બોલાવે. આ જોઇને મારો જીવ કળીએ કળીએ કપાતો.

આ વાત મેં મારી બા આગળ કહી. તેને પણ આ મુસલમાન બાઈ ઉપર દયા આવી. ભાર દઇને તેણે આ હકીકત મારા બાપુને કહી સંભળાવી.

હવે અમીનાને મારી સંભાળ લેવાનું કામ સોંપાયું. રાતે એ વાર્તા કહે ને મારે માથે હાથ ફેરવી ગીત ગાઈ સુવાડે. ક્યારેક તો તે આપવીતી કરે. એનો વહાલસોયો ખોળો હજુ મને યાદ છે. આજે હું જે છું તે તેને લીધે. કારણકે એણે મરીને મને જીવનદાન દીધું છે.

એક વાર અમે વાડામાં બોરડીઓ નીચેથી બોર વીણતાં હતાં. ભુલથી મારો પગ રાફડા ઉપર પડ્યો. ત્યાં તો એક સાપ ફેણ ચડાવી ફુંફાડો મારતો કુદ્યો. અમીનાએ આ જોયું. એકદમ દોડીને એણે એ ઝેરી જનાવરની ફેણ હાથ વડે ઝાલી લીધી. જીવ બચાવવા મેં બુમ મારી. ઘરનાં માણસ દોડી આવ્યાં. એક પળ વાર થઇ હોત તો સાપ મને કરડત. આ દરમિયાન સાપ અમીનાની આંગળીએ કરડી રાફડામાં ભરાઇ પેઠો હતો.

થોડી વારમાં અમીના બેભાન થઇને પડી. કોઈ ઉપાયે ઝેર ન ઉતર્યું. મારા તરફ છેલ્લી છેલ્લી નજર કરી એણે સદાને માટે આંખ મીંચી.

હજુ પણ એ કબર આગળ હું દીવો ને લોબાન કરૂં છું અને ખુદાની દુઆ માગું છું. એની મરણતિથિએ હું ધોળાં ગુલાબ ચડાવું છું ત્યારે મારી આંખનાં આંસુ કબર પર ટપકી પડે છે. બીચારી અમીના !



હાલો ગલુડાં રમાડવા

કાળુડી કુતરીને આવ્યાં ગલુડિયાં,
ચાર કાબરાં ને ચાર ભુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

માડીને પેટ પડી ચસ ! ચસ ! ધાવે,
વેલે ચોંટ્યાં જેમ તુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જાણે લટુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

રાતાંમાતાં ને રોમરોમે સુંવાળાં,
જાણે મીઠાં ગાલ-મસુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

મોટાં થાશે ને મારી શેરી સાચવશે,
જાગશે રાતે બહાદુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

ટીપુડો ટીપુડો ડુંગરડે ઘુમશે,
ગૌધેન ભેળા વોળાવિયા રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

મોતીઓ ને માનીઓ ઝોકે રોકાશે,
વાછરૂ ને પાડરૂ ભળાવિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

ડાઘીઓ ને હુથીઓ ખેતરમાં જાશે,
વાસુ રે'શે બે રખોલિયા રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

કાળીઓ ને લાળીઓ પાદર પસાયતા,
બાક! વાક! આલબેલ બોલિયા રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

ગોળ ઘી લોટના શેરા બનાવ્યા,
કાળવીનાં પેટડાં પુરિયાં રે
હાલો ગલુડાં રમાડવા જી રે !

ઝવેરચંદ મેઘાણી

જર્મનીના પત્રો

બર્લિનઃ ૧૯મી ડિસેમ્બર ૧૯૨૮

ગયા અઠવાડિયામાં પં. તારાચંદ્ર શાહ કરીને અહીં પંજાબી સર્જન છે, જે યૂનિવર્સિટીમાં હિંદીના અધ્યાપક છે, તેમની મુલાકાત થઈ. 'વિશાલ ભારત', 'મૉડર્ન રીવ્યુ' વગેરેમાં એમના લેખો હમેશાં આવ્યા કરે છે. તેઓ બહુ જ સર્જન અને આપણી પ્રકૃતિના પુરુષ છે. ૧૫ વર્ષથી જર્મનીમાં છે અને જર્મન ભાષા ઉપર ખુબ પ્રભુત્વ મેળવેલું છે. કવિવર ટાગોરની અહીંની મુસાફરીમાં, તેમનાં ભાષણોનો જર્મન અનુવાદ કરવાનું કામ એમણે કરેલું હતું. દેશહિતૈષી અને લાગણીપ્રીય ભાઇ છે. એમણે 'યંગઇન્ડિયા' મંગાવી આપવાની માગણી કરી છે. એ જાતની સેવા આપણે ઘણીવાર કરવી પડશે અને તે આપણો ધર્મ છે. એ એનો અહીં ભારતના હિતને માટે ઘણી રીતે ઉપયોગ કરે તેમ છે. વધુ તો હવે પછી લખીશ. એ અહીં જે જર્મનોને હિંદી શીખવે છે તે મને પણ ઉપયોગી થાય છે અને તેથી હું પણ એમના ક્લાસમાં જાઉં છું. ડૉ. લ્યુડર્સની પણ મુલાકાત થઇ ગઈ છે, અને તેમણે પોતાને યોગ્ય કાર્ય કરવાની બહુ ખુશી બતાવી છે. એમના ક્લાસમાં પણ જવાનું શરૂ કર્યું છે. હાલ એ પાલી સુત્તનિપાત અને સંસ્કૃત ઋગ્વેદ વાંચે છે. બીજા વિદ્વાનોને હજી મળ્યો નથી. ધીમેધીમે મળીશ.

બર્લિનઃ ૨જી જાન્યુઆરી ૧૯૨૯

આગળના કાગળોમાં સુચવ્યું છે તેમ અહીં કેટલીક વધુ મનઃપુત સામગ્રી મળી છે. હાંબુર્ગમાં પાછળના બે મહીના જરા નરમ ગયા. તબિયત વધુ લથડી ગઇ હતી અને તેથી મન ક્લાન્ત બન્યું હતું: તે અહીં આવ્યા પછી તાજું બન્યું છે. અહીંનું પાણી પણ ઠીક લાગ્યું છે. જોકે પાણી પીવાની ખુબ ઇચ્છા હોવા છતાં પણ અતિ ઠંડું હોવાના કારણે વધુ પીવાતું નથી. ખાવાની—એટલે બપોરે એક વાર કાંઇ ગરમ અન્ન ખાવાની—અહીં સરસ સગવડ મળી છે; પણ આપણી રૂચિને પોષે એવું અન્ન જ અહીં અપ્રાપ્ય છે, એટલે એ સગવડનો યથારૂચિ ઉપયોગ નથી કરી શકાતો. પરિણામે તમને ગયા કાગળમાં હવે કાચો માલ મોકલવાની સુચના કરી છે. અત્યારે અહીં બરફિવાળો ચાલે છે, તેથી કોઈપણ જાતનું તાજું શાક વગેરે નથી મળતું. બટાટા, કોબીજ વગેરે જુનાં શાક મળે છે ને રોજ તે બાફી થોડાક ભાત સાથે ખાઇ પેટની પૂર્તિ કરવામાં આવે છે. અહીંની કેટલીક તૈયાર ચીજો જે આવે છે તેનો સ્વાદ આપણને મનગમતો નથી લાગતો અને તેથી એ બાઇ બીચારી ઘણા પ્રેમથી જે ચીજ બનાવે તેને હું ઢોરને ખાવાની વસ્તુની ઉપમા આપી ચિત્ર બનાવી મુકું છું. આપણા દેશની ખાવાની ચીજની પ્રશંસા કરીકરીને જ ઘણા ભાગે પેટ ભરી લઉં છું અને એના મનને વાળી લઉં છું. પરંતુ એ અતિ ચકોર બાઇ બધુ સમજી જાય

(અનુસંધાન માધુકરીને છેડે)

પરિભ્રમણ

ગુજરાતની લીલી વાડી કહેવાતો ચરોતરનો પ્રદેશ કાચું સોનું પકવે એવો રસાળ ને ફળદ્રુપ હશે; પણ નર્મદાતીર જેવું રમણીય સૃષ્ટિસૌંદર્ય એને નથી વર્યું. છતાં વાત્રકનાં વાંધાં અને મહીનાં કોતરોનો પ્રદેશ એની લીલી સપાટ ભૂમિ વિવિધતાની ભાત પાડી આંખને ઠારે છે. નર્મદાના કમનીય તીરપ્રાંતોની પેરે કુદરતે મુઠ્ઠા ભરીને અહીં સૌંદર્ય વેર્યું નથી: તો યે નગતરંગની રમ્યતાથી વિસ્તરી રહેલાં ઉંડાં કોતરો અને પોતાનાં ચરણ આગળ રમતા જળપ્રવાહને ઝુમીઝુમીને નિરખી રહેલી ઉંચી ભેખડો વાળો એ પ્રદેશ ચરોતરનાં લીલોતરીના ઝુંડ વચ્ચે રળિયામણો લાગે છે.

જ્યાંજ્યાં આવી નૈસર્ગિક રમણીયતા જોઈ છે ત્યાંત્યાં માનવીઓને આકર્ષવાને આપણા લોકોએ ધર્મસ્થાનો કે તીર્થસ્થળો ઉભાં કર્યાં છે; અને પોતાની જંજાળમાંથી કદિ યે ન છુટતા પ્રાકૃત જનોને એ મિષે ત્યાં જઈ કુદરતમાં પ્રભુનાં દર્શન કરવાનો યોગ કરી આપ્યો છે. ચરોતરના પ્રદેશમાં અનેક વાંક ખાતી અને ભેખડોની વિવિધ ભાત પાડતી વહેતી વાત્રક નદીને તીરે, કપડવણજથી ૧૧ માઈલ દક્ષિણે ઉત્કંઠેશ્વરનું આવું એક નાનકડું સ્થાન છે. વળાંક લેતી નદીના દશ્યને દષ્ટિમાં આવરી લઇ શકાય એવી એક ઉંચી ભેખડ ઉપર, ફરસબંધી જડેલા વિશાળ ચોક વચ્ચે શિવમંદિર ઉભું કરવા જેટલી સૌંદર્યદષ્ટિ દાખવનારાઓએ, એ સ્થાનને ચોગરથી મકાનો વડે ઘેરી લઇ શા માટે ગુંગળાવી માર્યું હશે? મંદિરને ઘેરી વળેલાં એ મકાનોના સમૂહનાં છાપરાં ઉપર જડેલા 'કોરોગેટેડ' પતરાં એ દશ્યને વધારે કુરૂપ બનાવે છે.

ઉંટડિયા મહાદેવના નામે ગુજરાતની પ્રાકૃત જનતામાં પ્રસિદ્ધિ પામેલું આ સ્થાન, આજુબાજુનાં રેલવે સ્ટેશનો (કપડવણજ ને દહેગામ) થી દસબાર માઇલને પગરસ્તે પડેલું છે. મુસાફરીનાં વાહનોની સરળતાના આ જમાનામાં આવાં સ્થળોની યાત્રા બેવડી લાભદાયી થાય છે. કુદરતના રમ્ય સ્થળના દર્શનની સાથોસાથ ભૂમિનો સાચો પરિચય આપણે પામીએ છીએ. ટ્રેનોમાં ઝડપથી પસાર થઇને આપણે ભૂમિનો સ્પર્શ ખોતા થયા છીએ. પગ થકવતા રેતાળ દડ, આંખો ઠારતાં લીલાં આંબાવાડિયાં, કોતરોની ઉંચીનીચી ભેખડોની વચ્ચે વળાંક ખાતાંખાતાં વહેતાં નદીઝરણાં તથા એ બધાની વચ્ચે મોતીની પેઠે વેરાએલાં નાનકડાં ગામડાં,—એ સૌને વીંધીને જતા રસ્તાઓ પર, ધોમ ધખતા મધ્યાહ્નની ઉષ્મા કે પાછલી રાતની આથમની ચાંદનીની મધુરતા અનુભવનાં

સફર કરવી એ જીવનની મીઠાશ આપણે ગુમાવી બેઠા છીએ; એ ભૂમિ અને ભૂમિના વસનારના હૃદયના ધબકાર આપણા હૃદયને પહોંચતા નથી. જે ગુજરાતને નામે આપણે અસ્મિતા અનુભવીએ છીએ તે સાચો ગુજરાત આપણે ઓછો જ જોયો છે, પીછ્યો છે, અનુભવ્યો છે.

ૐ

ગયા (મે) માસની ૨૦-૨૧-૨૨મી તારીખે, 'ગુજરાત તરુણ સંઘ'નું પ્રથમ સંમેલન ઉપલે સ્થળે ભરાયું તે આ બધા વિચારપૂર્વક ઠરાવ્યું હશે કે કેમ તે તો કોણ જાણે; પણ એ સંમેલનથી એ લાભ તો તેમાં આવનારા ૧૦૮ જણને મળ્યો જ. ચરોતરના (મોટે ભાગે પાટીદાર) નવલોહીઆ કુમારોની તેમાં મોટી સંખ્યા હતી. ઉપરાંત, પડદા તથા મલાજાનો જ્યાં હજી ઉગ્ર પંજો સજ્જડ જામેલો છે એવાં ખાનદાન પાટીદાર કુટુંબોમાંથી, એ પ્રથા સામે એટલો જ ઉગ્ર વિરોધ કરીને આવેલી છ સાત બહેનો પણ હતી એ આ સંમેલનની વિશેષતા હતી. 'સામાજિક, રાજકીય, ધાર્મિક વગેરે દંભો અને અન્યાયો સામે બળવો જગાડવાના ઉદ્દેશ'થી સ્થપાએલા આ સંઘના સંમેલનમાં 'બળવા'નું તત્ત્વ ભલે જોઇએ તેટલું નહિ હોય, પણ આવનાર એકેએક જણ આત્મભાનવાળો, જાગૃત ને પાણીદાર હતો; એમાં સંસ્કારની મધુરી છાંટ પણ હતી.

ૐ

જીવનમાં એકકાળે ઉદ્દામ ક્રાંતિવાદી વિચારો ધારનાર, અને આજ વૃદ્ધ વયે જુવાનના જેવાં જ જોમ અને વિચાર-જ્વાળાઓ ધરાવનાર **શ્રી નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ** એ સંમેલનને પ્રમુખ તરીકે મળી ગયા એ પણ સુભાગ્ય હતું. બંગભંગ અને સુરત કૉંગ્રેસના પ્રસંગોથી જ્યારે દેશ ખળભળી ઉઠ્યો હતો અને ગુજરાત 'શાંતિ તથા સુવ્યવસ્થા'ના ધારણ નીચે નીરાંતે ઘોરતું હતું એ સમયમાં, વિપ્લવકારી સાહિત્ય ફેલાવવાના ગુનાહ માટે સરકારનો ખોફ અને જેલ વેઠી, અનેક હાડમારીઓ, રખડપાટ અને દેશવટા ભોગવીભોગવી જીવન જોગવેલા એ યુવાન વૃદ્ધ આજ તો 'પાટીદાર' મારફતે પોતાની જ્ઞાતિની સેવા કરી રહ્યા છે; પણ જેણેજેણે એમનું લખેલું ગૅરીબાલ્ડીનું ચરિત્ર વાંચ્યું છે, વિચારની નવીનતા અને ઉગ્રતાથી ભરેલા છુટાછવાયા લેખો જોયા છે, અથવા આજ પણ 'પાટીદાર'માં આવતી એમની 'પ્રસંગકથા' વાંચી છે, તે સૌને એમની તેજસ્વિતાનો સારો પરિચય છે. પણ એમનો ખરો પરિચય તો એમના અંગત પ્રસંગમાં આવનારને જ થાય. હાસ્યથી સદા યે પુલકિત રહેતા એમના ચહેરા પર પડેલી જીવનની કડવીમીઠીની અનેક રેખાઓ પાછળ, દુનિયા પરનો કટાક્ષભાવ અને અંદર ધુંધવાતી વિચાર-જ્વાળાઓ, જોનારને જણાઇ આવે. અને તમે એક વાર પરિચયમાં આવ્યા, કોઈ નવો વિષય ઉપાડ્યો, વાતને જરા વેગ આપ્યો, કે પછી તમારી મગદૂર નહિ કે એમની અવિરત વહેતી વિચારધારાના રસમાંથી બહાર નીકળવાનું મન કરી શકો. જીવનની હરકોઇ બાજુનું સજીવ રીતે નિરૂપણ કરવાની, તેને નવા જ દૃષ્ટિબિંદુથી જોવાની અને પોતાના અનુભવ તથા બહુશ્રુતતાની કસોટી પર કસી કાઢવાની તેમનામાં સરસ શક્તિ છે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી અને જર્મન ભાષાનો સારો પરિચય ધરાવવા ઉપરાંત 'ફાઇલૉલૉજી' (ભાષાશાસ્ત્ર) અને 'ઇન્ડોલૉજી'ના તે અચ્છા અભ્યાસી છે. પણ અભ્યાસીની જડતા કે શુષ્કતા એમનામાં નથી. સદા વહેતા ઝરણ જેવું એમનું જ્ઞાન સજીવ, તાજું અને જીવનની સર્વ બાજુઓને સ્પર્શતું વહ્યા કરે છે.

જે અત્યારે દેશની હવામાં છે, જે પ્રત્યેક ચેતનાવાદી નેતા દેશના જુવાનોને પ્રબોધે છે એ જ સૂત્ર એમણે તરુણ સંઘના જુવાનોને પ્રબોધ્યું: 'Live Dangerously—અગ્નિજીવન જીવો.' અને આ કાંઈ પાડેલ પડકાર ન હતો. ખુદ એમનું જીવન અગ્નિજીવન તરીકે જ વીત્યું છે, ને હજી યે તેની જ્વાળાઓ શમી નથી. એ સૂત્રને વધારે વિસ્તારીને એમણે કહ્યું, "સાધ્ય 'ધ્રુવ', સાધન 'સ્ફટિક', સાધના 'અગ્નિ'. તમારો આદર્શ ધ્રુવ જેટલો ઉન્નત રાખજો; એ આદર્શની પ્રાપ્તિનાં સાધનો સ્ફટિક જેવાં નિર્મળ રાખજો; એને માટેની સાધના અગ્નિ જેવી ઉગ્ર રાખજો. અને સાવચેત રહેજો; જો પહેલાં બે—સાધ્ય અને સાધન બરોબર ઉન્નત અને નિર્મળ નહિ હોય તો સાધનાનો અગ્નિ તમને જ પ્રજાળી મુકશે."

ૐ

જુવાનોનાં સંમેલનો ભરીને તેમને પરસ્પરના પરિચયમાં લાવવાની, નવા વિચારના પાશ લગાડવાની તથા કાર્યદિશાનું સૂચન કરવાની જરૂરત તરફ 'કુમાર'ના તંત્રીસ્થાનેથી જે પહેલું ધ્યાન ખેંચવામાં આવ્યું તેને સૌથી પ્રથમ આચરવાનો યશ નીકોરાના મિત્રમંડળના યુવાનોએ લીધો, તો એવું સંમેલન ઠીકઠીક સફળ કરવાનો યશ ગુજરાત તરુણસંઘને મળે એમ કહેવું જોઇએ. નીકોરાના સંમેલનનાં સ્મરણો ને સમાચારોથી આકર્ષાએલા ઘણા જણ આ વખતે ઉતરી આવ્યા હતા એટલે સંખ્યા સારી થઈ ગઇ; કપડવણજ સેવાસંઘના કાર્યકરો અને સંમેલનમાં જ આવેલા કેટલાક મુંગા સ્વયંસેવકોની મહેનતને પરિણામે વ્યવસ્થા સારી જળવાઈ; ને ધાર્યો હતો તે કાર્યક્રમ પણ પાર મુકી શકાયો: જોકે કાર્યક્રમમાં પાર ન મુકી શકાય એવું કાર્ય કશું ન હતું. પહેલેથી જ આ સંમેલન ખાસ કાંઈ નિશ્ચિત કાર્યક્રમ માટે નહિ પણ માત્ર પરસ્પર પરિચય અને પ્રેરણા મેળવવાના ઉદ્દેશથી રાખવાનું ઠરાવેલું. સવારે આગંતુકોની તેમના મિત્રો તરફથી પરસ્પર પિછાન અને વિવિધ વિષયો ઉપર ચર્ચા, બપોરે પોતપોતાના જીવનનાં અનુભવકથન અને નાનકડું પર્યટન તથા રાત્રે ચાંદનીમાં મંદિરના ચોકમાં ગીત તથા રાસ, એ ક્રમ ત્રણે દિવસ પળાયો; અને તેમાં સ્ત્રીઓએ પણ છુટથી સારો ભાગ લીધો. પરિચયમાં પતિ-

ઓએ પોતાની પત્નીઓના અને અંગત મિત્રોએ સામસામા જે રમુજી ટૂંકાં ઓળખાણુ આપ્યાં તે ઘણાં રસમય થયાં. એમાં કેટલાક પાણીદાર વિદ્યાર્થીઓની કહાણી તો જાણવા જેવી નીકળી. એક ભાઇ વિદ્યાપીઠમાં ભણે. પિતાનો રાષ્ટ્રીય શિક્ષણુ સામે વિરોધ; તે એવો કે બીજો પુત્ર સરકારી કૉલેજમાં ભણે તેને બધું ખર્ચ આપે ને આ ભાઇને કોડી પણ ન મળે. પણુ એવા પિતાનો પુત્ર પણુ એટલો જ દૃઢાગ્રહી હોય ને? પુત્રે માથે પોટલાં ઉપાડી મજુરી કરી ખર્ચ મેળવ્યું ને આજ પણુ સ્વાશ્રયે જ રાષ્ટ્રીય શિક્ષણુ મેળવે છે. એક આઈ મહીનાઓ સુધી ફળ ઉપર રહેલા. બાળલગ્નની સામે, પડદા ને પ્રેતભોજનના રિવાજોની સામે, ખોટા સામાજિક દંભોની સામે, કોઇ ને કોઈ રીતે નાનામોટા વિરોધો કરીને આત્મભાનપૂર્વક પોતાને સત્ય લાગતે માર્ગે નીડર રીતે જીવન ગાળતા જાગ્રત માણુસો અહીં મળેલા હતા એટલું તો એ પરિચયકથને બરોબર બતાવ્યું.

અનુભવકથન વિવિધ નહોતું, છતાં થયું તેટલું રસમય થયું. તેમાં શ્રી નરસિંહભાઇએ પોતાના પાછલા જીવનની આખી રેખા દોરી બતાવી તે આકર્ષક હતી. કતકેશ્વરથી ચારેક માઇલ દૂર કેદાર નામનું રમ્ય સ્થળ છે, ત્યાંનું પર્યટન પણુ આનંદજનક થયું. પણુ દિવસના આ બધા આનંદોને ટોચે પહોંચાડનાર તો રાતના રાસ. બહેનો અને ભાઇઓ સાથે મળીને ખુબ રસ અને તાનથી અરધી રાત સુધી દાંડિયાની ઝુક બોલાવતાં. આમ, એકસો આઠ માનવીઓનું એ ટોળું, ત્રણ દિવસ સુધી એક વિરાટ કુટુંબના ભાવથી સાથે રહી, આનંદપૂર્વક છેલ્લે દહાડે કપડવણજમાં ત્યાંના સેવાસંઘની મહેમાની ચાખી વિખરાયું, અને પોતાની સાથે કંઇક નવા પરિચયો, નવી પ્રેરણા અને આનંદનાં સ્મરણો લેતું ગયું.

卐

આપણા પ્રાંતની પછાત કોમોના સેવાનો અંચળો ધારનાર દલિતોના બાપા શ્રી અમૃતલાલ ઠક્કરે હમણાંહમણાં પોતાનું ક્ષેત્ર વિસ્તારીને ગુજરાત ઉપરાંત હવે મુંબાઈ ઈલાકાના બીજા પ્રાંતોમાં જ્યાં પછાત કોમો હોય ત્યાં તેમના ઉદ્ધારને માટે શાંશાં પગલાં યોગ્ય છે તેની તપાસ શરૂ કરી છે; અને એ રીતે પોતે સિંધના રણુ તરફના કટકા ઉપર વસતી ભીલ, મેઘવાળ અને કોળી કોમોની તપાસને અર્થે ઉંટ ઉપર જે એક નાનકડી મુસાફરી કરી આવ્યા તેનો સાર ગાંધીજીને મોકલેલો તે નવજીવનમાં પ્રગટ થયો છે. એ સફરનો જરા વિસ્તૃત અહેવાલ ખુદ ઠક્કર બાપાને મોઢે જ સાંભળવાનો યોગ મળી ગએલો તે પરથી ટપકાવેલી નોંધ આપણા ઈલાકા વિષે જરા ઉપયોગી હકીકત ધરાવતી હોવાથી જાણવાજેવી છે.

છેલ્લા પરિભ્રમણમાં જે સિંધ વિષે થોડી માહીતી આપી છે, તે સિંધ અને આ ઠક્કર બાપાની સફરનો સિંધ એ બંને એક જ પ્રાંતના છતાં કેવળ જુદી જ પ્રકૃતિના કટકા



છે. પહેલો સિંધ એ સિંધુ નદીની રેલથી છંટાતો એ નદીની આસપાસનો ફળદ્રુપ તીરપ્રાંત; આજના અહેવાલનો સિંધ તે કચ્છના રણુ અને મારવાડની મરુભૂમિને અડીને આવેલો, રેતાળ, પાણી અને વનસ્પતિ વિનાનો, સુક્કોભંઠ પ્રદેશ. એ 'થર'ને નામે ઓળખાય છે. થર એટલે સિંધી ભાષામાં રણુ. એક જ પ્રાંતના એ બંને કટકાની સંસ્કૃતિમાં પણુ ફેર છે. સિંધુતીરના સિંધની બોલીથી અહીંની થરી અથવા ધાડકી ભાષા જુદી છે. પોષાકમાં સુરવાલ, ઉપર ધોળી વીંટેલી, દાઢી રાખવી વગેરે બંને સ્થળે એકસરખાં હોવા છતાં, લોકોના આચારવિચાર જુદા છે. સિંધમાં લગભગ પાણી જેટલું વ્યાપક થએલું દારૂનું વ્યસન આ થરની મરુભૂમિમાં લેશમાત્ર નથી.

ગુજરાતથી થરમાં જવાને ત્રણુ રસ્તા છે. એક ખારાઘોડાથી કચ્છનું રણુ ચીરીને, બીજો ડીસાથી ને ત્રીજો હારીજથી. ગુજરાતમાંથી ગમે ત્યાંથી જાઓ, કચ્છનું રણુ તો ઓળંગવું જ પડે. ઠક્કર બાપાએ છેલ્લો હારીજનો રસ્તો લીધેલો. હારીજ એ ગાયકવાડી રેલવેનું ટર્મિનસ–છેલ્લું સ્ટેશન છે. ત્યાંથી રાધનપુર સુધી મોટર જાય છે અને ત્યાંથી ઉંટ રસ્તે કચ્છના રણુનો કટકો વીંધીને થરમાં પ્રવેશાય છે.

કચ્છના રણુના એ ભાગમાં વચ્ચે નડા નામનો એક બેટ આવે છે. રણુની વચ્ચે બેટ એટલે વસવા તથા ખેતી કરવા લાયક જમીનનો ટુકડો. એ બેટ ચાર માઇલ લાંબો ને બે માઇલ પહોળો છે. વાવ, થરાદ વગેરે બનાસકાંઠા એજન્સીનાં ગામોમાંથી પણુ નડા પહોંચાય છે.

રણુની મુસાફરી રાતને જ વખતે થઈ શકે છે, કેમકે બપોરના તાપ અને રેતીની આંધીને લીધે દિવસની સફર ભારે કપરી થઈ પડે છે. હમેશાં સાંજના પાંચેક વાગ્યે નમતે પહોરે ઉંટ ઉપડે. રાતના બાર વાગે ત્યાં માર્ગમાં મુકામ કરી થોડી ઉંઘ કાઢી આરામ લઇ લેવાનો, અને પાછું વહેલી સવારે સફર શરૂ કરી દેવાની, તે છેક નવ દસ વાગ્યે તડકો આકરો લાગવા માંડે ત્યાં સુધી. આમ, છ છ કલાકને બે કટકે મુસાફરી થતી આવે ને છ છ કલાકનો આરામ લેવાતો આવે. છ કલાકમાં ઉંટ સામાન્ય રીતે ૨૦ માઈલ કાપી શકે છે.

પણ કમરનાં હાડકાં મજબુત ન હોય તો એ છ કલાકની ઉંટની મુસાફરીમાં તો હાડકાંનાં સરવાળા બાદબાકી થઇ જાય.

નડાથી સાંજે ચારવાગ્યે—જરા વહેલાં—ઉપડવું પડેલું; કેમકે એક જ રાતમાં રણનો એ કટકો કાપીને નગર પારકર પહોંચવું જોઇએ. રાધનપુરથી નગરપારકર ૭૫ માઇલ થાય છે ને ત્રણ દહાડાની સફર માગે છે. રણના ભાગમાં સડક તો કયાંથી જ હોય? રેતીમાં આછી આછુકડી દેખાતી કેડી હોય તે જ.

કચ્છના રણ અને સિંધના 'થર'ની સરહદ ઉપર આવેલું નગરપારકર ૧૨૦૦ માણસની વસ્તીવાળું ગામ છે. વસ્તી મોટે ભાગે લુહાણા, વાણિયા ભીલ ને કોળી મેઘવાળોની છે. બ્રાહ્મણો જુજ સંખ્યામાં છે ને તે બધા અત્યંત પતિત દશામાં છે,—એટલી પતિત દશામાં કે સરકારી નોંધોમાં તેમની ગણત્રી 'ડિપ્રેસ્ડ કલાસીઝ' (પછાત કોમો—કોળી, ભીલ, મેઘવાળ)ની સાથે થાય છે! તેઓ ખેતી કરીને અથવા સાંઢીઆ હાંકવાનો ધંધો કરીને ગુજરો કરે છે. ઔદીચ્ય અને શ્રીમાળી જેવાં બ્રાહ્મણોનું આ હદ સુધી આહીં પતન થએલું છે. કારણ માત્ર અસંસ્કૃતિ—વિદ્યા અને સંસ્કારનો અભાવ.

પછાત કોમોની વસ્તી નગરપારકરથી શરૂ થાય છે, તે છેક છાછરો સુધી. ભીલ, કોળી અને મેઘવાળ એ ત્રણે પછાત વર્ણ આહીંની અસલ વતની કોમો છે અને સામાન્યરીતે આ તરફ અસ્પૃશ્ય ગણાય છે. પરંતુ અહીંનાં સામાજિક બંધન આપણા જેટલાં કડક ન હોવાથી અસ્પૃશ્યતાની જે ભયંકરતા (!) આપણે ત્યાં છે તે આહીં નથી. આ ત્રણે કોમોમાં ભીલો મોટે ભાગે જમીનમાલેક હોઇ ખેતી કરે છે તથા ઢોર ઉછેરે છે. કોળી થરમાં ઓછા છે; પારકરના ભાગમાં તેમની વસ્તી વધારે છે. આ પારકરીઆ કોળી ગુજરાતના કોળી કરતાં હલકા-મેઘવાળથી પણ ઉતરતા-અને તદ્દન અસ્પૃશ્ય ગણાય છે. તેઓ મજુરી અથવા હાળીનો ધંધો કરે છે. ત્રણેમાં મેઘવાળોની સ્થિતિ સારી છે. જોકે ત્રણે જાતિ મુડદાલ માંસ ખાય છે એ રીતે તો સરખી પતિત છે.

રણ શબ્દથી સામાન્યરીતે આપણે સપાટ રેતાળ મુલક એવો અર્થ સમજીએ પણ આ 'થર' એવો નથી. રેતીની ૧૦૦-૧૫૦ ફુટ ઉંચી નાનીમોટી ટેકરીઓ (Sand Dunes) જેને આહીં 'ભિટ્ટી'ના પહાડો કહે છે-તેનાથી આ આખો થર છવાએલો છે. રેતી પણ ગુજરાતની નદીઓમાં હોય છે તેવી ઝીણી પત્થરની રેતી નહિ, પણ માટી મિશ્રિત રેતી. દિવસના ભાગમાં આ રેતીના વંટોળ ઉડીને આંધી પણ જાગે છે: એવી કે ઘેરા ધુમાડાની પેઠે આકાશને ધુંધળું કરી મુકી ભારી દે. આવી આંધીઓ તથા 'ભિટ્ટી'ના ટેકરાઓને લીધે થરની મુસાફરી બહુ આકરી થઇ પડે છે.

ઝાડ તો તમે ક્વચિત જ દેખો; અને જે થાય છે તે બાગ્યે જ ૮થી૧૦ ફુટ ઉંચાં: પીજડા, આકડા, હિંગણા બાવળ, પીલુ વગેરે. રેતીને લીધે વનસ્પતિ ન થાય તેરવા- ભાવિક છે થોડી માટી રેતીમાં ભળેલી હોવાથી સહેજસાજ ખેતી સુભાગ્યે થઈ શકે છે; પણ તે મુખ્યત્વે અષાડ માસમાં જ. એ વખતે આહીં થોડો વરસાદ પડી જાય છે અને નસીબમાં હોય એટલો પાક ઉતરી રહે છે. આ ખેતીને અષાડી કહે છે. વરસાદ વધુમાં વધુ ૧૦ ઇંચ તો હદ થઇ ગયો! ખેતીમાં અને ખોરાકમાં મુખ્યત્વે બાજરી હોય છે; મગ, મઠ, અડદ વગેરે કઠોળ જુજજાજ થાય. જુવાર કે ઘઉંનું નામનિશાન નહિ. ઢોરમાં મુખ્યત્વે ઉંટ, ઢગરા (બળદ), ગાય, બકરાં, ઘેટાં અને થોડી ભેંશો. આ ઢોરઉછેર ને ખેતી મોટે ભાગે ભીલોને જ હાથ છે. ઘીની ઉપજ થરપારકરમાં સારી પેઠે છે ને તેની નિકાસ મોટી છે. કપાસની તો આહીં પેદાશ જ નહિ; એટલે રૂ કયાંથી હોય? બધો વાપર ઊનનો જ છે. સુરતની પેઠે બધે ઊન વપરાય છે અને બહાર પણ પુષ્કળ મોકલાય છે.

રણ હોય અને પાણીની અછત ન હોય એ તો કેમ જ બને? પાણીની હાડમારી નડા બેટથી શરૂ થાય છે;—ખરૂં કહીએ તો બનાસકાંઠાથી જ શરૂ થાય છે. બનાસકાંઠામાં તળાવો ખરાં, પણ બધાં ખારાં. ભુસ્તરશાસ્ત્રીઓ માને છે કે આહીં પહેલાં દરિયો હશે. આગળ રણમાં તો પછી લાંબે અંતરે ઉંડાઉંડા કુવા આવે એટલું જ. કુવાની ઉંડાઇ આહીં પુરુષ (માથોડાં)થી મપાય છે. ૨૦થી માંડીને છેક ૫૦ પુરુષ સુધીની ઉંડાઇના કુવાઓ હોય છે. આવા ત્રણસો ત્રણસો ફુટ ઉંડા કુવા, પણ પહોળાઇમાં જુઓ તો ત્રણ જ ફુટ વ્યાસના હોય! એકેક કુવો ગળાવતાં સહેજે પાંચેક હજાર રૂપિયા ખર્ચ થઇ જાય! એટલી ઉંડાઇએથી પાણી કેમ ખેંચાતું હશે? ઉંટ અથવા ગધેડાં પાણી ખેંચવામાં વપરાય છે અને તેની ત્રણ જોડી રાખી હોય છે તે અનુક્રમે ત્રણ ટપ્પે ખેંચે ત્યારે પાણી નીકળે! ગધેડાં ઉપર લાકડાનાં લગડાંમાં માટલાં ગોઠવ્યાં હોય તેમાં પાણી ભરી લોકો ઘેર લઈ જાય મુસાફરીમાં પાણીની મસક સાથે રાખવી જ જોઇએ.

નગરપારકર અને છાછરો વચ્ચેનો સાઠ માઇલનો ગાળો. જ્યાં મોટે ભાગે આ પછાત કોમો વેરાએલી પડી છે તે મુલકમાં ફરતાં હાલની દુનિયામાંથી કયાંક બીજે જ ઉડી પડ્યા હોઇએ એવું લાગે: બધે, વર્ષો પહેલાંનું ગ્રામીણ વાતાવરણ. છાછરો પહોંચીએ ત્યારે આધુનિક સંસ્કૃતિનું ભાન થાય. તાર, ટપાલ, છાપાં સમાચાર વગેરેનાં દર્શન છાછરોમાં થાય છે. છાછરોથી ચાળીસેક માઇલ ઉત્તરે આવેલું ગદ્રા ગઢડારોડ થરપારકર અને મારવાડની સરહદ પર આવેલું છે અને ત્યાંથી રેલવે ટ્રેન ગણી શકે છે તે મારવાડ જંકશન પહોંચાડે છે. **ઇ. ત.**

બા— ઉમા, સુઇ જા બેટા; સુવાનો વખત થઇ ગયો.

ઉમા—મા, તું રોજ આમ કરે છે તે બરાબર નહિ. રાત પડે એટલે તું મને કહે છે કે હું નાની છું તે મોડી રાત સુધી ન જગાય; અને સવારના પહોરમાં કહે છે કે હવે મોટી થઇ એટલે મોડે સુધી સુઇ ન રહેવાય!



માધુકરી

વાગ્યાં અમૃત ચોઘડિયાં ને જાગ્યા પોઢચા પ્રાણ,
જાગ્યાં ગિરિકંદર ભેદી શૂર સિંહણનાં સંતાન;
ઘટઘટમાં ભરમર્દાની, ઉછળંતી ગેબી ગંગ,
હો સ્વતંત્રતાના સેનાની ! સૌ બોલો જય બજરંગ !

જે જુવાન જોધ ઝીલંતા પૂર શક્તિબોધ પ્રચંડ,
તે સ્વાર્પણથી જયવંતા ને સ્વતંત્ર ખંડેખંડ;
હો સ્વતંત્ર-નાવ-સુકાની! થઇ સદૈવ મર્દે જંગ,
ભૂમિ-ભવરણના સેનાની સૌ બોલો જય બજરંગ!

— કેશવ હ. શેઠ

પહેલો હિંદી વિમાનવીર

"તા. ૨ જી એપ્રિલ ૧૯૨૮ના રોજ રૂટરના તાર સમાચાર જગત પર ફરી વળ્યા કે 'બાવીસ વર્ષના એક નવજુવાન હિંદીએ એરોપ્લેનને લગતું સંપૂર્ણ જ્ઞાન મેળવી પહેલા હિંદી પાયલટ તરીકેનું બ્રિટિશનું B લાયસેન્સ મેળવ્યું છે.' હિંદી? અને તે વળી પાયલટ? અને એ ફક્ત બાવીસ જ વર્ષનો? ન બને. રૂટરની કંઇક ભુલ થતી હશે. પેન્સિલ જેવા માયકાંગલા હિંદીઓમાંનો એકાદ પણ હવામાં ઉડે એ વાત જ જગતે ઘડીભર અસંભવિત માની. આખરે તાજુબી સાથે જગતને માનવું પડ્યું કે એ વાત તો તદ્દન સત્ય છે. એટલું જ નહિ પણ એ 'પહેલા હિંદી હવાઇ વીમાની' એ કોઈ પંજાબી, શીખ, મરાઠા, જાટ કે રાજપુત જેવી લડાયક કોમમાંથી નથી પરંતુ વ્યાપારી સાહસોમાં પ્રથમ દરજ્જે પંકાએલી લક્ષ્મીવંત લોહાણા કોમના એક સુંવાળા શ્રીમંત ખાનદાનના જવાંમર્દ નબીરા છે. આ પહેલા હિંદી વીમાની તે ભાઇ પુરુષોત્તમદાસ મેઘજી વલ્લભદાસ કબાલી. કબાલી એમનું લાડકું નામ છે. મિત્રો એ નામથી એમને ઓળખે છે. હવે જગત ઓળખશે.

મોટી મસ્તીભરી રમતિયાળ આંખોવાળો, ફુટતી જુવાનીના ઉછળતા જોમવાળો, બંધાએલા સ્નાયુઓવાળા દેહમાંથી સૌંદર્ય, તાકાત અને પ્રતિભા પ્રસારતો આ બાવીસ વર્ષનો જુવાન, મુળ કચ્છ લખપતના વતની પણ ધંધાર્થે મુંબાઇ— ઘાટકોપરમાં વસેલા સ્વ. શેઠ મેઘજી વલ્લભદાસ નામના શ્રીમંત વેપારીનું ફરજંદ છે. જે વયે અનેક શ્રીમંતપુત્રો વિલાસોથી ક્ષીણ થઇ ગએલી શારીરિક હાલતમાં રેશમની તળાઇઓ પર આળોટતા હોય છે તે ઉમરે આ ઉગ્ર ભાવનાશીલ જુવાને બાળપણમાં ઘડેલી અનેક મહત્ત્વાકાંક્ષાઓમાંની એકને પાર પાડીને વાયુયાનના પહેલા હિંદી વીર તરીકેનું બિરદ પ્રાપ્ત કર્યું છે."

ઈ. સ. ૧૯૦૭માં ઘાટકોપરમાં એમનો જન્મ થએલો અને ત્યાં જ પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી લઇ મૅટ્રિક સુધી પહોંચ્યા. પણ નરમ તબિયતને લીધે પરીક્ષા ન આપતાં શાળાને સલામ ફરમાવી ૧૯૨૨માં પિતાના વેપારમાં જોડાયા. ૧૯૨૪માં પિતાનું અવસાન થતાં એ 'ઑગ્બે બર્લિન ટ્રેડિંગ કંપની' નામની ફોટોગ્રાફિક સામાનનો જંગી વેપાર કરતી પેઢીમાં જોડાયા અને ફોટોગ્રાફીની ટેકનિકલ બાબતોમાં ખુબ રસ હોવાથી એ વિષયને સારી રીતે ખેડ્યો; એટલું જ નહિ પણ ફોટોગ્રાફીની કળામાં તે એટલા પાવરધા થઇ ગયા કે ભલભલાં ફોટોગ્રાફિક પ્રદર્શનોમાંથી પારિતોષિક અને ચંદ્રકો મેળવ્યા, તથા લંડનની રૉયલ સોસાએટી ઑફ આર્ટ્સના ફેલો (એફ. આર. એ. એસ.) અને રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીના એસોશિયેટ (એ. આર. પી. એસ.)ની માનનીય ડિગ્રીઓ મેળવી.

પણ સાહસોત્સાહ અને તારુણ્યના તરવરાટવાળા એ જુવાનને ક્યાંય ચેન પડે નહિ. એના મગજમાં કંઇકંઇ સ્વપ્નાઓ અને મનોરથોની ઘડભાંગ ચાલ્યા કરે. મોટરમાં બેસીને આખી દુનિયાની સફર ખેડવાની યોજના ઘડી. મોટર કંપનીઓ, પ્રાંતીય ગવર્નરો, જુદાજુદા દેશના કૉન્સલો અને સરકારો સાથે પત્રવ્યવહારો ચલાવી ઉપડવાનું ઠરાવ્યું: મિત્રોએ ટેકો આપ્યો; પણ સરકારે પરદેશી જોખમવાળા મુલકોમાં રક્ષણ આપવાની બાંહેધરી ન લેવાથી એ વિચાર છોડી દેવો પડ્યો. પછી પોતાની જ મોટરલૉન્ચમાં જગતભરના દરિયા ખેડવાનો તુક્કો ઉઠાવ્યો. પણ વિમાની થવાનો વિચાર બધાએ વધાવી લેતાં પેલો તુક્કો પડ્યો મુકી વાયુયાનવિદ્યાનો અભ્યાસ કરવા એમણે યૂરોપ જવાનું ઠરાવ્યું.



૧૯૨૮ના એપ્રિલની ૨૧મી તારીખે એ જર્મની જવા ઉપડ્યા અને ત્યાંની જંકર્સ ફ્લ્યુગ્ઝ્યુગ્વર્ક નામની જગવિખ્યાત ફૅક્ટરીમાં પ્રથમ ઍરોપ્લેન બનાવવાની કેળવણી લેવા માંડી. પાંચમે મહીને ઑક્ટોબરમાં તે લંડન ગયા અને ત્યાં વાયુ-ચક્રશાસ્ત્ર અને સમુદ્રવિદ્યાનો અભ્યાસ કરી તે વિષયોમાં પારંગતતા પ્રાપ્ત કરી, એટલું જ નહિ પણ એ (મીટીઓરોલૉજી અને નેવિગેશન) સોસાએટીઓના ફેલો પણ નીમાયા.

આટલું પ્રાથમિક જ્ઞાન સંપાદન કરી એ ગયા માર્ચમાં ઇમ્પીરિયલ ઍરવેઈઝ લિમિટેડમાં વિમાન ચલાવવાની વિદ્યાના વિદ્યાર્થી તરીકે જોડાયા અને સાથોસાથ કર્નલ હેન્ડરસનની વિમાનશાળામાં પણ વર્ગો ભરવા માંડ્યા. કર્નલ હેન્ડરસન એમને વિશે 'ઍરોપ્લેન' પત્રમાં જણાવે છે કે 'મારે ત્યાં શિક્ષણ લેવા જોડાયો ત્યારે જેને પસાર થવા વિષેની લેશમાત્ર આશા નહોતી એવા આ અસાધારણ વિદ્યાર્થીએ ૨૫ દિવસ જેટલી ટૂંક મુદતમાં તો ૪૨ કલાકની 'સોલો' સફરનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું અને અત્યંત ઉંચે ઉડવાની, રાત્રે ઉડવાની તથા અનિયત માર્ગે આડેધડ (ક્રૉસ-કન્ટ્રી) ઉડવાની A અને B લાઇસેન્સ માટેની બધી પરીક્ષાઓ પસાર કરી; ને તે જરાપણ નુકસાની વિના નવ હજાર ફુટની ઉંચાઇએ પચીસ મિનિટ સુધી રહીને એણે પાવરધા વિમાનીની કાબેલિયત અને કળાયુક્ત ચોકસાઇથી બરોબર વિમાન નિયત સ્થળે ઉતાર્યું. ક્રૉસ-કન્ટ્રી પાયલટ તરીકે તે નામ કાઢે એવો છે.'

ભાવિની કથા તો ભવિષ્ય કહેશે, પણ આજે તો એણે અવશ્ય નામ કાઢ્યું છે: પોતાનું ને પોતાના દેશનું. એક અંગ્રેજ કંપનીએ એને પોતાને ત્યાં પાયલટ તરીકે રહેવા દરખાસ્ત કરી તેનો અસ્વીકાર કરતાં એણે કહ્યું કે હું તો હિંદી કંપની દ્વારા મારા દેશની જ સેવા કરવાનો. ગયા (મે) માસની ૨૨મી તારીખે એણે ખરીદેલા નવા વિમાનનો નામસંસ્કરણ વિધિ લંડનમાં કુચબિહારનાં મહારાણીએ કર્યો અને ભારતીય વાયુયાનના અરુણકાળે ઉડતા એ વાયુરથનું 'અરુણ-પિચ્છ' (ફેધર ઑફ ધ ડૉન) એવું કવિત્વભર્યું નામ શ્રીમતી સરોજિની નાયડુએ તેને અર્પણ કર્યું. એમાં એ એકલો (સોલો ફ્લાઇટ કરીને) લંડનથી હિંદ ઉડી આવવા નીકળનાર છે.

લક્ષ્મી આપી શકે એવા અનેક વિહારો સુલભ હોવા છતાં આ સ્વપ્નદર્શી શ્રીમંતપુત્રે એ લક્ષ્મીનો બીજો જ ઉપયોગ કર્યો. પોતાની આકાંક્ષાઓની સિદ્ધિ અને સ્વદેશની પ્રગતિ બંને એણે એકસાથે સાધી. આજ એ ભારતના વાયુયાનના ઇતિહાસનું પહેલું પાનું પોતાના નામથી અંકિત કરીને, અદષ્ટ સાહસો ને સિદ્ધિઓથી ભરેલા એ મહામોલા ભાવિ ગ્રંથની ભારતના યુવાનોને ભેટ ધરે છે.

સીવવાના સંચાની ટુંકી કથા

આ અંકમાં આપેલા જીવનચરિત્રના નાયક ઇલિયાસ હૉવેએ સીવવાના સંચાની શોધ કરી તે પહેલાં પણ એ દિશામાં થોડા માણસોએ પ્રયત્ન તો કર્યા જ હતા. પહેલો પ્રયત્ન ચાર્લ્સ વિન્થેલે કર્યો ને પોતાનો સંચો ઇ. સ. ૧૭૫૫ના જુલાઇમાં ઇંગ્લંડમાં પેટંટ કરાવ્યો. એમાં બંને બાજુ અણી ને વચ્ચે નાકું એવી સોય હતી.

બીજો સંચો ટૉમસ સેઈન્ટે ૧૭૯૦ના જુલાઇમાં પેટંટ કરાવેલો. એણે જે ત્રણ પ્રાથમિક વસ્તુઓ શોધી તે પાછળથી આજના દરેક સંચામાં કામ લાગી: (૧) સોય, (૨) પોતાની મેળે ફરીને દોરો પુરતી ચકરડી અને (૩) કપડાંની પ્લેટ. જોકે એ અત્યંત બેડોળ સંચો હતો, પણ ખરી શરૂઆત તેનાથી થઇ.

તે પછી ૧૮૦૪માં ડંકન નામના અંગ્રેજે ચેઈન-સ્ટિચ (સાંકળીટાંકો ભરતા) સંચાની શોધ કરી. એ સિવાય બીજા પણ ઘણા અંગ્રેજો, અમેરિકનો ને ફ્રેંચોએ એ દિશામાં પ્રયત્નો કરેલા; પણ એ બધાના સંચામાં ઘણી ખામીઓ હતી. એટલું ખરૂં કે એમણે ભવિષ્યમાં નીકળનાર સંચામાં ઉપયોગી થાય એવાં તત્ત્વોનાં પગરણ માંડી રાખ્યાં હતાં.

આટલી શરૂઆત પછી ઇલિયાસ હૉવેનો સંચો બહાર પડ્યો. તેમાં સોયનું નાકું વચ્ચે રાખવાને બદલે છેડે રાખવામાં આવ્યું હતું; અને એ જ આ સંચાની સફળતાની ચાવી હતી. આ ઉપયોગી સૂચના કરનાર હૉવેની સ્ત્રી હતી!

છતાં હજી ઘણા સુધારાને અવકાશ હતો. હૉવેનો સંચો બહાર પડ્યા પછી બીજા પાંચ વર્ષમાં તો સંખ્યાબંધ સંચાઓ બહાર આવ્યા. તેમાંથી વ્યવહારૂ ઉપયોગિતામાં શ્રેષ્ઠ જણાતો એક સંચો આઇઝૅક મૅરીએટ સિંગર નામના માણસે પસંદ કર્યો. પોતે પસંદ કરેલા એ સંચામાં નવો સુધારો શોધી કાઢવાનો મી. આઇઝૅક સિંગરે કૉન્ટ્રાક્ટ રાખ્યો, ને માત્ર બાર જ દિવસ-

માં ૪૦ ડૉલરની કીમતનો નવા સુધારાવાળો સંચો તૈયાર કરી આપ્યો. 'સિંગર નં. ૧'ના નામથી જાણીતા થએલા આ સંચાએ આજે સંખ્યાબંધ વપરાતા સિંગર સંચાની શરૂઆત કરી.

પોતાની શોધની ઉપયોગિતા સાબિત કરવા મિ. આઈઝૅક સિંગરને પણ ખુબ મહેનત લેવી પડી. આ પ્રયત્નમાં આજ સુધી આ શોધમાં બીજા અનેક જણને નિષ્ફળતા મળી હતી તે કારણે લોકોને હવે સીવવાના સંચાની શોધ પરથી શ્રદ્ધા ઉઠી ગઇ હતી. કેટલાકે આગળના શોધકોની મોટીમોટી વાતો પરથી ભરમાઇને સંચા ખરીદી લીધા હતા, તે નકામા નીવડવાથી ફેંકી દેવા પડયા હતા. એટલે લોકોમાં ફરી શ્રદ્ધા પ્રગટાવવી સિંગરને બહુ ભારે પડી તે તદ્દન ગરીબીમાં આવી પડયો અને લોકોને ઘેરઘેર ફરીને પોતાના સંચા પર સીવી બતાવ્યું. આ ખંતનું ફળ છેવટે એને મળ્યું. બહુ ધીમેધીમે એ જાણીતો થયો ને 'સિંગર નં. ૧'ના સંચાથી બરોબર સીવી શકાય છે એવી લોકોની ખાતરી થવા માંડી.

સિંગરે મેળવેલી આ સફળતાની ખબર ઇલિયાસ હૉવેના પુત્રને પડી કે તરત જ એણે પોતાના પેટંટને ભાંગવા બદલ સિંગર પાસે ૨૫,૦૦૦ ડૉલરની માગણી કરી, ને જો એ ન આપે તો ધંધો બંધ કરવા જણાવ્યું. આ તકરારને પરિણામે આજની નામચીન આઇ. એમ. સિંગર ઍન્ડ કંપની ઉભી થઈ. દુનિયાની ઔદ્યોગિક પ્રગતિમાં સીવવાના સંચાનું ચોક્કસ સ્થાન છે તે સિંગર બરોબર સમજતો હતો. તેણે હૉવેના પુત્રને સંચાની કીમત હપ્તે હપ્તે ભરવાની શરતે સંચાનું વેચાણ કરવા માંડ્યું, અને બીજી બાજુ ઘરાકોને જેટલી બની શકે તેટલી સગવડ કરી આપી પોતાના સંચાને લોકોમાં પ્રચલિત કરવા માંડ્યો. 'સિંગર નં ૧'ના સંચાનું પૅકિંગ કરવા માટે ખાસ એનાં જ ખોખાં તૈયાર કરાવ્યાં. આજે સિંગરની પેટીઓ આવે છે તેની શરૂઆત કરનાર આ ખોખાંઓ.

હવે તો સુધારા ઉપર સુધારા થવા માંડયા 'ડ્રૉપ ફીડ' નામના સંચાની શોધ થઈ, અને ઈ. સ ૧૮૫૨માં 'સિંગર નં. ૧'ના સંચામાં સુધારો કરીને 'સિંગર કંપનીએ 'સ્ટાન્ડર્ડ નં. ૧'નો સંચો બનાવ્યો. ત્યાર પછી એ જ વર્ષે 'સ્ટાન્ડર્ડ નં. ૨'નો પહેલાથી ચડિયાતો સંચો કાઢયો. ત્યાર પછી 'સ્ટાન્ડર્ડ નં. ૩'નો ચામડાં સીવવા માટેનો સંચો નીકળ્યો. દુનિયાના એકેએક ઘરમાં સીવવાનો સંચો પહોંચતો કરવા સિંગર કંપનીએ એક ટોળીને સફરે મોકલી. ૧૮૫૬માં 'ટર્ટલ-બૅક' (કાચબાપીઠ) નામનો નવો સંચો નીકળ્યો ને ૧૮૫૯માં 'લેટર એ' નામના સંચાએ તેનું સ્થાન લીધું.

ત્યારપછી રચના અને આકારમાં વધુ સગવડભર્યો 'ન્યૂ-ફૅમિલી' નામનો નવો સંચો ઇ. સ. ૧૮૬૫માં બજારમાં આવ્યો. તો પણ ઉત્તરોત્તર સીવવાના સંચામાં ઉપયોગી સુધારા તો થતા જ ગયા. બધા ફરતાફરતા ભાગોની તદ્દન સાદી રચના કરી નાખીને દર મિનિટે ૨૦૦થી ૧૦૦૦ ને પાછળથી તો મિનિટના ૨૨૦૦ ટાંકા સુધી ઝડપ વધારવામાં આવી. 'વી. એસ. નં. ૨' (Vibrating Shuttle No. 2) નામનો સરસ દેખાતો ને બહુ જ ઓછો અવાજ કરતો સંચો ૧૮૮૭માં નીકળ્યો. આજે દુનિયા પર એ જાતના લાખો સંચાઓ લોકો વાપરી રહ્યા છે.

ઇ. સ. ૧૯૦૮માં 'સિંગર ૬૬' નામનો ઘરોમાં વાપરવા માટેનો સંચો નીકળ્યો. 'વીસમી સદીનો સીવવાનો સંચો' એ નામથી તે જાણીતો થયો. એમાં વળી સુધારો કરીને ૧૯૧૧માં 'સિંગર ૯૯' નામનો સંચો સિંગર કંપનીએ બજારમાં મુકયો. ધીમેધીમે ચાલતો ને તદ્દન બેડોળ 'સિંગર નં. ૧'નો સંચો સ્ત્રીઓને સોયદોરાના વૈતરામાંથી મુક્ત કરનાર તરીકે આવકાર પામ્યો હતો, તો પછી આજના '૬૬' ને '૯૯' નંબરના ઝડપથી ચાલતા સંચાઓ કેટલા આશીર્વાદ રૂપ હોય?

હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠકો

નંબર	સાલ	સ્થળ		પ્રમુખનું નામ
૧	૧૮૮૫	મુંબાઈ	સ્વ.	વ્યોમેશચંદ્ર બૅનરજી
૨	૧૮૮૬	કલકત્તા	,,	દાદાભાઇ નવરોજી
૩	૧૮૮૭	મદ્રાસ	,,	બદરૂદીન તૈયબજી
૪	૧૮૮૮	અલ્લાહાબાદ	,,	જ્યૉર્જ યૂલ
૫	૧૮૮૯	મુંબાઇ	,,	વિલિયમ વેડર્બર્ન
૬	૧૮૯૦	કલકત્તા	,,	ફિરોઝશાહ મહેતા
૭	૧૮૯૧	નાગપુર	,,	પી. આનન્દ ચાર્લુ
૮	૧૮૯૨	અલ્લાહબાદ	,,	વ્યોમેશચન્દ્ર બૅનરજી
૯	૧૮૯૩	લાહોર	,,	દાદાભાઇ નવરોજી
૧૦	૧૮૯૪	મદ્રાસ	,,	આલ્ફ્રેડ વેબ
૧૧	૧૮૯૫	પૂના	,,	સુરેન્દ્રનાથ બૅનરજી
૧૨	૧૮૯૬	કલકત્તા	,,	મહમ્મદ રહીમતુલ્લા સયાની
૧૩	૧૮૯૭	અમરાવતી	સર	શંકરન નાયર
૧૪	૧૮૯૮	મદ્રાસ	શ્રી	આનંદમોહન બોઝ
૧૫	૧૮૯૯	લખનૌ	સ્વ.	રમેશચન્દ્ર દત્ત
૧૬	૧૯૦૦	લાહોર	,,	નારાયણ ગણેશ ચંદાવરકર
૧૭	૧૯૦૧	કલકત્તા	સર	દીનશા એદલજી વાચ્છા
૧૮	૧૯૦૨	અમદાવાદ	સ્વ.	સુરેન્દ્રનાથ બૅનરજી
૧૯	૧૯૦૩	મદ્રાસ	શ્રી	લાલમોહન ઘોષ
૨૦	૧૯૦૪	મુંબાઈ	સર	હેન્રી કૉટન
૨૧	૧૯૦૫	બનારસ	સ્વ.	ગોપાલ કૃષ્ણ ગોખલે
૨૨	૧૯૦૬	કલકત્તા	,,	દાદાભાઇ નવરોજી
—	૧૯૦૭	સુરત	શ્રી	રાસબિહારી ઘોષ (ભંગાણ પડ્યું)
૨૩	૧૯૦૮	મદ્રાસ		,,
૨૪	૧૯૦૯	લાહોર		પંડિત મદનમોહન માલવીય
૨૫	૧૯૧૦	અલ્લાહાબાદ	સ્વ.	વિલિયમ વેડર્બર્ન
૨૬	૧૯૧૧	કલકત્તા	,,	પંડિત બિશન નારાયણ ધર
૨૭	૧૯૧૨	પટણા	,,	આર. એન. મુધોળકર

નંબર	સાલ	સ્થળ	પ્રમુખનું નામ
૨૮	૧૯૧૩	કરાંચી	નવાબ સૈયદમાહમદ બહાદુર
૨૯	૧૯૧૪	મદ્રાસ	સ્વ. ભુપેન્દ્રનાથ વસુ
૩૦	૧૯૧૫	મુંબાઈ	,, સત્યેન્દ્રપ્રસન્ન (લૉર્ડ સિંહ)
૩૧	૧૯૧૬	લખનૌ	શ્રી અંબિકાચરણ મજમુદાર
૩૨	૧૯૧૭	કલકત્તા	શ્રીમતી ઍની બેસંટ
ખાસ બેઠક	૧૯૧૮	મુંબાઈ	સર સૈયદ હસન ઈમામ
૩૩	૧૯૧૮	દિલ્હી	પંડિત મદનમોહન માલવીય
૩૪	૧૯૧૯	અમૃતસર	પંડિત મોતીલાલ નેહરૂ
			(લોકમાન્ય તિલકને બદલે)
ખાસ બેઠક	૧૯૨૦	કલકત્તા	સ્વ. લાલા લજપતરાય
૩૫	૧૯૨૦	નાગપુર	શ્રી વિજયરાઘવાચાર્ય
૩૬	૧૯૨૧	અમદાવાદ	સ્વ. હકીમ અજમલખાનજી
			(સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસને બદલે)
૩૭	૧૯૨૨	ગયા	સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસ
ખાસ બેઠક	૧૯૨૩	દિલ્હી	મૌ. અબુલકલામ આઝાદ
૩૮	૧૯૨૩	કોકોનાડા	મૌ. માહમદઅલી
૩૯	૧૯૨૪	બેલગામ	મહાત્મા ગાંધીજી
૪૦	૧૯૨૫	કાનપુર	શ્રીમતી સરોજિની નાયડુ
૪૧	૧૯૨૬	ગૌહત્તી	શ્રી શ્રીનિવાસ આયંગર
૪૨	૧૯૨૭	મદ્રાસ	ડૉ. એમ. એ. અનસારી
૪૩	૧૯૨૮	કલકત્તા	પંડિત મોતીલાલ નેહરૂ
૪૪	૧૯૨૯	લાહોર	(હવે ભરાશે)

સુધારો-વધારો

૬૪મા અંકની 'માધુકરી'માં 'સો વરસનું કેલેંડર જુઓ' નામના આવેલા ફકરામાં ડાકોરથી રા. રામભાઇ શંકરભાઈ પટેલે સૂચવેલા નીચેના સુધારાવધારા કરી લેવા: 'લીપ ઇઅર'ની ગણતરી માટે જાન્યુઆરી તથા ફેબ્રુઆરી માસના વાર શોધતી વખતે, જે છેલ્લો સરવાળો આવે તેમાંથી એક બાદ કરીને આગળ ગણતરી કરવી. સરવાળો શૂન્ય આવે તો સાત ઉમેરીને એક બાદ કરવો, ને પછી આગળ મુજબ ગણવું. અથવા બીજી રીતે કહીએ તો, લીપ ઇઅરની ગણતરી પુરતો જાન્યુઆરીનો અંક ૬ અને ફેબ્રુઆરીનો અંક ૨ લેવો. કોષ્ટકમાં ડિસેમ્બરનો અંક ૬ છે તેને બદલે ૫ જોઇએ; ને જ્યાંજ્યાં 'ભાજ્ય' શબ્દ વાપર્યો છે ત્યાં 'ભાગાકાર' જોઈએ.

જર્મનીના પત્રો : અનુસંધાન પૃ. ૨૩૨થી

છે અને બીચારી બહુ દિલગીર થઇ કહે કે હું તમારા માટે શું બનાવું તેની મને સમજણ નથી પડતી અને બહુ દુઃખ થાય છે. ઘણીક વખત હું ચુલા પાસે જાઉં છું અને જાતે જ કાંઇક બનાવવાની કોશિશ કરૂં છું. એક દિવસે શીરો બનાવ્યો હતો. રોટલી બનાવવાની બધી સામગ્રી નથી અને લોટ મારા મેંદા જેવો ચીકણો મળે છે, એટલે તેની રોટલી બનશે કે કેમ તેની ખબર નથી. હજી એક વાર પ્રયત્ન કરવાનો છું.

એ બધા પરથી વિચાર આવ્યો છે કે આજે મુંબાઇ એક પેટી અનાજ–સીધાંની અહીં મોકલવા લખી દઉં. માત્ર સારા ભાત અને ચણા, મગ અડદ વગેરેની આપણી દાળો જો મળે તો તેથી આ બધી વિટંબણા ટળી જાય. એકવાર પેટભરીને ખીચડી ખાવાની મળે એટલે બધું મળ્યા જેવું લાગે. એક રીતે નિરામિષ આહારીને આ દેશમાં લાંબા સમય સુધી રહેવું સાચે જ કઠણ છે, તેનો આ પરથી કાંઇક ખ્યાલ આવે છે. સાંજે ક્યાં યે બહાર ફરવા જાઉં અને બે કલાકનું ભ્રમણ કરૂં ત્યારે એવી કકડીને ભુખ લાગે છે; પરંતુ તેનું નિવારણ માત્ર ચા પીને કે એકાદ બ્રેડનો કટકો ખાઇને જ કરવું પડે છે.

અહીંની હવા અને ઋતુ અત્યારે એટલી બધી આરોગ્યપ્રદ છે કે તેની કલ્પના ન થઇ શકે અતિ કકડતી ઠંડી પડી રહી છે. મોટાંમોટાં સરોવરો જામીને બરફ થઈ ગયાં છે અને જ્યાં હોડીઓ ફરતી હતી ત્યાં મોટરો ફરે છે. ગઇ કાલે સાંજે આવું એક સરોવર જોઇ આવ્યો અને એ અરધા માઇલ કરતાં વધુ પહોળાઇના સરોવરને આ કાંઠેથી પેલે કાંઠે સુધી પગથી માપી આવ્યો. પંદર દિવસ પહેલાં એ સરોવર જોયું ત્યારે તેની અંદર સેંકડો હોડીઓ તરતી હતી અને ગઇ કાલ સાંજે તેના પર હજારો સ્ત્રીપુરુષો, ટેનિસ, હૉકી, સાઈકલ, નૃત્ય વગેરે ખેલી રહ્યાં હતાં. પ્રકૃતિની શી ગજબ લીલા! અને શો એ લોકોનો પ્રકૃતિના સૌંદર્યનો ઉપભોગ કરવાનો ઉલ્લાસ! મારી સાથે બે બહેનો હતી. સરોવરનું એ રૂપ જોઇ એમના પગ પણ થનગનવા લાગ્યા અને બીજાં નરનારીઓની માફક એ પણ એકદમ એ બરફના પટ પર ડોલવા લાગી. ત્રણ વર્ષના બાળકથી માંડી એંસી વર્ષ સુધીની ઉમરનાં સર્વ માનવીઓ એ જ રીતે આખા પટ પર ડોલી રહ્યાં હતાં. હું જ માત્ર એક એવો નર હતો જે કાંઠે ઉભેલા ઝાડના થડ સાથે અઢેલી બીજા થડ જેવો ઉભોઉભો એ દૃશ્ય જોયા કરતો હતો. આ પ્રજાના જીવનમાં ડોલન અને ગુંજન ઓતપ્રોત થઈ રહેલાં છે. જરાક ક્યાં યે કોઈ સુર નીકળે છે કે રસ્તે ચાલતા, ઉભા રહેનારા કે કામ કરનારા બધાના કંઠ એ સુરને પુરવા માટે મધુરમધુર રીતે ગુંજવા લાગે છે અને પગ થનગન કરતા ઠમકવા લાગે છે. દરજ્જો, ઉમર, સમય કે સ્થળ એમાં કોઇ અપવાદ નથી.

આજે કાગળ લખવા મોડો બેઠો છું તેથી હવે વધુ નથી લખતો. સબેખમ મટવા આવ્યું છે અને તબિયત એકંદર ઠીક છે. અભ્યાસ તો આ મહીનામાં ખાસ કાંઇ થયો નથી. હવે બધું બરાબર ગોઠવાશે. બાપાના અભ્યાસ માટેની ગનઃપુત સામગ્રી તો અહીં જ બરાબર મળી છે, એથી એમાં હવે વધુ પ્રગતિ થશે.

—જિનવિજય

રશિયાના અફાટ વેરાન પ્રદેશમાં એક મામુલી ખેડુતને ત્યાં કોઈ મુસાફરે રાતવાસો કર્યો. બીજે દહાડે દૂર ગયા પછી એને જણાયું કે રૂપિયાની એક થેલી પોતે ક્યાંક ગુમાવી. એવડા વેરાન મુલકમાં ક્યાં જઇ શોધે ? આહીં ખેડુતના છોકરાને એ થેલી જડી ને બાપને બતાવી. બાપે ઘાસના પુળા તે પર ઢાંકી મુકાવી કહ્યું 'એનો માલિક આવશે ત્યારે લઇ જશે.' છ મહીને વેપારી પાછો ત્યાં થઇને નીકળ્યો ને ઉતારો કર્યો ત્યારે વાતવાતમાં થેલીની હકીકત કહેતાં ખેડુતે કહ્યું, 'એ તમારી હતી કે? મારા દીકરાને જડેલી તે ઢાંકી રાખવા કહ્યું હતું. બનતાં સુધી તો પડી હશે.' જઇને જોયું તો અકબંધ થેલી પડેલી!

〰

વધારે અર્થવાળા શબ્દો. કરો=બરફનું ફોરૂં: બે ઘર વચ્ચેની ભીંત. કર=હાથ: વેરો: કિરણ: 'કરવું'નું આજ્ઞાર્થ રૂપ.

〰

કેરીને ખાતાં કે રસ કાઢતાં પહેલાં થોડો વખત પાણીમાં રાખી મુકવાથી તેનો રસ ઠંડો, સ્વાદિષ્ટ ને ઘાટો બને છે.

〰

અફીણ ભરેલો વખારમાં થો[illegible]ડા હીંગ નાખી હોય તો આખી વખારનું અફીણ માટી જેવું બની જાય છે; તેમ જ હીંગની ભરી વખારમાં જરાની એકાદ ગુણ સાથે રાખી હોય તો હીંગ ધુળ જેવી થઇ જાય છે. કેળાંનું મારણ એલચી; કેરીનું મારણ સુંઠ: (કેળાં ખાધા ઉપર એલચી ખાવાથી અને કેરી પછી સુંઠ ખાવાથી તે કુપથ્ય નથી થતાં) તેમ અફીણની વેરી હીંગ ને હીંગનું વેરી જીરૂં.

〰

સાઇબીરિયામાં એક ભટકતી જાતના ચોરોમાં એવી માન્યતા હોય છે કે જેના પર ગુનાહ જાણવાનો શક ગયો હોય તેના ખોરાકમાં પોતાનું લોહી છુપી રીતે ભેળવી તેને ખવડાવી દેવામાં આવે તો પછી એ ગુનાહ ઉઘાડો પાડી શકે નહિ.

〰

બરફથી ગભરાએલા દાંતનો અંબાટ ઉતારવા મીઠું ન ચાવી શકાય તો ઘઉંની બાજરી ખાવાથી પણ અંબાટ ઉતરશે.



૬૪મા અંકમાં છપાએલું કાઠિયાવાડના મણિમંદિરનું અદ્ભુત સૌંદર્યવાળું મકાન બાંધનારા કારીગરો કચ્છના ભેડાઈ ગામના ગજધરો. ઉપરનો ફોટોગ્રાફ કચ્છના ચંદીઆ ગામના મંદિરનો છે, અને તે પણ એ ગજધરોનું જ બાંધેલું છે. (ફોટો : નરશી શામજી ચાવડા)

〰

તમારા ભાઈબંધને એકાદ આંકડો ધારવાનું કહો. એને ચારે ગુણાવો અને પછી ૬, ૮, ૧૦ કે ૨૦ એમાંથી મરજી પડે તે એક આંકડો ઉમેરાવો. પછી તેના અરધા કરાવી જે આવે તે આંકડો જાણી લો. હવે એ આંકડામાંથી, તમે જેટલા ઉમેરવાનું કહ્યું હોય તેના અરધા બાદ કરો ને બેએ ભાગો તો તેના ધારેલો આંકડો આવી રહેશે. દાખલા તરીકે તેણે ૫ ધારેલા ×૪=૨૦ +૮ ઉમેરાવ્યા=૨૮. તેના અરધા ૧૪ થાય. તે તમને કહ્યા. હવે એ ૧૪-૪ (૮ ઉમેરાવેલાના અરધા) =૧૦. તેનું અરધું ૫ તે ધારેલો આંકડો.

બહુ દૂરની જગ્યા સાથે ટેલિફોનમાં વાત કરતી વખતે બોલનારે પોતાના હોઠ ટ્રાન્સમિટર (અવાજ ઝીલનારી નળી)ની લગોલગ રાખવા જોઇએ. ટ્રાન્સમિટરથી હોઠ જો અરધો ઇંચ દૂર જાય તો અવાજની અસર વીસ માઈલ ઓછી પહોંચે છે.

〰

મધની પાછળ ઘેલાં બનતાં રીંછ ઘણી વાર તારનાં દોરડાંના અવાજને મધમાખોનો અવાજ ધારી લે છે અને મધપુડાને શોધવા જતાં અમેરિકામાં તારના થાંભલાને ઘણું નુકસાન કરે છે.

〰

૨૨મી જુન: એ આખા વર્ષના લાંબામાં લાંબો દિવસ આવે છે. ધ્યાન રાખજો.

〰

જાપાનમાં ૬૦ ફુટ ઉંચું એક વિચિત્ર ઝાડ છે: તેને મથાળેથી, સૂર્યાસ્ત પછી ધુમાડાના ગોટા નીકળતા જણાય છે; આથી તેને બીડી પીનારૂં ઝાડ કહે છે!

〰

હરિ: એ બોરમાંથી થોડાં મને આપ?

રામુ: મારી પાસે બહુ જ થોડાં છે.

હરિ: તો તેમાંથી 'થોડાં' મને આપી દે: પછી તારી પાસે 'બહુ જ' રહેશે.



આ ઝાડમાં આ કુમારનો ઘોડો ખોવાઈ ગયો છે. શોધી શકશો ?